
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
મે : ૨૦૧૯ • અંક : ૧૧
પાના નં. : ૧ • (કુલ પેજ : ૫૬)

૧૫ મે, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૫-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

**Specialist for**
**Dining Table**
**Sofa Set**
**Bedroom Set**

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II,
Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat,
3, Industrial Estate, Kuha - Kanbha Road,
Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

---

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (ધાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (ધાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

---

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને**
**તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....**

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

---

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

**Registered Office**
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

---

**iolite**

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

---

**INDOTEX**
**PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

---

જીવદયા　કરૂણા　અહિંસા　લુણી　પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ　એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ ● ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---

**INSTA-POWER**
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



**OTHER PRODUCTS**
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA


WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

| Corp. & Regd. Office | Works 1 (Anjar - Kutch) | Works 2 |
|---|---|---|
| Vadodara. Mo. : 9825374323 | Mo. : 9925203489 | (Waghodia - Vadodara) |


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL 88 66 71 44 99 | 88 66 38 44 99

# હેલ્થ તેમજ કુકિંગ ટિપ્સ સાથે...




આહાર હંમેશાંથી જ એક મહત્ત્વપૂર્ણ પરંતુ જટિલ વિષય રહ્યો છે. આજના યુગમાં તો આહાર સંબંધિત સાચી જાણકારીનું મહત્ત્વ વધી જાય છે, કેમ કે આપણી આસપાસ ખોરાક સંબંધિત ઘણા બધા વિકલ્પો આપણને મળી રહે છે. પિઝા, બર્ગર, વિવિધ પ્રકારના ચાટ, નુડલ્સ, કેક, પેસ્ટ્રી, દાબેલી, વડાપાઉં વગેરે જેવી નાની દુકાનોથી લઈને અત્યાધુનિક દુકાનો આપણને આકર્ષિત કરે છે. વાનગીઓ બનાવવા માટે સમયનો અભાવ આપણને વધુ લાચાર બનાવી બહાર જમવા પ્રેરે છે. આપણને એ પણ ખબર છે કે ખોટો ખોરાક ખાવાથી આપણને કેવી આડ-અસર થઈ શકે છે જેમ કે, અસ્વસ્થ ત્વચા, અસ્વસ્થ વાળ, આંખોની નીચે કાળા ઘેરા, હૃદયને લગતા રોગ, ડાયાબિટીસ, મેદસ્વિતા વગેરે. દરેક વ્યક્તિને પ્રશ્ન થાય છે કે કેવો ખોરાક લેવો અને કેવો નહીં ? ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ પૌષ્ટિક ખોરાક કઈ રીતે મેળવવો એ એક જ્વલંત પ્રશ્ન છે.

આ પુસ્તકમાં મુખ્યત્વે દરેક ઉંમરની વ્યક્તિઓની આવશ્યકતા પ્રમાણે સરળ અને સહજતાથી પૌષ્ટિક ભોજનની પૂર્તિ કઈ રીતે મેળવી શકાય તે વિશે જાણકારી અને ઉપાય આપવામાં આવ્યા છે. બજારમાં ઉપલબ્ધ સેંકડો વિકલ્પોમાંથી કઈ રીતે શ્રેષ્ઠ આહાર પસંદ કરવો, ઑફિસમાં વધુ સમયમાં કેવી રીતે સ્વસ્થતાનો ખ્યાલ રાખવો? અનેક હેલ્થ તેમજ કુકિંગ ટિપ્સ સાથે આહાર-વિજ્ઞાન જેવા જટિલ વિષયને સહજતાથી તેમજ સરળ તેમજ પ્રાયોગિક રીતે સમજવા માટે ખૂબ જ ઉપયોગી પુસ્તક છે – શું, ક્યારે, કેવી રીતે ખાવું.

**"આહાર સંબંધિત દરેક જટિલ પ્રશ્નનો ઉત્તર આપતી–"**
**પ્રેક્ટિકલ ફૂડ ગાઇડ – શું, ક્યારે, કેવી રીતે ખાવું.**

NAVNEET

વર્ષ-૩૨ ● અંક - ૧૧
૧૫ મે, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
દિનેશ આર. મહેતા
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
ભોલાભાઈ ગોલીબાર
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
શ્રી ભરત ઓઝા - સભ્ય
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
શ્રી સુનીલ દાવડા - સભ્ય
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- ભારતના દવા ઉદ્યોગમાં બેફામ નફાખોરી ....... **અશોક મહેતા**....૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શુભ ચિંતક ઝવેરબેન રણજીતભાઈ થોભરાણી (રંગવાલા)નું દુઃખદ નિધન : પુષ્પાંજલિ ....... ૧૧

**કચ્છ**
- વાગડે ૯૦ દિ'માં મબલખ જીરું પકવ્યું ....... **નવીન જોષી**....૧૩

**શિક્ષણ**
- ધોરણ-૧૦ અથવા ૧૨ બાદ મનગમતા કોર્સમાં પ્રવેશ ન મળે તો ચિંતા કરવાની જરૂર નથી પરંતુ યોગ્ય માર્ગદર્શન લેવું જરૂરી ....... **ડૉ. મિહિર એમ. વોરા**....૧૫

**જાગૃતિ**
- જાહેર સંસ્થાઓના જાહેર હિસાબોનું શું? ....... **ભીમજી નાકરાણી**....૧૭
  **તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'**

**સંસાધન**
- જિંદગી ક્યારેય સરળ નથી બનવાની – તમારે જ મજબૂત બનવાનું છે ...... **ભોલાભાઈ ગોલીબાર**....૧૮

**યોજના**
- ફાઈનાન્સિયલ પ્લાનિંગ ....... **નીલેશ કોટક**....૧૯

**વડીલ વંદના**
- વૃધ્ધાવસ્થાનો જીવન મંત્ર – "સદા પ્રસન્ન રહો" ....... **રમીલા પી. મહેતા**....૨૧

**આધારસ્થંભોની અભિવંદના**
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : મણકો-૩ શ્રી મનસુખભાઈ વસરામભાઈ રૂડાણી / પટેલ ....... **અશોક મહેતા**....૨૩

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૦) ....... **તુલસી કંસારા**.....૨૯

**કિસ્મત**
- સત્ય ઘટના - વ્યથાની કથા ....... **પારુલ આર. પટેલ**....૩૦

**લઘુકથા**
- જાગૃતિ ....... **ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ**....૩૩

**ગુજરાતી કથાગીતો – ૬**
- સહદેવની મનોવ્યથાને રજૂ કરતું ખંડકાવ્ય : 'અતિજ્ઞાન' ....... **સંકલન : જીના વીરેન શેઠ**....૩૪

**આધ્યાત્મિક**
- પીડિતોની પીડા ટાળતા સંત : પૂ. ધ્યાની સ્વામીજી ....... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૩૮

**વિવિધતા**
- શબ્દ શોધ : ક્રમાંક - ૮૩ ....... **પ્રદીપ જોષી - આદિપુર**....૩૯
- ચાલને જિંદગી જીવી લઈએ... જિંદગીને માણી લઈએ. ....... **ભાવના એ. ઝવેરી**....૪૦
- પ્રતિભાવ ....... ૪૨
- અન્ય સંસ્થાઓના સમાચાર ....... ૪૨

**મેઘ ધનુષ**
- બેઠો છું.... હાઈકુ : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ★ કચ્છી કાવ્ય : હાણે વરસી પો : **વિપુલ બી. જોશી** ....... ૪૩
- કુછ બાતેં પાની કી : **રમીલા પ્રમોદ મહેતા** ★ ચૈતર વૈશાખના વાયરા : **મહાભાઈ આર. વોરા** ....... ૪૩

## વિભાગ-૨

- સમાજ સમાચાર ....... ૪૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ....... ૪૯
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન ૨૦૧૮-૧૯ : ભરવાનું ફોર્મ ....... ૫૧

# જીવનને વિચાર-સમૃદ્ધ કરનારાં વૈવિધ્યપૂર્ણ પુસ્તકો

## ૨૦૧૮-૧૯નું પુનર્મુદ્રિત

## બાળ-કિશોર સાહિત્ય

■ **હાન્સ ઍન્ડરસન પરીકથાવલિ (પુ. 5)** (મોજભરી કિશોરકથાઓ), લે. રમણલાલ સોની, રૂ. 325

■ **ગિજુભાઈની બાળવાર્તા (પુ. 5)** (પ્રેરક બાળકથાઓ), લે. ગિજુભાઈ બધેકા, રૂ. 400

■ **બાળનાટ્યગ્રંથાવલિ (પુ. 5)** (ભજવી શકાય તેવાં બાળનાટકો), લે. રમણલાલ સોની, રૂ. 325

■ **વિક્રમ અને વૈતાલ (પુ. 5)** (રોમાંચક અને પ્રેરક બાળવાર્તાઓ), લે. રમણલાલ સોની, રૂ. 250

■ **બાળજોડકણાં ગ્રંથાવલિ (પુ. 5)** (ગાઈ શકાય તેવાં પ્રેરક જોડકણાં), લે. રમણલાલ સોની, રૂ. 325

■ **દેશદેશની વીરકથાઓ (પુ. 5)** (વિવિધ દેશોની વીરકથાઓ), લે. રમણલાલ ના. શાહ, રૂ. 250

■ **બાલકાવ્ય ગ્રંથાવલિ (પુ. 5)** (જ્ઞાન-ગમ્મતથી રસ-છલોછલ બાળકાવ્યો), લે. રમણલાલ સોની, રૂ. 350

■ **બીરબલ એટલે બીરબલ (પુ. 5)** (ચતુરાઈભરી બાળવાર્તાઓ), લે. મધુસૂદન પારેખ, રૂ. 200

■ **છેલભાઈ શૌર્યકથામાળા (પુ. 5)** (છેલભાઈના વીરરસની કિશોરકથાઓ), લે. દોલત ભટ્ટ, રૂ. 300

■ **ગુજરાત ઇતિહાસ કથામાળા (પુ. 12)** (અમર ઐતિહાસિક વિભૂતિઓનાં જીવનચરિત્રો), લે. કનૈયાલાલ જોશી, રૂ. 480

■ **અંડેરી-ગંડેરી (પુ. 5)** (પુરસ્કૃત બાળવાર્તાઓ) લે. રતિલાલ સાં. નાયક, રૂ. 350

■ **ડ્રાઉં... ડ્રાઉં... દાબેલી પાઉં !** (બાળવાર્તાઓ), લે. ગિરા પિનાકીન ભટ્ટ, રૂ. 80

■ **હાક્છી... ધાક્છી ને મજા... મજા...** (બાળવાર્તાઓ), લે. ગિરા પિનાકીન ભટ્ટ, રૂ. 90

■ **દાદાનો ડંગોરો** (મોજભર્યાં બાળકાવ્યો-જોડકણાં), લે. ભાવેશ પંડ્યા, રૂ. 75

**કુમારપાળ દેસાઈ લિખિત**

**પરમનો સ્પર્શ** 250

કેટલીક આધ્યાત્મિક પ્રતિભાઓના જીવંત સંપર્કને પરિણામે આત્મસાત કરેલા અનુભવો અને ચિંતનનો અનેરો સંગમ આ પુસ્તકમાં છે. જીવનપ્રેરક વાતો ઉપરાંત ચેતનાના ઊર્ધ્વારોહણ માટેની ભરપૂર સામગ્રી આ પુસ્તકમાંથી મળે છે.

**સ્વામી સચ્ચિદાનંદ લિખિત**

**ખોટા ઉપદેશોનાં ખોટા પરિણામ** 70

અધ્યાત્મના નામે ગુમરાહ કરનારા ઉપદેશો સામે ચેતવણી આપતું તાજું-માર્મિક ચિંતન

**દર્શના ધોળકિયા લિખિત**

**શ્વાસમાં વાગે શંખ** 225

ધર્મની વિવિધ વિભાવનાઓની સંગત કરાવતું જ્ઞાન અને અધ્યાત્મના સંગમ જેવું પુસ્તક

**મૃદુલા મારફતિયા લિખિત**

**છાંદોગ્ય ઉપનિષદ** 350

હિન્દુધર્મનો જ્ઞાનખજાનો એટલે ઉપનિષદ. એ ખજાનાની ચાવી આપતું અનોખું પુસ્તક

**જીના વીરેન્દ્ર શેઠ સંપાદિત**

**ગુજરાતી કથાગીતો** 130

ગુજરાતી-હિન્દી ભાષાનાં જાણીતાં અને લોકપ્રિય કથાકાવ્યો

**પ્રતાપ ત્રિવેદી લિખિત**

**ગાંધીજીની ગરિમા** 80

આ પુસ્તિકામાં ગાંધીજીના અઢાર પાવન પ્રસંગોનું સંવાદીકરણ (નાટ્ય-રૂપાંતર) છે.

**ડૉ. આશિષ ચોક્સી લિખિત**

**જીવન અને પોઝિટિવિટી** 60

નકારાત્મક ચિંતન જીવનને ડહોળી નાખે છે, હકારાત્મક ચિંતન જીવનની ગમે તેવી ગંભીર સમસ્યાનું પણ સમાધાન આપે છે. વિવિધ ઉદાહરણો સહિત વ્યક્તિત્વ-વિકાસનું માર્ગદર્શન આપતું આ પુસ્તક છે.

**ગોવિંદ શાહ લિખિત**

**20 પ્રેરણાત્મક પ્રસંગો** 60

જીવનને સાચી દિશા બતાવે અને મૂંઝવણના તિમિરમાં માર્ગદર્શનનાં અજવાળાં બિછાવે તેવા આ જીવનપ્રેરક પ્રસંગો માત્ર વાંચવા જેવા જ નહિ, સમજવા જેવા પણ છે.

**ન ગોપી, ન રાધા**

**લે. રાજેન્દ્ર મોહન ભટનાગર,**

**અનુ. છાયા ત્રિવેદી** **કિંમત : રૂ. 225**

ભક્ત કવયિત્રી મીરાંબાઈના જીવન પર આધારિત મૂળ હિંદીમાં લખાયેલી આ નવલકથા નારીહૃદયની સંવેદનાઓ અને નારીજીવનના સંઘર્ષોની ભાવવિભોર અને ભક્તિવિભોર કરતી કથા છે.

**રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં**

**સંપા. બેલા ઠાકર,** **કિંમત : રૂ. 250**

ગુજરાતી સાહિત્યમાં તદ્દન આગવી પ્રતિભા પ્રગટાવતા આ પુસ્તકમાં જૂની-નવી રંગભૂમિના પચીસથી વધુ અદાકારોએ પોતપોતાના સમયનાં સંભારણાં રજૂ કર્યાં છે. રંગભૂમિનો વિકાસ કેવાકેવા કાળખંડમાંથી અને કેવાકેવા સંઘર્ષોમાંથી પસાર થયો છે, તેની રસપ્રદ વિગતો એમાંથી મળે છે.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

તંત્રીલેખ

# ભારતના દવા ઉદ્યોગમાં બેફામ નફાખોરી



અશોક મહેતા

*ભારતના બ્રાન્ડેડ દવાના ઉદ્યોગમાં હદ બહારની નફાખોરી પ્રજાને પરેશાન કરે છે તો જનરિક દવા ઉદ્યોગમાં ગરબડથી મેળવેલ નફાખોરીથી પ્રજા પરેશાન છે. જનરિક દવાના ઉદ્યોગમાં છળકપટથી મેળવાયેલ નફાએ માઝા મૂકી છે અને તેનો ભોગ સામાન્ય જનતાએ બનવું પડે છે. આ નફાખોરીનો લાભ દવા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો તો લે છે પરંતુ તેની સાથે સાથે સરકારશ્રીના લાગતા-વળગતા વિભાગોના અધિકારીશ્રીઓ તથા તે વિભાગ સંભાળતા મંત્રીશ્રીઓ પણ નહીં લેતા હોય તેવું માનવાને કોઈ કારણ નથી. રિટેઈલ દવાની દુકાન ધરાવતા માલિકો સાથે જ્યારે મોકળા મનથી ચર્ચા કરવામાં આવે ત્યારે તેઓ પોતાનું તારણ રજૂ કરતા જણાવે છે કે આ દેખીતા ભ્રષ્ટાચારને હાલે તો દબાવી શકાય તેવી કોઈ શક્યતા દેખાતી જ નથી કેમકે તે સર્વવ્યાપી બની ગયેલ છે.*

*વિવિધ રોગોની બ્રાન્ડેડ દવા પર તેના MRP ભાવ છાપવામાં આવે છે. જે કંપની નવી નવી દવાના રિસર્ચ માટે થોડા-ઝાઝા પ્રયાસ કરતી હોય, તેની બનાવેલ દવાનો પ્રચાર કરતી હોય, તેના રિપ્રેઝન્ટેટિવ વિવિધ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર પાસે જઈને પોતાની દવાની ગુણવત્તા સમજાવતા હોય, તેવી દવા પાછળ થોડો વધુ ખર્ચ આવે તે સ્વાભાવિક છે અને આ પ્રકારની નક્કી કરેલ બ્રાન્ડેડ દવા પર ધારાધોરણ મુજબ MRP ભાવ લેવાની જે તે સરકારી વિભાગ તરફથી પરમિશન આપવામાં આવે છે. પરંતુ આ પ્રકારના ધારાધોરણમાં ૩૦૦થી ૮૦૦ ટકા સુધીનો નફો લેવાની જે પરમિશન આપવામાં આવે છે તે નૈતિકતાના ત્રાજવાથી અનેક જોજનો દૂર છે અને તેના પરિણામ સ્વરૂપ મોંઘા ભાવની પીડા તો પ્રજાએ જ ભોગવવાની આવે છે.*

*બ્રાન્ડેડ દવાના કેમિકલ કંપોઝિશન જેવા જ અથવા તો એ જ કેમિકલ કંપોઝિશનવાળી દવા અન્ય કોઈ વિખ્યાત કંપની બનાવે તો તેને કોઈ જ પ્રકારનો અન્ય ખર્ચ લાગતો નથી, સિવાય કે તેના માલસામાન સાથેની મેન્યુફેક્ચરિંગ કિંમત. તે ઓછા ખર્ચમાં એટલે બને છે કે તેને રિસર્ચ કે માર્કેટિંગ પાછળ કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી. તેને જનરિક પ્રકારની દવા કહેવામાં આવે છે અને ભારત સરકારની "નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી" તરફથી તેમને પણ બ્રાન્ડેડ દવા ટાઈપના જ MRP ભાવ છાપવાની પરમિશન આપવામાં આવે છે. આ પ્રકારની દવાના મેકિંગ પર "જનરિક" નામ છપાયેલ ન હોવાથી અને દવાના અંગ્રેજીમાં અટપટા નામથી સામાન્ય જનતાને કઈ બ્રાન્ડેડ દવા અને કઈ જનરિક દવા તેની જાણકારી ન હોવાથી તે જનરિક દવાના પણ બ્રાન્ડેડ દવા જેવા જ MRP ભાવ ચૂકવે છે. જ્યારે હકીકતમાં તે ૨૦ ટકાથી ૮૦ ટકા સુધી ઓછા ભાવે મળી શકે તેવી શક્યતા હોય છે અને એ ભાવમાં પણ દવા કંપનીને સારો એવો નફો રહે છે. જે લોકો આ જનરિક દવાના જાણકાર છે તેઓ આ દવા ઓછી કિંમતે મેળવી શકે છે. પરંતુ ભારતની મોટાભાગની જનતા ગામડામાં રહેતી હોવાથી અને તેને આ બાબતે કશી જાણકારી ન હોવાથી તે છેતરાય છે કે જેની સામે સરકારે આજ દિવસ સુધી કોઈપણ પગલા લીધા નથી અને તેથી ઈરાદાપૂર્વક આ વ્યવહારમાં અનેક છિદ્રો રાખવામાં આવે છે. ખરેખર તો જનરિક દવાના સ્ટોર્સ ખોલવા ઉપરાંત જનરિક દવાના પેકિંગ પર "જનરિક" છપાયેલું હોવું જોઈએ અને તેના MRP ભાવ જે-તે દવાના પેકિંગ પર ૨૦ ટકાથી ૮૦ ટકા સુધી ઓછા છપાયેલા હોવા જોઈએ કે જેથી સામાન્ય જનતા આ છળકપટથી બચી શકે.*

*આ સાથેના ચાર્ટમાં બ્રાન્ડેડ દવા તથા જનરિક દવાના MRP ભાવની સરખામણી કરેલ છે અને સાથે સાથે જનરિક*

***એવી કઈ જગ્યા છે કે જ્યાં ભીડ જોવા જ ન મળે? શ્રેષ્ઠ બની એ જગ્યાએ પહોંચો કે જ્યાં એકલદોકલ વ્યક્તિ જ મળે.***

*દવા સામાન્ય જનતાને ખરેખર શું ભાવે મળી શકે અથવા હાલે પણ મળે છે તેની વિગત પણ આપવામાં આવેલ છે. જેના પરથી સ્પષ્ટપણે ખ્યાલ આવી શકશે કે જનતાને કઈ રીતે આ ઉદ્યોગ દ્વારા છેતરવામાં આવી રહેલ છે.*

*વિશેષમાં એ નોંધ લેવી પણ જરૂરી છે કે જ્યારે બ્રાન્ડેડ દવાના ભાવથી જનરિક દવા ૮૦ ટકા ઓછા ભાવથી મળી શકતી હોય તો બ્રાન્ડેડ દવા બનાવતી કંપનીને રીસર્ચ કે માર્કેટિંગનો ખર્ચ ૮૦ ટકા જેટલો વધુ આવતો હોતો નથી. અને તેથી એવું કહી શકાય કે બ્રાન્ડેડ દવાના ભાવ પણ બેફામ લેવાની પરમિશન આપવામાં આવેલ હોય છે. સરવાળે તો પ્રજાને જ લૂંટાવાનું આવે છે.*

*સત્ય હકીકત એ પણ સામે આવે છે કે આ દેશની ભ્રષ્ટાચાર, લાંચ રુશવત અને બેફામ નફાખોરીની પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે જે વ્યવસાય દ્વારા જનતાની ઉમદા સેવા થઈ શકે, એ વ્યવસાયના કેટલાક ડૉક્ટરો પણ આ ગરબડમાં સામેલ થયેલ છે.*

*આજે કોઈ વિદ્યાર્થી M.B.B.S.ના પ્રથમ વર્ષમાં દાખલ થાય તો અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ચાલતી મેડિકલ કૉલેજની ફી ૧ વર્ષના રૂા. ૬,૦૦૦/- છે. એ જ ફી સોલાની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ચાલતી કૉલેજ (ટ્રસ્ટની અથવા તો અર્ધ સરકારી)માં વાર્ષિક રૂા. ૩,૦૦,૦૦૦/-ની છે. વી.એસ. હોસ્પિટલ તથા એલ.જી. હોસ્પિટલ સાથે સંકળાયેલ કૉલેજમાં વાર્ષિક ફી રૂા. ૭,૫૦,૦૦૦/- ની છે જ્યારે પ્રમુખ સ્વામી મેડિકલ કૉલેજ જેવી પ્રાઈવેટ કૉલેજમાં તેની વાર્ષિક ફી રૂા. ૧૦,૫૦,૦૦૦/- લેવામાં આવે છે. ચાર વર્ષે અહીંથી M.B.B.S. થવા જે તે વિદ્યાર્થી રૂા. ૩૦થી રૂા. ૪૦ લાખનો ખર્ચ કરે છે અને ત્યારબાદ M.D. થવા બીજા રૂપિયા ૧ કરોડ જેટલો ખર્ચ કરે છે. એ વિદ્યાર્થી જ્યારે વ્યવહારિક જિંદગીમાં પ્રવેશે ત્યારે આ ખર્ચ વસુલવા તે અન્ય ઉપાયો આદરે છે કે જેમાં તે ઉપરોક્ત દવા ઉદ્યોગને પણ સહકાર આપે છે.*

*આ રીતે અનેક અનિષ્ટો દવા ઉદ્યોગને ફોતરી ખાય છે કે જેનો ભોગ ભારતની સામાન્ય જનતા બને છે.*

*દરેક સેવાભાવી વ્યક્તિ અથવા તો સંસ્થાએ આ સામે પોતાનો સૂર ઊભો કરવો જોઈએ કે જે આજની તાતી જરૂરિયાત છે.*

*આ સાથે આપણે એ હકીકતની પણ નોંધ લઈએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જેવી સંસ્થાએ આ હકીકતની સામે હકારાત્મક અભિગમ દાખવી જાતે પોતાનું મેડિકલ સેન્ટર ઊભું કરેલ છે કે જ્યાં તપાસણી તથા પરીક્ષણના આમ જનતાને પરવડે તેવા મામૂલી દર રાખી તેની O.P.D.ની સંખ્યા દરરોજની ૪૦૦ જેટલી પહોંચાડેલ છે અને તેણે જાતે જનરિક દવાનું ખૂબ જ કિફાયતી ભાવે વેચાણ થાય તેવું મેડિકલ સ્ટોર પણ ઊભું કરેલ છે. અહીં તેને સેવાભાવી ડૉક્ટરોનો પણ ઉત્તમ સાથ-સહકાર મળી રહ્યો છે.*

*સરકાર તરફથી યોગ્ય પગલા લેવામાં આવે તેની રાહ જોયા વગર અન્ય ખમતીધર સેવાભાવી સંસ્થાઓએ તથા સમાજોએ આ દાખલાનું અનુકરણ કરવું જોઈએ.*

## બ્રાન્ડેડ દવા અને જનરિક દવાની સરખામણીનો કોઠો

| ક્રમ | બીમારીનો પ્રકાર | બ્રાન્ડેડ દવાનું નામ | બ્રાન્ડેડ દવાની કંપનીનું નામ | પેકિંગ | M.R.P. | બ્રાન્ડેડ જનરિક દવાનું નામ | જનરિક દવાની કંપનીનું નામ | પેકિંગ | M.R.P. | વેચાણ ભાવ | બ્રાન્ડેડ દવા કરતા કેટલા ટકા ઓછા ભાવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | એન્ટિબાયોટિક દવા – ઈન્ફેક્શન સામે | ઓગમેન્ટિન-૬૨૫ | ગ્લેક્સો | ૧૦ | ૧૮૮.૮૩ | એમોસિટિલિન + ક્લેવુલેનિક ટેબ્લેટ | એબટ | ૧૦ | ૧૮૮.૭૫ | ૧૦૦.00 | ૪૭% |

*સુદર્શન ચક્રને બદલે હાથમાં વાંસળી ઉઠાવી લો તો કુરુક્ષેત્ર જેવી જિંદગી, વૃંદાવન જેવી બનાવી શકાય.*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨. | એન્ટિબાયોટિક દવા – ઈન્ફેક્શન સામે | એઝીયાલ - ૫૦૦ mg | સીપ્લા | ૩ | ૬૭.૧૭ | એઝિવિસ્ટા | કેડિલા | ૩ | ૬૭.૧૭ | ૪૦.૦૦ | ૪૦% |
| ૩. | દુખાવા / સોજા સામેની પેઈન કિલર દવા | ડાયનાટાર | ટ્રોઈકા | ૧૦ | ૫૩.૪૬ | કડકાડાઈજેસીક | કેડિલા | ૧૦ | ૫૫.૦૦ | ૨૨.૦૦ | ૫૯% |
| ૪. | લોહી પાતળું કરવા માટે | એટોર્વા-૧૦ mg | કેડિલા | ૧૦ | ૫૭.૬૮ | એટારબેસ્ટ-૧૦ mg | કેડિલા | ૧૦ | ૫૭.૬૮ | ૨૦.૦૦ | ૬૫% |
| ૫. | ફંગલ ઈન્ફેક્શન માટે | આઈવીન-૧૦૦ mg | સન ફાર્મા | ૧ | ૧૪.૦૦ | ઈટાકોર - ૧૦૦ mg | કોરોના | ૧ | ૧૬.૦૦ | ૫.૦૦ | ૬૪% |
| ૬. | હાડકા નબળા પડ્યા હોય તે માટે | શેલકાલ | ટોરેન્ટ | ૧૫ | ૯૦.૦૦ | કેલ્સીજેન | કેડિલા | ૧૫ | ૧૦૧.૯૫ | ૪૦.૦૦ | ૫૬% |
| ૭. | ડાયાબિટીસ | ઝુવુગ ટ્રાયો-૨ | ઝુવેન્ટ્સ | ૧૦ | ૧૦૬.૮૦ | ગ્લિન્ડિપ્નુસર | હેલીઓસ | ૧૦ | ૧૦૪.૫૦ | ૩૫.૦૦ | ૬૭% |
| ૮. | બ્લડપ્રેશર | એલ્મિસ્ટાર-૨૦ mg | મેકલોડસ | ૧૫ | ૧૪૨.૦૦ | ઓલ્મો-૨૦ mg | નોલ | ૧૦ | ૮૩.૦૦ | ૨૭.૦૦ | ૭૧% |

★

## "કચ્છમિત્ર"ની પહેલને આવકાર

*વર્ષો જૂનું અને કચ્છના અખબારોમાં સૌથી વધારે ફેલાવો ધરાવતું દૈનિક અખબાર "કચ્છમિત્ર"એ તાજેતરમાં જ એક ખૂબ જ ઉમદા પહેલ કરેલ છે અને તે ગુજરાત રાજ્યના રાજકીય - આર્થિક પાટનગર ગાંધીનગર - અમદાવાદમાં દરરોજનું 'કચ્છમિત્ર' દરરોજ સવારમાં ૭ વાગ્યા અગાઉ પ્રાપ્ત થઈ જાય તેવી વ્યવસ્થા ગત તા. ૨૨-૪-૨૦૧૯થી અમલમાં મૂકી દીધેલ છે. આ પ્રયોજન પાછળનો હેતુ કચ્છ બહાર વસવાટ કરતા કચ્છી પરિવારો પોતાના માદરે વતન કચ્છના દરરોજના સમાચાર દરરોજ મેળવી શકે તે રહેવા પામેલ છે.*

*અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં સ્થાયી થયેલ ૫,૦૦૦થી પણ વધુ કચ્છી પરિવારોને કચ્છ સાથેનો રોજબરોજનો નાતો રહેલ છે અને તેઓ પોતાના માદરે વતનના દરરોજના સમાચાર દરરોજ વાંચી, એક પ્રકારનો આનંદ મેળવી રહ્યા છે. પોતે કચ્છથી દૂર હોવા છતાં જાતે કચ્છથી જોડાયેલા છે તેવી લાગણી પણ તેથી અનુભવી શકે છે.*

*અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં સ્થાયી થયેલ કચ્છી પરિવારો 'કચ્છમિત્ર'ની આ પહેલને આવકારે છે અને આ વ્યવસ્થાને તેઓ કાયમી સ્વરૂપ આપે તેવી અભિલાષા વ્યક્ત કરે છે.*

*અમદાવાદમાં જ્ઞાતિગત અનેક કચ્છી સંગઠનો વર્ષોથી સેવાભાવનાથી કાર્યરત રહેવા પામેલ છે અને તેથી પોતાના રોજબરોજના સમાચાર 'કચ્છમિત્ર'થી કચ્છના ગામડેગામ પહોંચાડવા 'કચ્છમિત્ર'ની આ પહેલથી શક્તિમાન થયા છે.*

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને તેનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' 'કચ્છમિત્ર' અને તેની માતૃસંસ્થા સૌરાષ્ટ્ર ટ્રસ્ટને આ પ્રસંગે અભિનંદન પાઠવી તેમની પહેલને આવકારે છે અને સમયોચિત સહકાર આપવાની ભાવના પણ વ્યક્ત કરે છે.*

*અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને અપીલ કરવામાં આવે છે કે દરેક પરિવાર અન્ય મુખપત્રની સાથે સાથે 'કચ્છમિત્ર' પણ પોતાને ઘેર મંગાવવાની શક્ય ત્વરાએ વ્યવસ્થા ગોઠવે કે જેથી 'કચ્છમિત્ર'ની પહેલને આપણે યોગ્ય પ્રતિસાદ આપી શકીએ.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

***તમામ સદ્‌ગુણોનું ઉત્પત્તિ સ્થાન હૃદય છે.***


नींबू सा नटखट
MICHI'S
Candies & Toffees
क्लासी भी
ज्युसी भी
Nimbupani Candy
MICHI'S
Slicy™
Maha Masti
₹1/- PER PIECE
आरेन्ज सा मस्त-मस्त
MICHI'S
Slicy™
Maha Masti
Orange Masala Candy
₹1/- PER PIECE
CONTAINS NO FRUIT JUICE • SUGAR BOILED CONFECTIONERY
नींबूपानी केन्डी
आरेन्ज मसाला केन्डी
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શુભચિંતક ઝવેરબેન રણજીતભાઈ થોભરાણી (રંગવાલા)નું દુઃખદ નિધન થયું

## ॥ પુષ્પાંજલિ ॥



અદૃશ્ય શક્તિ સિવાય કોઈ જાણતું નથી કે કઈ વ્યક્તિનો સમય ક્યારે પૂરો થશે અને ક્યારે આ જગતમાંથી વિદાય લેશે. તે નિયમ અન્વયે તા. ૧૦-૦૪-૨૦૧૯ના રોજ અમદાવાદમાં **ઝવેરબેન રણજીતભાઈ થોભરાણી (રંગવાલા)**નો દેહવિલય થયો. તેમના અચાનક નિધનથી સમગ્ર કચ્છી સમાજમાં દુઃખની લાગણી પ્રસરી ગઈ હતી. તેમના ચાલ્યા જવાથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદને એક મોટી ખોટ પડી છે. તેઓશ્રી સમાજના ખાસ હિતેચ્છુ હતા. શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના તો તેઓ એક આધારસ્તંભ સમાન હતા. ઘણા લાંબા સમયથી સ્વ. ઝવેરબેન સ્થાનિકે કેટલીક સામાજિક સંસ્થાઓ અને મંડળો સાથે સંકળાયેલા હતા. સમાજને વિવિધ સામાજિક કાર્યો કરવા માટે તેઓશ્રી હંમેશાં પ્રેરણાદાયી નેતૃત્વ પૂરું પાડતા હતા.

માનવ જીવન તો ક્ષણભંગુર છે. એ ક્યાં, ક્યારે અને કઈ પળે અનંતમાં વિલિન થઈ જશે એ નિશ્ચિત હોતું નથી. પણ... કેટલીક વિરલ વ્યક્તિ આ સૃષ્ટિમાં એવી હોય છે કે જે તક ઝડપીને તકદીર બનાવનાર વિરલાઓની જેમ પોતાના જીવનને સાર્થક કરે છે. જેનાથી એમની યશોગાથા આપોઆપ રચાતી હોય છે. સ્વ. ઝવેરબેન તે પૈકીના એક હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જ્ઞાતિ, સમાજ અને કચ્છી પરિવારજનોના ઉત્કર્ષ માટે સ્વ. ઝવેરબેન તથા તેમનો પરિવાર તન-મન-ધનથી કોઈપણ સામાજિક કામગીરી કરવા હંમેશાં તત્પર રહેલ છે. તે મુજબ તેમના આર્થિક સહયોગથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સરસ્વતી સન્માન યોજના હેઠળ 'કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક' ઝવેરબેન રંગવાલાના નામથી દસ વર્ષની મુદતના ધોરણે હાલે અમલમાં છે. તેમના પુત્ર શ્રી હરીશભાઈ રંગવાલા આ સમાજના લાંબા સમયથી ટ્રસ્ટીપદે સેવા આપી રહ્યા છે.

૧૯૬૦ના દાયકામાં ભુજ શહેરમાં સામાજિક પ્રવૃત્તિઓ ક્ષેત્રે મહિલાઓનો ફાળો નહિવત હતો ત્યારે ભુજમાં તરુણ મિત્ર મંડળ અને અન્ય સામાજિક સંસ્થાઓ સાથે રહીને તથા વર્ષ ૧૯૬૩-૬૬ દરમિયાન ભુજ મ્યુનિસિપાલિટીમાં એકમાત્ર મહિલા ડેપ્યુટી મેયર પદે ફરજ બજાવીને તેમણે ખૂબ સુંદર સામાજિક કાર્યો કર્યા હતા.

પ્રભુ એમના અંતરાત્માને સુખ અને શાંતિ આપે તથા તેમના પરિવારજનોને આ કારણે આવી પડેલા અચાનક દુઃખને સહન કરવાની શક્તિ બક્ષે તેવી પ્રાર્થના.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો. સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

## ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

કચ્છ

## દુષ્કાળના કપરા સમયમાંય નર્મદાનાં નીરે સર્જ્યો ચમત્કાર

# વાગડે ૯૦ દિ'માં મબલખ જીરું પકવ્યું

• નવીન જોષી •

*વાગડ વિસ્તારના રાપર તાલુકાના ૩૨ ગામોમાં નર્મદાના પાણી પહોંચ્યા, તો માત્ર ૯૦ દિવસના શિયાળુ પાકમાં આ ગામોએ રૂા. ૧૫૦૦થી રૂા. ૨૦૦૦ કરોડ કિંમતની ખેતી ઉપજાવી. હવે વિચાર કરો કે આ પાણી માંડવી તાલુકાના મોડકુબા સુધી પહોંચે તો તેના લાભાન્વિત ૧૮૦ ગામની ઉપજ કઈ પરિસ્થિતિએ પહોંચે? અને તેમાં પણ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છના ખેડૂતોને મળે તો તેની આવક ક્યાં જઈને ઊભી રહે!*

*આ લેખ સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે કચ્છનો નાગરિક જેટલો જલ્દી જાગૃત થઈ નર્મદા નદીના પાણી માટે પોતાના હક્કો પ્રસ્થાપિત નહીં કરે ત્યાં સુધી આ સિધ્ધિ દૂરની દૂર જ રહેવાની. તાજેતરના આ દૃષ્ટાંત પરથી કચ્છના ખેડૂતોએ અને કચ્છની જનતાએ જાગૃત થવાની જરૂરત છે અને તે માભોમ કચ્છના હિતમાં જ છે.*

*– તંત્રી મંડળ*

દુકાળને સ્પર્શે છે ત્યાં સુધી ડૅમ, તળાવ સૂકાભઠ્ઠ થઈ ગયા હોય, સૂર્ય પ્રકાશથી કાંપવાળી ધરતી પણ ફાટી પડી હોય અને ચોસલા ચોસલામાં તરડાતી જતી હોય, એક લીલું તણખલું પણ ક્યાંયે નજરે ન ચડે, માહોલ શુષ્ક અને જીવતરમાં ફિક્કાશ હોય, નિરાશા વ્યાપી ગયેલી હોય, આક્રમકતા વધી ગઈ હોય, મનુષ્ય હોય કે ચોપગું પ્રાણી હોય તેની ભૂખ, તરસ પણ સામાન્ય કરતાં વધુ વ્યાપક બની હોય – આવું વર્ણન કચ્છમાં કોઈની પાસે કરવું ન જોઈએ કારણકે કાળમુખાના વારંવારના આગમન થકી આવાં દૃશ્યો જોઈ જોઈને અનેક કચ્છીજનો વાત શરૂ કરતાં 'ભૂત રડે ભેંકાર' એવા શૂન્યાવકાશમાં ડરના માર્યા સરી જાય છે. પણ આજે સર્વત્ર કચ્છમાં દુષ્કાળ પ્રવર્તતો હોવા છતાં એક નાનો ખૂણો એવો છે જ્યાં આવું કશું જ નથી. જે પ્રદેશની વાત કરવી છે તે વાગડના નામે ઓળખાય છે અને ગત શિયાળું સીઝનમાં દુકાળનું ડાચું ફાટેલું હોવા છતાં જીરું, એરંડા, ઇસબગુલ, ઘઉં, રાયડો અને મગ-મઠનો પાક વિપુલ માત્રામાં લઈને આજે વાગડનો નહેરકાંઠાનો ખેડૂત અને રાપર તાલુકાભરનો ખેતમજૂર પોતાની ખેતીની જમીનને આગામી ચોમાસા માટે આશાવાદી બનાવી, સજાવી રહ્યો છે. નહેરના પાણીથી નહેરકાંઠાના ખેડૂતોએ જીરુના પાકમાં કમાલ કરી નાખી છે. એટલું જ નહીં પણ એ મહેનતકશ ખેડૂતો થકી ઠેઠ ભચાઉ, ખડીર, વાવ, થરાદથી આવેલાં મજૂરોનો પણ બેડો પાર થઈ ગયો છે. નર્મદા નહેરના એક જ પટ્ટામાં ૩૨ જ ગામોને મળેલા લાભે કાળમુખા દુકાળને પીછેહઠ કરવા મજબૂર કર્યો છે. **તમે વિચારતા રહી જશો પણ માત્ર ૯૦ દિવસમાં જીરુંના પાકે આ વિસ્તારના ખેડૂતોના ઘર-બેંકમાં ૧૫૦૦થી ૨૦૦૦ કરોડ રૂપિયા ઠાલવી દીધા છે.**

દર દુકાળના વર્ષે રાપર તાલુકામાં ગુનાખોરીનું પ્રમાણ વધી જતું હોય છે. કચ્છના અન્ય કોઈપણ તાલુકા કરતાં પૂર્વમાં આવેલા આ વિસ્તારની તાસીર ગરમ છે. ધારિયું અને બંદૂક એમને એટલા પ્રિય છે કે તેઓ નજીક જ રાખે છે અને નાની અમથી વાતમાં પણ હિંસા પર ઊતરી આવી ઘા કરતાં કે ધડાકો કરતાં અચકાતા નથી. માનસશાસ્ત્રીઓ કહે છે કે જ્યાં કુદરત સાથેનું અનુસંધાન હોય, ભૌતિકતાનો વાયરો ફૂંકાયો ન હોય, નિર્દોષતાનો પવન પૂરેપૂરો ફૂંકાતો હોય ત્યાં સચ્ચાઇ અને વટ વ્યવહારમાં વધી જાય અને તેથી હિંસાત્વક સ્વભાવ પાંગરી જાય. વાગડમાં કંઈક આવું જ થયું છે. કારણકે ઉદ્યોગોનું ક્યાંયે નામોનિશાન નથી. ખેતી સાવ સૂકી અને કુદરત આધારિત છે. માતૃભૂમિની મમતા એવી છે કે સેઢા માટે સગા પણ સાવકા બની જાય છે અને દુકાળકાળમાં તો આવું માનસ પોતાના પરિવાર અને પશુઓની ચિંતામાં વધુ તેજ અને તામસિકતા ધારણ કરી લે છે. પરંતુ આ વખતે આવું કંઈ જ થયું નથી કારણકે દુકાળ છે છતાં ઘાસ, પાણી, રોજી-રોટી પણ છે અને તે આપે છે અલ્પ દિવસોમાં જ વહેલી નર્મદા નહેર.

'કચ્છમિત્ર'ની ટીમે રાપર તાલુકાનો પ્રવાસ કર્યો ત્યારે નજરે જોયેલા દૃશ્યો અને ખેતરોના છેડે મૂછે તાવ દેતા બેઠેલા ખેડૂતો, રાપરમાં રહેતા વેપારીઓ, ખેડૂતહિતની રખેવાળી માટે સર્જાયેલા માર્કેટ યાર્ડના જવાબદારો અને રાજકારણીઓ પાસેથી જાણવા મળ્યું કે નર્મદા નહેર વાટે રાપર તાલુકાના નહેરકાંઠાના મોટા ડૅમ-તળાવો એવી રીતે ભરી દેવાયા છે કે ચાર મહિના પાણીની રાડ રહેવાની નથી. નહેર સૂકીભઠ્ઠ છે પણ જ્યારે એ વહેતી હતી ત્યારે કાંડા-બાવડાના જોરે ખેડૂતોએ પાઈપલાઈન, ડીઝલ એન્જિન, પંપના સહારે ૩૦ કિ.મી. દૂર સુધી પાણી પહોંચાડીને શિયાળુ પાક લીધો છે અને હવે નિરાંત કરીને ચોમાસાની

*જો ઉષ્મા મળે તો માણસ અને બરફ બંને પીગળવા માંડે છે.*

રાહ જોઈ રહ્યા છે.

કચ્છનો પ્રાણપ્રશ્ન આ નર્મદા નહેર જ છે એ વાતની સાબિતી થોડા જ ભૂ-ભાગમાંથી સુવર્ણ અક્ષરે લખાય એ રીતે મળતી હોવાથી ઝીણી ઝીણી વિગતો એકત્ર કરવાનું શરૂ કર્યું તો આંખો પહોળી થઈ ગઈ. નહેર મહુત્રાથી આગળ વધી મોમાયમોરા, માંજુવાસ, ફૂલપરા, ખાંડેક, હમીરપર, ફતેહગઢ થઇને જ્યાં પહોંચે છે એ ગેડી ગામ ખુદ તો પાંડવયુગ સાથે સંકળાયેલું છે પણ જીરુંની ખેતીમાં દુકાળના વર્ષે તેણે એક ઇતિહાસ રચી દીધો છે.

**આ ગેડી ગામના અંદાજે ત્રણેક હજાર ખેડૂતોએ નર્મદાના પાણીથી અછત વર્ષમાં આશરે ૬૦૦ કરોડનું જીરું પકાવ્યું છે.** આ વાત ખુદ ગેડીના જ અગ્રણી નશાભાઈ દૈયા કરે છે. શ્રી દૈયાની વાત ધ્યાનથી વાંચજો. જીરુંના પાકની શરૂઆત દિવાળીથી થાય અને ફાગણમાં જીરું વઢાય... આ વખતે વાઢી નાખ્યા બધાને... ૯૦ જ દિવસમાં પાકતા આ પાકે માત્ર એકલા ગેડીના જ નહીં પણ સમગ્ર વાગડ, ખડીર, બનાસકાંઠા સુધીના ખેતમજૂરોને પણ તગડી કમાણી કરાવી આપી છે.

ગેડીમાં ત્રણેક હજાર ખેડૂતોએ જીરુંનો પાક લીધો અને ફાગણમાં વાઢવા માટે પલાંસવા, ઘાણીથર, બેલા, મૌઆણા, ખડીર, ગાંધીધામ, વાવ, થરાદથી મજૂરો લાવ્યા. ગેડીમાં રોજ સવારે ૧૫૦થી ૧૭૦ વાહનોમાં મજૂરો ઊતરતા. સ્થાનિકે જ રહ્યા હતા ઇ અલગ. **એક આછો અંદાજ આપતા નશાભાઈ દૈયા કહે છે કે રોજેરોજ ૪૫૦૦થી ૪૮૦૦ મજૂર આવતા. પ્રતિમજૂર મજૂરીનો ભાવ રોજના રૂા. ૩૮૦ હતો અને ૪૮૦૦ જણા એ રોજ મેળવતા. અર્થાત્ રોજ રૂા. ૧૪,૪૦,૦૦૦ની મજૂરી ચૂકવાતી.**

રોજના ૪૫૦૦થી ૪૮૦૦ મજૂરની આવ-જા માટે જીપ, ટ્રેક્ટર વાહનો વપરાતા. તેથી પરિવહનકારો કમાયા એ અલગ. ડીઝલ પંપો પર ડીઝલ એટલું વેચાયું કે આખા ગુજરાતમાં કચ્છના પંપો પરથી વેચાતા ડીઝલનો આંક સર્વોચ્ચ સ્થાને આવ્યો. આ મજૂરો રૂા. ૩૦૦ મજૂરી અને આવ-જાનું ભાડું લે, રોટલા ઘેરથી ઘડી લાવે અને જે બોલાવે તે શાક-છાસ આપે. ગેડીના કિસાનોના ખાનગી વાહનો આ મજૂરો માટે ડુંગળી, બટેટા, લીલા શાક લેવા માટે રાપર જ નહીં પણ ગાંધીધામ, રાધનપુર જતા અને ભુજથી પણ બટેટાના ટેમ્પા સીધા ગેડી વેચાવા મંડ્યા હતા. કોણ કોણ ક્યારે અને શેમાંથી કમાયું એ હિસાબ ગણતા રહેજો કારણકે આપણે તો નર્મદા મૈયાની કૃપાની જ વાત કરવી છે.

ગેડી છોડો, રવમાં ૨૦૦૦થી ૨૫૦૦; ફતેહગઢમાં ૨૫૦૦, સેલારીમાં એકાદ હજાર, શાનગઢ, થાનગઢ, કલ્યાણપર, નંદાર, રાપર, ત્રંબૌ, ખેંગારપર, વજેપર, સુવઇ, જેસડા, કુડા જામપર એમ તમામ ગામના મળીને અંદાજે ૨૦થી ૨૨ હજાર ખેડૂતોએ પોતપોતાની સગવડે આ ૯૦ દિવસની દિવાળીથી ફાગણ સુધીનો જીરુંનો પાક લીધો હોવાનું જાણવા મળે છે.

ગુજરાત સરકારે તાજેતરમાં ખેડૂતોને ઇનપુટ સહાય ચૂકવી. કચ્છમાં એક સેકન્ડમાં ૨૪૨ કરોડ રૂપિયા ખેડૂતોના ખાતામાં જમા થયા પણ બહુ ઓછાને ખબર હશે કે તેમાંથી ૧૮ કરોડ માત્ર ગેડીના ખેડૂતોના ખાતામાં ગયા છે.


ગેડી ગામના પાદરે ઊભીને ગૌરવભેર જીરુંના પાકની જાહોજલાલી વર્ણવતાં નશાભાઈ દૈયા અને નરપતસિંહ વાઘેલાએ વધુમાં ઉમેર્યું કે નર્મદા નહેરની તો કમાલ છે જ, સાથોસાથ કુદરતની કૃપા-અવકૃપા પણ વાગડના જીરું પકવતા ખેડૂતો પર ફળી છે. કૃપા એટલે કે શિયાળો. આ વખતે શિયાળો ખૂબ જ લાંબો ચાલ્યો અને અવકૃપા એટલે દુકાળ. જીરુંના પાકની આગવી તાસીર છે કે જે વખતે દુકાળ હોય ત્યારે પાણી મળે તો જીરું વધુ પાકે. તેની ગુણવત્તા ખૂબ ઊંચી હોય અને આનંદનો પણ પાર ન હોય. આ વખતે વાગડનું જીરું વરિયાળીને પણ ઝીણી સાબિત કરી રહ્યું છે. કુદરતે એક વધુ મહેર એ પણ કરી છે કે વાગડમાં ભારે માવઠું ન થયું. ભેજ પણ ન વરસ્યો. જેટલું મીઠું પાણી વધ્યું એટલું જીરુંની ગુણવત્તા સારી. આજે ઊંઝા માર્કેટમાં વાગડનું જીરું ટપોટપ ગયું અને તેથી જ રાપરના ખમતીધર એવા ત્રણેક વેપારીઓએ રૂા. ૧૫૦ના કિલોવાળું જીરું ખેડૂતો પાસેથી ખરીદીને ગોડાઉનમાં સંગ્રહી રાખ્યું છે. ભાવ વધુ ઊંચા આવશે ત્યારે વેચશે. આ જીરું પણ ૧૦૦ કરોડથી વધુ મનાય છે.

રાપર તાલુકા ખરીદ વેચાણ સંઘના ડાયરેક્ટર એવા ઍડવોકેટ ઘનશ્યામભાઈ પૂજારા પાસેથી મળેલા આંકડા મુજબ રાપર તાલુકાના બહુ ઓછા ખેડૂતો સ્થાનિકે પેદાશ વેચે છે, છતાં આ વખતે તા. ૧-૩થી ૧૫-૪ સુધીમાં ૬૦ કિલોની એક બોરી એવી ૭ હજાર બોરી આવી છે. મોટાભાગના ખેડૂતો ઊંઝા જ જીરું વેચે છે. જો કે આ વખતે ઊંઝાના વેપારીઓ રાપર બજારમાં પણ ખરીદી અર્થે ઊતર્યા હતા. એકમાત્ર નર્મદા નહેર અને તેની નંદાસર-જાટાવાડા-ડાવરી પેટા કેનાલ તથા આડેસર - સણવા-ગાગોદરવાળી પેટા કેનાલ ઉપરાંત ચાર અન્ય પેટા કેનાલ દ્વારા વહેતા પાણીએ ૩૯ ગામોના ખેડૂતોનું કલ્યાણ કર્યું. એટલું જ નહીં વધુ ૪૦થી ૫૦ ગામ સુધી ખેડૂતોએ બાવડાંના જોરે કાળી મજૂરી કરી એ પાણી પહોંચાડ્યું અને સુવર્ણચંદ્રક પરિણામ આપણી આંખ સામે છે. મજૂરો, વેપારીઓ, ખેડૂતો, જીપડાવાળા, ડીઝલવાળા, બકાલાવાળા — કોણ નથી કમાણું, આ દુકાળ વર્ષની નાની એવી એકમાત્ર નહેરની કૃપાએ. હવે વિચારો, આ નર્મદા નહેરના કામો સૌરાષ્ટ્રમાં "સૌની યોજના"માં થયા એમ વહેલા થઈ ગયા હોત તો મોડકુબા સુધીની કૃપાના આંકડા ક્યાં પહોંચ્યા હોત!

***'કચ્છમિત્ર'ના સૌજન્યથી***

શિક્ષણ

# ધોરણ : ૧૦ અથવા ૧૨ બાદ મનગમતા કોર્સમાં પ્રવેશ ન મળે તો ચિંતા કરવાની જરૂર નથી પરંતુ યોગ્ય માર્ગદર્શન લેવું જરૂરી



ડૉ. મિહિર એમ. વોરા

ધોરણ ૧૦ કરતાં પણ ધોરણ ૧૨નું વર્ષ કારકિર્દી ઘડતર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. દર વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. સાથોસાથ બોર્ડની પરીક્ષામાં પાસ થઈ રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી રહી છે. પરીક્ષા પધ્ધતિમાં થઈ રહેલા ફેરફારો, શિક્ષણ પ્રત્યેની ખુદ વિદ્યાર્થી - વાલીઓની જાગૃતિને કારણે પરિણામ વધ્યું છે. પરંતુ મનગમતા ઉચ્ચ અભ્યાસક્રમમાં એડમિશન મળી શકે તેવા ટકા મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે, ત્યારે જે સવાલો થાય છે તેનો એક ઉકેલ કરવાનો નાનો પ્રયત્ન અહીં કર્યો છે.

ધોરણ ૧૦ પાસ કર્યા બાદ : (૧) ધોરણ ૧૧ અને ધોરણ ૧૨માં અભ્યાસ, (૨) ડિપ્લોમા એન્જિનિરિંગ તેમજ ડિપ્લોમા કોર્સમાં અભ્યાસ, (૩) આઈ.ટી.આઈ.ના જુદા જુદા કોર્સમાં અભ્યાસ, (૪) ટેકનિકલ શિક્ષણના વિવિધ સર્ટિફિકેટ કોર્સમાં અભ્યાસ, (૫) ફાઈન આર્ટ ડિપ્લોમા કોર્સમાં અભ્યાસ, (૬) કૃષિ ક્ષેત્રે યુનિવર્સિટીના કોર્સમાં અભ્યાસ, (૭) કેટલાક પ્રોફેશનલ કોર્સમાં અભ્યાસ અથવા (૮) આગળ અભ્યાસ છોડી દઈને ધંધામાં અથવા નોકરીમાં જોડાઈ જવું.

ધોરણ ૧૨ સાયન્સમાં ૯૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને સરળતાથી મેડિકલ, એન્જિનિયરિંગ કે આઈ.ટી. ક્ષેત્રમાં પ્રવેશ મળી જાય છે અને આવા વિદ્યાર્થીઓ ભણતર પૂરું કર્યા બાદ પોતાની ઉજ્જવળ કારકિર્દી પણ ઝડપથી ઘડી શકે છે. પરંતુ જેઓને ઓછા ટકા આવ્યા હોય તેમની હાલત કફોડી થાય છે. અત્યારનાં કોમ્પિટીશનનાં સમયમાં મનગમતા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે એક એક ટકાનું મહત્ત્વ વધી જાય છે. જો કે ધોરણ ૧૨નાં વિદ્યાર્થી પૈકીના બધાને તો ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ મળે એ બાબત શક્ય જ નથી. આવું વિચારીને ઓછા ગુણ મેળવનારા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ પાસ કર્યા પછીના અનેક વિકલ્પો છે, જે શાંતિપૂર્ણ વિચારીને પછી આગળ વધવું જોઈએ.

ધોરણ ૧૨ સાયન્સ પછી એ ગ્રુપ, બી ગ્રુપ અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટે ઘણી તક છે. બી ગ્રુપ માટે મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ, ડિગ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓપ્ટોમેટ્રી, નેચરોપથી, ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.ફાર્મ કરી શકાય છે. જ્યારે એ ગ્રુપના વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ (ડિગ્રી), ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, કોમ્પ્યુટર સાયન્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ, બાયો ટેકનોલોજી, બાયો મેડિકલ, મિકેનિકલ, કેમિકલ, ઈલેક્ટ્રિકલ, ડેરી ટેકનોલોજી અને કૃષિ ટેકનોલોજી, ઓટોમોબાઈલ્સ, સિવિલ, આર્કિટેક્ટ, ટેક્ષટાઈલ, ફેશન ડિઝાઈન, બી.ફાર્મ અને ડી.ફાર્મ કરી શકે છે. એ અને બી ગ્રુપના વિદ્યાર્થીઓ ફાર્મસીનો અભ્યાસ કરી શકે છે.

બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે MBBS (મેડિકલ), BDS (ડેન્ટલ), બેચલર ઑફ ફાર્મસી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી, નર્સિંગ, બી.એસસી. જેવા અભ્યાસક્રમો છે. ઉપરાંત રૂચિ પ્રમાણે તથા પરિવારના વ્યવસાય મુજબ પણ અન્ય અભ્યાસક્રમોની પસંદગી કરી શકાય છે. ધોરણ-૧૨ સાયન્સ ઉપરાંત સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એમ.બી.એ. જેવા ઉચ્ચ અભ્યાસ કરવાની પૂરી તક છે. ધોરણ ૧૨ કોમર્સ પાસ થનારા વિદ્યાર્થી રાજ્યની યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કૉલેજોમાં બી.કોમ. કરી શકે છે. ત્યારબાદ એમ.કોમ., એમ.બી.એ. કે એમ.સી.એ. પણ કરી શકાય છે. કોમર્સના મુખ્ય વિષયોમાં કોસ્ટ એકાઉન્ટિંગ, સ્ટેટીસ્ટિક, બિઝનેસ મેનેજમેન્ટ, બેન્કિંગ, એકાઉન્ટન્સી અને ઈન્ડસ્ટ્રીઝ એન્ડ લેબરનો સમાવેશ થાય છે. ઝડપથી વિકાસ પામી રહેલા આજના સમયમાં સી.એ.નો અભ્યાસ ખૂબ જ મોભાદાર અને મહત્ત્વનો ગણવામાં આવે છે. સી.એ.ની પરીક્ષા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ - દિલ્હી દ્વારા લેવાય છે. ધોરણ ૧૨ પાસ કર્યા બાદ સાયન્સ, કોમર્સ કે આર્ટસમાં સ્નાતક થયા બાદ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., બેન્કિંગ અને ઈન્સ્યોરન્સ કે રેલવેમાં સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પણ કારકિર્દી

*ધ્યેયહીન જીવન કરતાં પ્રેમહીન જીવન વધુ નુકસાનકારક.*

ઘડી શકાય છે. વિવિધ પ્રકારના ઉદ્યોગોને પ્રગતિકારક બનાવવા માટે મેનેજમેન્ટ કૌશલ્ય ધરાવતા સંચાલકોની જરૂર હોય છે. આવા કુશળ મેનેજમેન્ટવાળા ઉમેદવારો તૈયાર કરવા માટે બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.) અને માસ્ટર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમ.બી.એ.)ના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

ધોરણ-૧૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ આવે તો કોમ્પ્યુટરનાં અભ્યાસક્રમો બી.સી.એ. અને એમ.સી.એ. પણ કરી શકાય છે. ધોરણ-૧૨ના પરિણામો જાહેર થયા પછી યુનિવર્સિટી દ્વારા અપાતી જાહેરાત મુજબ કાર્યવાહી કરીને પ્રવેશ મેળવી શકાય છે. મેરિટને આધારે પ્રવેશ અપાય છે. ઉપરાંત વેબ ટેકનોલોજી ક્ષેત્રે પણ સુંદર તક છે. ટેકનોલોજીના ફિલ્ડમાં થનારી નવી પ્રવૃત્તિઓમાં સ્પેશિયલાઈઝેશન હાંસલ કરાય તથા પોતાના બેકગ્રાઉન્ડને વધુ મજબૂત બનાવી શકાય છે. સ્નાતકો અને ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓ માટે મલ્ટી મીડિયા અને એનિમેશન ટેકનોલોજીમાં આગળ વધવાનો પણ વિકલ્પ છે. માસ્ટર ઈન ઈ-કોમર્સ બેચલર ડિગ્રી પછી બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ છે. વર્તમાન સમયને આર્થિક વૈશ્વિકરણના યુગ તરીકે જોવામાં આવે છે. વિશ્વના બધા દેશોમાં ઔદ્યોગિકરણ વધ્યું છે. ઉત્પાદનોમાં અનેકગણો વધારો થયો છે. સ્થાનિક સ્તરથી માંડીને આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક પરિબળોના યોગ્ય વિશ્લેષણ દ્વારા જ સાચા નિર્ણયો લઈ શકાય છે. આથી અભ્યાસક્રમના માળખામાં અર્થશાસ્ત્રની જાણકારી આવશ્યક બની જાય છે.

ગુજરાતમાં જુદા જુદા શહેરોમાં અર્થશાસ્ત્ર ક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. બહેનો માટે હોમ સાયન્સ, ઈન્ટિરિયર ડિઝાઈનનો ચાર વર્ષનો અભ્યાસક્રમ વ્યાપક બન્યો છે. ધોરણ ૧૨ સાયન્સ, કોમર્સ, આર્ટસ પછીના મુખ્ય અભ્યાસક્રમોમાં બી.કોમ., એમ.કોમ., એમ.બી.એ., એમ.સી.એ., એમ.જે.એસ., બી.એ., એમ.એ., પી.એચડી., બી.સી.જે.પી., એમ.જે.એસ., બી.બી.એ., બીએચએમ, બીએસસી, બી.એડ., માધ્યમિક શિક્ષક પી.ટી.સી. - સી.પી.એડ., પ્રાથમિક શિક્ષક યુ.જી.સી. દ્વારા ૧૯૯૫ની ગુજરાતની ઘણી કૉલેજોમાં વ્યવસાયલક્ષી અભ્યાસ શરૂ થયા છે. એક વર્ષ માટે સર્ટિફિકેટ, બે વર્ષ માટે ડિપ્લોમા તથા ત્રણ વર્ષ અભ્યાસ કરવાથી એડવાન્સ ડિપ્લોમા વિદ્યાર્થીઓને એનાયત થાય છે. જેમાં કમ્યુનિકેટિવ ઈંગ્લિશ, કમ્પ્યુટર એપ્લિકેશન, કાર્યાલય વ્યવસ્થા, એડવર્ટાઈઝિંગ, સેલ્સ પ્રમોશન એન્ડ સેલ્સ મેનેજમેન્ટ, સેક્રેટરિયલ પ્રેક્ટિસ, જેમોલોજી, ફોરેન ટ્રેડ પ્રેક્ટિસ એન્ડ પ્રોસીજર, ટેક્ષ પ્રોસીજર એન્ડ પ્રેક્ટિસ, બાયો ટેકનોલોજી, ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, ઈન્ડસ્ટ્રીયલ માઈક્રો બાયોલોજી, ફૂડ સાયન્સ, ઓટોમોબાઈલ રીપેરીંગ, ડેટા કેર મેનેજમેન્ટ, ઈલેક્ટ્રોનિક્સ મરામત, બાયો ઈન્ફોર્મેટીવ અને ગ્રામ ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

આમ, આપણી પાસે વિપુલ તકો હોય છે પણ જરૂર છે માત્ર તેને ઓળખવાની અને સમજવાની. જરૂર છે, ઘેટાના ટોળા ના બનો અને સિંહની જેમ એક જ રસ્તો પસંદ કરો. તો જરૂર તમે સફળ માણસ અને યોગ્ય કારકિર્દી તરફ જીવનમાં આગળ વધશો તેવું મારું માનવું છે. ■


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)


*નાના માણસ સાથેનો એનો વ્યવહાર 'મધુર' દેખાય ત્યારે માણસ 'મહાન' છે એવું લાગે.*

જાગૃતિ

# જાહેર સંસ્થાઓના જાહેર હિસાબોનું શું?



ભીમજી નાકરાણી,
તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'

હમણાં હમણાં 'કેર' રિપોર્ટને આધારે રાફેલ કે અન્ય હિસાબોના કારણે આક્ષેપ - પ્રતિઆક્ષેપો થાય છે. ભ્રષ્ટાચાર હોય કે હિસાબ (રોકડા)ના પુરાવા શોધવાનું કામ અઘરું છે. હું રોજ ઑફિસે જવા નીકળું ત્યારે રસ્તામાં જાહેર અભિલેખાગાર ભારત સરકારની ઓડિટર - એકાઉન્ટની પ્રાદેશિક ઑફિસ આવે છે. આ ઑફિસની ફરજ અંગે જાણકારી મેળવીને આનંદ અનુભવ્યો.

જાહેર ટ્રસ્ટોના હિસાબ, કામો બાબતે ચેરિટી કમિશનરના હોદ્દા ઉપર એક બાહોશ અને ચીવટવાળા અધિકારીને કારણે અનેક ગોટાળા સામે આવ્યા છે. ટ્રસ્ટની જમીનો, જાહેર હિસાબ, ઓડિટેડ ફાઈનાન્સિયલ રિપોર્ટ, ટેક્ષ જેવી ઘણી બાબતોએ જાગૃતિ આવી છે. અનેક ટ્રસ્ટો બંધ થવા લાગ્યા છે. N.G.O. પણ પ્રવૃત્તિથી પર થવા લાગી છે. આપણે ત્યાં હજારો-લાખો ટ્રસ્ટો, સંસ્થાઓ, ગુરૂકુળો, ધાર્મિક - સાંપ્રદાયિક અને સામાજિક સંસ્થાઓ કાર્યરત છે. જેમાંની ઘણી ઓછી સંસ્થાઓ જ તેમનો વાર્ષિક હિસાબ કે વાર્ષિક રીપોર્ટ છાપી, પ્રકાશિત કરી ટ્રસ્ટીઓ, કારોબારી કે લાગતા વળગતાઓને આપે છે. બાકી મોટા ભાગની સંસ્થાઓ તો પ્રાઈવેટ ફર્મની જેમ જ ચાલે છે. ખાસ કરીને ટ્રસ્ટ સંચાલિત શાળાઓ, ગુરૂકુળ, ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્થાઓ, મોટી મોટી સામાજિક સંસ્થાઓ, હોસ્પિટલો કે શિક્ષણ સંકુલો ક્યારેય વાર્ષિક હિસાબ અને વાર્ષિક રીપોર્ટ પ્રસિધ્ધ કરી દાતા અથવા અન્ય ટ્રસ્ટીઓને મોકલતા નથી. હા, આ બધા જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હિસાબો ઑડિટ કરાવી, નિયમ અનુસાર ચેરિટી કમિશનરને નકલ મોકલતા હશે, જે અલગ વાત છે. પરંતુ નાનામાં નાના કે મોટા દાતાઓને, સંસ્થાઓના કાર્યકરો કે સમાજ અગ્રણીઓને વાર્ષિક રીપોર્ટ મોકલવો એ સંચાલકોની ફરજ બને છે. પારદર્શકતા જરૂરી છે.

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ - બગસરા અને લોકસેવા ટ્રસ્ટ - અમદાવાદ - સાણંદ ખૂબ નાની રકમના ઓડિટેડ વાર્ષિક રીપોર્ટ ૫૦૦થી ૭૦૦ વ્યક્તિઓને મોકલે છે. લોકસેવા ટ્રસ્ટનો જાહેર હિસાબ 'સરદાર જ્યોત' સામયિકમાં છાપે છે. આ ઉપરાંત કેટલીક કાર્યરત સંસ્થાઓ જેમકે સૌરાષ્ટ્ર પટેલ છાત્રાલય, મંથન, સહયોગ સંસ્થા, સદ્‌વિચાર પરિવાર અને ધરતી જેવી સંસ્થા તો તેમના સામયિક 'ધરતી'માં જાહેર હિસાબ છાપીને ૨૦,૦૦૦ લોકો સુધી મોકલે છે. તો સેવા રૂરલ સંસ્થા - ઝઘડિયા જેવી ઘણી નાની-મોટી સંસ્થાઓ નિયમિત રીતે તેમનો વાર્ષિક અહેવાલ અને હિસાબ બધાને મોકલાવે છે, જે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

આજકાલ પ્રચારમાં ગાજી રહેલી મોટી - મોટી સામાજિક સંસ્થાઓ, વિવિધ સંકુલો, ગુરૂકુળો કે મંદિરો અનેક પ્રવૃત્તિ કરે છે. ૨૫ કરોડથી માંડી ૫૦૦ કરોડ સુધીના પ્રોજેક્ટ હાથ ઉપર લઇ, સતત પ્રવૃત્તિ અને કાર્ય કરે છે. ખૂબ ગતિશીલ રહે છે. આ બધું સારું છે, સમાજને ઉપયોગી છે. વાંધો નથી. **પણ આમાંની મોટાભાગની સંસ્થાઓના ખર્ચ ખૂબ જ મોટી કક્ષાના છે, જે બરાબર લાગતું નથી. કેમકે આ રૂપિયા તો પ્રજાના છે. ચીવટપૂર્વક વાપરી શકાય. આ રૂપિયા દાતાઓના છે એટલે એક-એક રૂપિયો જાળવી જાળવીને વાપરવો પડે.** આપણે ત્યાં દાતા, ટ્રસ્ટી કે કાર્યકરો પણ જાગૃત નથી. દાન આપ્યા પછી હિસાબ માંગતા નથી! ગુરુકુળ કે મંદિરનો હિસાબ શા માટે ન માંગી શકાય? એ સમજાતું નથી. આ બાબતે ચેરિટી કમિશનરે કાયદો લાવી, જાહેર હિસાબ સૌને વાર્ષિક રીપોર્ટ રૂપે મોકલવાની ફરજ પાડવી જોઈએ. તો જ સ્વમેળે નિર્ણય લઈ ખર્ચ કરનારા સંચાલકો જોઈ - જાળવીને ખર્ચ કરતા થાય. જાહેર સંસ્થાના હિસાબો વાર્ષિક અહેવાલમાં છાપીને સૌને મોકલવા જ જોઈએ. આ દરેક જાહેર ટ્રસ્ટે પોતાની પવિત્ર ફરજ સમજવી જોઈએ. જાહેર સંસ્થાઓના હિસાબો અંગે જન જાગૃતિ જરૂરી છે. કોઈપણ સંસ્થા, સમાજ, જાહેર ટ્રસ્ટે દર વર્ષે તેમનો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક ઓડિટેડ હિસાબો તમામ દાતા, ટ્રસ્ટીઓને મોકલવા ફરજિયાત કરવું જોઈએ.

*મો : ૯૭૨૩૩ ૩૬૪૮૨*
*ઈ-મેઈલ : loksevatrust2004@gmail.com*

સંસાધન

# જિંદગી ક્યારેય સરળ નથી બનવાની, તમારે જ મજબૂત બનવાનું છે



ભોલાભાઈ ગોલીબાર

મિત્રો, પ્લેટમાં જમવાનું છોડતા પહેલા રતન ટાટાનો આ મેસેજ જરૂરથી વાંચજો. રતન ટાટાએ ટ્વિટરના માધ્યમથી ટ્વિટ કરી એક સરસ મેસેજ શૅર કર્યો. જેનાથી આપણે જિંદગીમાં ઘણું શીખી શકીશું.

રતન ટાટાએ લખ્યું, 'પૈસો તમારો છે, પણ સંસાધન સમાજના છે. જર્મની એક હાઈલી ઇન્ડસ્ટ્રીયલ દેશ છે. ઘણા લોકો એવું વિચારતા હશે કે ત્યાં લોકો હાઈફાઈ લક્ઝુરિયસ લાઇફ જીવતા હશે. જ્યારે અમે લોકો હેમ્બર્ગ પહોંચ્યા ત્યારે અમે એક રેસ્ટોરન્ટમાં ગયા. અમે જોયું, ઘણા બધા ટેબલ ખાલી હતા. ત્યાં એક ટેબલ હતું જ્યાં એક યુવાન કપલ જમવાનું જમી રહ્યા હતા. ટેબલ પર બે ડિશ અને બે બીયરની બોટલ હતી. હું વિચારી રહ્યો હતો, શું આવું સિમ્પલ ખાવાનું રોમેન્ટિક હોઈ શકે છે. અને શું આ છોકરી પેલા કંજુસ છોકરાને છોડશે? બીજા એક ટેબલ પર કેટલીક ઘરડી સ્ત્રીઓ બેઠી હતી. જ્યારે કોઇ ડિશ પીરસવામાં આવતી તો વેઇટર બધાને થાળીમાં પીરસી દેતો અને એ ઘરડી સ્ત્રીઓએ ડિશ સફાચટ કરી દીધી હતી. અમે લોકો ભૂખ્યા હતા. મારી સાથે આવેલા મારા કલીગે ઘણી બધી આઈટમ ઓર્ડર કરી દીધી. અમારું જમવાનું પૂરું થયું ત્યારે ત્રીજા ભાગનું જમવાનું ટેબલ પર બચ્યું હતું. જ્યારે અમે રેસ્ટોરન્ટથી નીકળી રહ્યા હતા ત્યારે એ ઘરડી સ્ત્રીઓએ અમારી સાથે અંગ્રેજીમાં વાત કરી અને કહ્યું કે, **'આ તમે શું કર્યું? અનાજનો આટલો બધો બગાડ?'** અમે સમજી ગયા કે એ વધી પડેલી ખાવાની વસ્તુઓના કારણે અમારાથી નારાજ હતી. મારા કલીગે કહ્યું, 'અમે ખાવાના પૈસા ચૂકવી દીધા છે. અમે ખાવાનો કેટલો બગાડ કર્યો છે એનાથી તમારે શું લેવાદેવા?' એમાંથી એક સ્ત્રી ખૂબ જ ગુસ્સે થઈ ગઈ. એણે પોતાનો મોબાઇલ ફોન કાઢ્યો અને કોઇને ફોન કર્યો. થોડીવાર પછી સોશિયલ સિક્યુરિટી ઓર્ગેનાઇઝેશનના માણસો યુનિફોર્મમાં આવી ગયા અને બધી વાત સાંભળ્યા પછી એમણે અમારા પર પચાસ યુરોનો દંડ કર્યો. અમે ચૂપ હતા. ઓફિસરે કડકાઈથી કહ્યું, **'એટલું જ ઓર્ડર કરો, જેટલું જમી શકો.** દુનિયામાં કેટલાયે લોકો એવા છે જેમની પાસે ખાવા અનાજ નથી. તમારી પાસે અનાજ કે સંસાધન બરબાદ કે બગાડ કરવાનું કોઈ કારણ નથી.' **આ ધનિક દેશના લોકોની વિચારસરણી આપણને શરમમાં મૂકી દે છે.** આપણે એના પર વિચારવું જોઈએ. આપણે એવા દેશમાં રહીએ છીએ જે સંસાધનથી સમૃદ્ધ નથી. આપણે ઑર્ડર આપતી વખતે ઘણો ફૂડ વેસ્ટ કરી નાખીએ છીએ.

★

આના પરથી શીખ એ લેવી જોઈએ કે **ખરાબ આદતો બદલવા વિશે ગંભીરતાથી વિચાર કરો.** વાત પણ સાચી છે. પૈસો તમારો છે, પણ સંસાધન સમાજના છે. દોસ્તો, કોઈ દેશ ત્યારે મહાન બને છે જ્યારે કોઈ નાગરિક મહાન બને છે અને મહાન બનવું એટલે મોટી મોટી પ્રસિદ્ધિ મેળવી લેવી એ નથી. મહાન બનવા માટે દરેક નાના-મોટા કામ કરવા જોઈએ, જેનાથી દેશ મજબૂત બને અને આગળ વધે. અનાજનો બગાડ, પાણીનો બગાડ, વીજળીનો બગાડ ન થાય તેનું દરેક નાગરિકે ધ્યાન રાખવું જોઈએ. આટલું કરવાથી દેશ મજબૂત અને મહાન બની શકે છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ) નિમિત્તે "કચ્છશ્રુતિ" વિશેષાંક અંગે

આગામી કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ) ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના રોજ છે. તે પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"નો માસ જુલાઈ-૨૦૧૯નો અંક **"વૈજ્ઞાનિક (ટેકનોલોજી) માહિતી"** વિશેષાંક તરીકે પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. નક્કી કરેલ ઉપરોક્ત 'થીમ' આધારિત લેખ / માહિતી / કૃતિ વગેરે સમાજના કાર્યાલયમાં તા. ૨૦-૬-૨૦૧૯ સુધીમાં મોકલાવી આપવા સર્વે તજજ્ઞો - લેખકશ્રીઓને આમંત્રણ છે.

*– તંત્રી મંડળ, 'કચ્છશ્રુતિ'*

*જીવનમાં હાસ્ય ચાલે, હાસ્યાસ્પદ જીવન ન ચાલે.*

ફાઇનાન્સિયલ પ્લાનિંગ

યોજના

# ભારતીય લોકોની નાણાંકીય સ્વતંત્રતા અને સક્ષમતાનો નાશ કરતી ભારતીય લોકોની સામાન્ય ભૂલો

• નીલેશ કોટક •

*આ લેખના લેખક શ્રી નીલેશભાઈ કોટક એક ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ છે. તેમના હાથે લખાયેલ આ મનનીય લેખ ખૂબ જ સમજવા જેવો છે.* *– તંત્રી મંડળ*

**૧. ઇન્સ્યોરન્સ પોલિસીને વ્યક્તિના જીવનના રિસ્કની સાથે સાથે રોકાણના સાધન તરીકે ખરીદવાની આદત.**

સામાન્ય રીતે ભારતીય લોકો ઇન્સ્યોરન્સ અને ઇન્વેસ્ટમેન્ટને જુદું પાડી શકતા નથી. TERM PLAN નો કોન્સેપ્ટ ભારતીય લોકો પચાવી શકતા નથી. જો Risk Operate ના થાય તો પૈસા પડી જવાના છે. તેથી ભારતીય મોટાભાગના લોકો પ્રીમિયમ ઓછું આવે તેવા યુનિટ લિન્ક (ULIP) ખરીદે છે અને ૧૦૦માંથી ૯૫% લોકો આ જ ભૂલ કરે છે. તેમજ આ પ્લાનમાં પૈસા વ્યક્તિ ૬૦ વર્ષનો થાય તે પહેલા પાછા આવી જાય છે. ખરેખર, રિસ્ક વ્યક્તિની જિંદગીનું ૬૦ વર્ષ પછી જ ઉદ્‌ભવે છે. અકસ્માતના સંજોગો સિવાય વ્યક્તિનું સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષનું હોવાથી મિનિમમ કવરેજ ૮૦ વર્ષથી મહત્તમ ૧૦૦ વર્ષ સુધીનું હોય તેવા માત્ર ને માત્ર Term Plan જ લેવા જોઈએ. જ્યારે યોગ્ય સલાહના અભાવે લોકો ૫%નું સરેરાશ વળતર આપતા ULIP પ્લાન લે છે અને ૬%થી વધારે ફુગાવો હોવાથી મુદતના અંતે રોકેલા નાણાં કરતા ઓછા નાણા મેળવે છે અને પોતાની સંપત્તિમાં ઘટાડો કરે છે.

**૨. ક્રેડિટ કાર્ડનો અયોગ્ય રીતે ઉપયોગ :**

ક્રેડિટ કાર્ડનો ઉપયોગ સામાન્ય રીતે ફ્રી મળતા લાભો, સ્પેશિયલ ડિસ્કાઉન્ટ અને વિવિધ ઑફરો માટે કરવાનો હોય છે. તેના બદલે ભારતીય લોકો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ આ લાભના બદલે અન્ય નોન પ્રોડક્ટીવ ખર્ચ માટે કરે છે.

**૩. ચક્રવૃધ્ધિ વ્યાજના ખ્યાલ વિશેની અજ્ઞાનતા :**

વ્યક્તિએ જ્યારથી સમજણ મળે ત્યારથી નાનું પણ રોકાણ કરવું જોઈએ. જેમ કે વિદ્યાર્થીઓએ પોકેટ મનીમાંથી, કમાવાની શરૂઆત કરનારે જો ટુ વ્હીલરથી ચાલે એવું હોય તો યુવાન વ્યક્તિએ કારની ખરીદીની લાલચથી દૂર રહી પહેલા ૧૦ વર્ષ એ પૈસાનું રોકાણ વ્યવસ્થિત કર્યું હશે તો તેના વળતરમાંથી ૧૦ વર્ષ પછી વધુ સારી કાર પણ લઇ શકશે અને જ્યારથી કમાવાનું શરૂ કર્યું ત્યારથી બચત કરી હશે તો ચક્રવૃધ્ધિ વ્યાજનો કોન્સેપ્ટ વહેલું રોકાણ કરનાર માટે ફાયદાકારક રહેશે.

**૪. શેરબજારના રોકાણ કોઈપણ જાતના એનાલીસીસ વિના કોઈપણ વ્યક્તિની ભલામણને આધારે કરવાની ભૂલ**

આપણે જોઈએ છીએ કે ટી.વી. ચેનલ, ફેસબુક, વૉટ્સએપ, ટેલિગ્રામ, અન્ય સોશિયલ મીડિયા જેવા કે You Tube, Instagram પર ગમે તે વ્યક્તિ પોતાની રીતે શેર ખરીદવાની ભલામણ કરે છે અને લોકો ફસાઈ જાય છે. આ વ્યક્તિઓ પોતે પહેલા શેર ખરીદે છે અને Circular Trading દ્વારા ભાવ વધારે છે અને નિર્દોષ વ્યક્તિઓને ફસાવે છે. અને છેલ્લે આ વ્યક્તિઓ શેરબજારથી કાયમ માટે નિરાશ થઈ રોકાણ કરવાનું બંધ કરી દે છે. હકીકતમાં જે દેશનું અર્થતંત્ર વિકાસના તબક્કામાં હોય ત્યારે તે દેશમાં સૌથી વધારે નાણાં કમાવાનું માધ્યમ માત્ર ને માત્ર શેરબજાર છે.

**૫. લાઇફ સ્ટાઇલ અને દેખાદેખી :**

ભારતમાં લોકો જરૂરિયાત ન હોય તોય બે બેડરૂમ ઘરમાંથી ૩ બેડરૂમ અને તેનાથી મોટા ઘરમાં જાય છે. હકીકતમાં જરૂરિયાત કરતાં મોટું ઘર કે મિલ્કતની જાળવણી પાછળ ખર્ચા વધારે થાય છે. વોરેન બફેટ પણ સૌથી ધનવાન વ્યક્તિ હોવા છતાં શરૂઆતથી એના એ જ ફ્લેટમાં રહે છે. નવા મકાનની જરૂરિયાત ન હોવાથી હજુ સુધી પણ ખરીદ્યું નથી અને એ જ જૂની ગાડીનો ઉપયોગ કરે છે. નવી ગાડી પણ ખરીદી નથી. એના બદલે નાણાંનો ઉપયોગ રોકાણ માટે જ કર્યો છે.

**૬. ભારતીયોની માનસિકતા ડિસ્કાઉન્ટ હોય એટલે જરૂરિયાત વિના પણ વસ્તુ ખરીદવી :**

એમેઝોન પર ગ્રેટ ઇન્ડિયન સેલ, ફ્લિપકાર્ટ પર બીગ બિલિયન ડે સેલ, ઝોમેટો ઉપર ફૂડમાં ૫૦% અથવા એક પર એક ફ્રી – આવી જાહેરાતો અને ઑફરોની લાલચમાં ખરીદી

કરવાની. આ ઉપરાંત મોલમાં જતા મોટાભાગના લોકો હકીકતમાં જે વસ્તુ ખરીદવા ગયો હોય તેના બદલે બિનજરૂરી વસ્તુઓ ખરીદીને આવે છે અને મજાની વાત તો એ છે કે આવા સેલ અને ડિસ્કાઉન્ટ ઑફર કાયમ માટે ચાલુ જ હોય છે.

**૭. દેખાદેખીમાં જરૂર ન હોવા છતાં વિદેશમાં અને કેપેસિટી ન હોવા છતાં દિવાળી અને ઉનાળામાં ફરવા જવાનું**

બે વાર વેકેશનમાં જવાનું અને તેના ફોટા સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર મૂકવા અને પોતાના વેકેશનના વીડિયો શેર કરવા અને આની પાછળ ૫થી ૭ દિવસમાં વ્યક્તિ દીઠ મોટો ખર્ચ કરવાની માનસિકતા Wealth Destruction નું કામ છે.

**૮. ૫ દિવસ કામ કરવું, ઘરે ખાવું પીવું અને શનિ-રવિ પાર્ટી કરવી**

નવા ટ્રેન્ડ પ્રમાણે ઇન્ડિયન કલ્ચરમાં ખાવું-પીવું અને જલસા કરવાની વૃત્તિ આવી છે. આજે જલસા કરી લો, કાલની ચિંતા કરવાની જરૂર નથી તે માનસિકતા નવી પેઢીમાં જોવા મળે છે. તેમજ ઓનલાઈન ફુડ પ્લેટફોર્મ Swiggy, Uber Eats, Zomato પર હવે તો રોજ બહારનું ખાવાની જાણે કે એક આદત અને ફેશન થઈ ગઈ છે અને આ એક ખર્ચ કરવાનો ટાઈમ બોમ્બ લોકોની શારીરિક અને માનસિક તેમજ આર્થિક હાલત ખરાબ કરે છે.

**૯. આવક અને ખર્ચનો નિયમિત હિસાબ :**

શાસ્ત્રમાં પણ લખ્યું છે કે નિયમિતપણે પોતાની આવક અને ખર્ચનો હિસાબ રાખવો અને આવકના ત્રણ ભાગ જેટલો ખર્ચ કરવો અને એક ભાગ જેટલી બચત કરવી. જ્યારે હવેની પેઢી કોઈ જાતનો હિસાબ રાખતી નથી અને મહિનાના છેલ્લા અઠવાડિયામાં કોઈની પાસેથી ઉછીના માંગી પોતાનો સમય પસાર કરે છે. આ સંજોગોમાં બચત તો કઈ રીતે થવાની?

**૧૦. આકસ્મિક જરૂરિયાતો માટેની જોગવાઈ**

આગળના મુદ્દામાં જણાવ્યા પ્રમાણે જ્યારે આવક ખર્ચનો હિસાબ નથી તો આકસ્મિક જરૂરિયાતની જોગવાઈ તો કઈ રીતે થવાની? હકીકતમાં વ્યક્તિએ ૩ મહિનાના ખર્ચનું જેટલું બજેટ હોય તેટલા પૈસા આકસ્મિક જરૂરિયાત માટે બેંક એકાઉન્ટમાં કે હાથ પર રોકડ રાખવી ફરજિયાત હોવી જોઈએ.

**૧૧. મેડિકલ ઇન્સ્યોરન્સનો અભાવ**

ભારતમાં ઈન્સ્યોરન્સનો વ્યાપ ૨.૫% જેટલો છે અને જે લોકો મેડિકલ ઈન્સ્યોરન્સ ધરાવે છે તે અપૂરતો છે. કારણકે દરેક વ્યક્તિને એવું છે કે મને કોઈ બીમારી આવવાની નથી, તો મારે ઈન્સ્યોરન્સની શી જરૂર? હકીકતમાં ફાસ્ટ લાઈફ, ફાસ્ટ ફુડ, કસરતનો અભાવ, પ્રદૂષણને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઘટી છે અને આ સંજોગોમાં મેડિકલ ઈન્સ્યોરન્સની જરૂરિયાત વધી છે. જેની પાસે ઈન્સ્યોરન્સ છે તેમણે ઈન્સ્યોરન્સનું કવરેજ ફુગાવા સાથે લિન્ક નથી. જેથી ૫ વર્ષ કે ૧૦ વર્ષ પહેલા ૧ લાખનો ઈન્સ્યોરન્સ જેની પાસે હોય તેની પાસે હાલમાં પણ તેટલો જ ઈન્સ્યોરન્સ છે. જ્યારે મેડિકલ સારવાર પાછળનો ખર્ચ ૫ થી ૧૦ ગણો વધ્યો છે અને જેની પાસે પૂરતો મેડિકલ ઈન્સ્યોરન્સ નહીં હોય તો એકાદ માંદગી પણ વ્યક્તિનું ૨ થી ૩ વર્ષનું બજેટ ખોરવી નાખશે.

**૧૨. નાણાંકીય આયોજનનો અભાવ**

આ બધાની પાછળ મુખ્ય કારણ નાણાંકીય આયોજનનો અભાવ. કોઈપણ નાણાંકીય આયોજન વ્યક્તિના ધ્યેય પર આધારિત હોવું જોઈએ અને દરેક રોકાણ જે તે ધ્યેયની સાથે જોડાયેલું હોવું જોઈએ. ઉદાહરણ તરીકે બાળકોના એજ્યુકેશનનું પ્લાનિંગ, બાળકોના મેરેજનું પ્લાનિંગ, ઘર બનાવવાનું પ્લાનિંગ, નિવૃત્તિનું પ્લાનિંગ – આ પ્લાનિંગ સાથે બચતને લીંક કરી હોવી જોઈએ.

**૧૩. સંતાનોના લગ્ન પાછળ બેફામ ખર્ચા :**

જે દેખાદેખીમાં અને સ્ટેટસ બતાવવા પાછળ વ્યક્તિની નાણાંકીય પરિસ્થિતિ ખોરવી નાખે છે. જરૂરિયાત કરતા વધારે સોનાની ખરીદી અને એકદમ ચુસ્ત રીતે ફિક્સ ડિપોઝીટમાં જ રોકાણના વિકલ્પોની અપૂરતી માહિતી અને જેમ કોઈ વ્યક્તિ બીમાર પડે તો ડૉક્ટરની સલાહ લે, કાયદાકીય ગૂંચ માટે વકીલની સલાહ લે, ઈન્કમટેક્ષની બાબત માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સલાહ લે, પરંતુ નાણાંકીય આયોજન માટે પોતે સૌથી વધુ જ્ઞાન ધરાવે છે તે પ્રકારની વ્યક્તિની માનસિકતાને પરિણામે વ્યક્તિનું નાણાંકીય આયોજન ભારતમાં બરાબર થઈ શકતું નથી.

હકીકતમાં નાણાંકીય આયોજન માટે એક Certified Financial Planner ની મદદ લેવી જોઈએ અને જેમ ડૉક્ટર, વકીલ અને પ્રોફેશનલને ફી ચૂકવવામાં આવે છે, તેવી જ રીતે નાણાંકીય આયોજન માટે પણ ફી ચૂકવવાની તૈયારી અને આવા ક્લોવિફાઈડ વ્યક્તિ પાસે જ વેક્શન નાણાંનું આયોજન કરવું જોઈએ. વિદેશમાં Financial Planner સિવાય કોઈ વ્યક્તિ નાણાંકીય બાબત માટે સલાહ આપી શકતા નથી, જ્યારે ભારતમાં દરેક વ્યક્તિ પોતાને બીજા કરતા સૌથી વધારે બુધ્ધિશાળી આ બાબતમાં સમજે છે.

*ધનવર્ષા ફીનકેપ પ્રા.લિ.*
*૪૦૮-૪૦૯, સ્પાન ટ્રેડ સેન્ટર,*
*એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

*આગળ વધતા રહેવું હોય તો પાછળ જોઈ જોઈને ચાલતા રહેવાનું ટાળવું જોઈએ.*

વડીલ વંદના

# વૃધ્ધાવસ્થાનો જીવનમંત્ર – "સદા પ્રસન્ન રહો"

• રમીલા પી. મહેતા •

ફરી ત્રણ વર્ષ બાદ અમેરિકા જવાનું થયું. પરિવારમાં મંગળ પ્રસંગે ભાઈઓ-બહેનો, ભાભી, ભત્રીજા, ભાણેજ, ભાણેજી અને તેમનો પણ વિશાળ પરિવાર સાથે ખૂબ મળ્યા. વાતો કરી. ખૂબ હસ્યા. લગ્ન પ્રસંગમાં ગીતો ગાયા... અંતે વિખુટા પડવાનો સમય આવ્યો. આવજો... આવજો, ફરી મળીશું કહેતા અશ્રુપૂર્ણ આંખે છુટા પડ્યા. મળવાનો આનંદ હતો અને હવે? પ્રશ્ન હતો કે ક્યારે મળશું? પણ આશા અમર છે ને!

ત્રણ વર્ષમાં અમેરિકામાં પણ આંખે ઉડીને વળગે એવો બદલાવ જોવા મળ્યો. **ભારતના સંસ્કારો, સમૃધ્ધિ અને બુધ્ધિમત્તાની ચારેકોર બોલબાલા જોઈ.** ભારતની સ્વીકૃતિ નેતાગીરી પર આધારિત છે એ વાત નિર્વિવાદ છે. યથા રાજા તથા પ્રજા.... આપણે ભારતમાં પણ એવા બદલાવને અનુભવી રહ્યા છીએ. માટે વધુ રોકાણ કેલિફોર્નિયામાં - લોસ એન્જેલસના - ટોરેન્સમાં રહેવાનું થયું. નાની પણ અતિશય વ્યવસ્થિત કાઉન્ટી. સફાઈ, સ્વચ્છતા અને નાગરિક ધર્મની પાલનની વાતોથી હવે બધા વાકેફ છે. એટલે એ વાતો કરતાં ટોરેન્સમાં કચ્છ જેવી આબોહવાનો અનુભવ એ વાત ગમશે. કેલિફોર્નિયા સ્ટેટની આબોહવા - જલવાયુ કચ્છ જેવા લાગે. ત્યાં વધારે ઠંડી નહીં અને ગરમી પણ નહીં. વરસાદનું તો એવું કે આવે તો આવે અને બે - ત્રણ વર્ષ સુધી મેઘરાજા ડોકાય પણ નહીં. આ વર્ષે ઝાકળ વધુ અનુભવાઈ. શેરી, ગાડી, ઘરના છાપરા પણ ભીના- ભીના. જાણે કે વરસાદ પડ્યો. પણ કલાક-બે કલાકમાં તો સૂરજ દાદાની સવારી ચઢી આવે અને પાછું બધું કોરુંધાકોર. માંડવીને યાદ કરતા અને આનંદ આનંદ છવાઈ જાય. ઠંડી લાગે એટલે ચાની ચુસ્કી તો ખરી જ. બાગ-બગીચા, વૃક્ષો બધા જાણે કે નહાઈ ધોઇને ચોખ્ખાચટ્ટ થઈ ડોલવા લાગે.

ત્રણ વર્ષ પહેલાની ટોરેન્સની સોનામા સ્ટ્રીટમાં દરરોજ ચેર-વૉકર લઇને ફરવા જતા જેરીભાઈને મળતી. પણ આ વખતે એક માસ પછી પણ ન દેખાયા! કેમ નહીં દેખાયા હોય? ક્યાંક બીજે રહેવા ગયા હશે? કે પછી કશું અમંગળ બન્યું હશે? મન શંકા-કુશંકામાં અટવાતું. પંદર-વીસ દિવસ બાદ રસોડાની બારીમાંથી દેખાતા રોડ પર જેરીભાઈને પોતાની ચેર-વોકર લઇ ચાલતા જોયા. ધીરે ધીરે ડગ માંડીને ચાલતા જેરીભાઈ સાથે આમ તો કોઈ જ નાતો નહીં. છતાંય મનમાં હાશ થઈ. ચહેરા પર એ જ સ્મિત - ખુમારી જોયા. એકલા રહે. કોણ પહેલા સાથે રહેતું હતું કે નહીં? હવે કોઈ નથી રહેતું? એવું ન જ પૂછાય. બસ, પહેલા પણ એકલા જોયા અને ત્રણ વર્ષ બાદ પણ એ બિંદાસ્ત રીતે એકલા એકલા ચાલ્યા જતા હતા. એકલો જાને રે... જેવું લાગે. હું વૉક લેવા નીકળું ત્યારે ક્યાંક કદાચ મળે તો હાથ હલાવી, મંદ મંદ હસે... ગુડ મોર્નિંગ કહે... બસ, આટલો જ નાતો. પણ મન છે ને? **માણસભૂખ્યા માણસોને ત્યાં રસ્તે કોઈ માનવી ચાલતો દેખાય તો પણ રાજી રાજી...** ત્યાં જોયેલા વડીલોને બહુ ફરિયાદ કરતાં નથી સાંભળ્યા. આપણા ભારતીયો કદાચ ફરિયાદ કરે પણ સમય-સંજોગ સાથે સમાધાન કરી લીધા બાદ સ્વીકારની વાતો સાંભળવા મળે. જેરીભાઈની ઉંમરના ત્યાંના વયસ્કો ઝીંદાદિલ અને આત્મવિશ્વાસથી જીવતા જોયા... અમેરિકાના ત્યાંના સમાજમાં મહદ્ અંશે વડીલો સાથે દીકરા ભાગ્યે જ રહેતા હોય છે. ત્યાંના સમાજના ભાગરૂપે એ પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે. એકલી રહેતી મા કે પિતા વયના સરવાળા કર્યા વગર આરામથી જીવે છે. સરકારની યોજના પ્રમાણે વયસ્કો માટે મેડિકલ, પ્રવાસ, જીવનયાપન ભથ્થું નિયમિત મળતા રહે છે. ત્યાં અમેરિકામાં સિનિયર સિટીઝન (ગમે તે દેશનો હોય પણ હાલ અમેરિકાનો સિટીઝન હોવું ફરજિયાત છે) માટે સેન્ટર ચલાવવામાં આવે છે. ત્યાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત. સરકારી નિયમ પ્રમાણે સંચાલકો સેન્ટર ચલાવે અને તે મુજબ દરેક વ્યક્તિ દીઠ ખર્ચની રકમ સરકાર તરફથી સંચાલકોને મળે... પછી બધે બધું સારું હોય એવું નથી હોતું. ક્યારેક સંચાલકો ખોટી હાજરી બતાવે. નિયમોનું એટલે કે ખોરાક, બસની વ્યવસ્થા, મનોરંજન ટ્રીપ, મેડિકલ સારવાર માટે ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ પ્રમાણે સભ્યોને લઇ જવા કે એવી ગતિવિધિમાં સહેજ ચૂક - ઢીલાશ કરે એ ન ચલાવી લેવાય. કારણ અમેરિકન સરકાર ટેક્ષમાંથી આ પ્રકારનું બજેટ નિભાવતી હોય છે. એટલે

*સંસ્કારચોર, સદ્ગુણ ચોર અને સમય ચોર એ સંપત્તિચોર કરતા વધુ ભયંકર છે.*

સહજ છે કે સેન્ટર તરત બંધ થઈ જાય. નિયમિત ચેકિંગ, નિયમિત હાજરીનો રિપોર્ટ કાઉન્ટીમાં પહોંચાડવાનો હોય. એટલે ખોટું કરવાવાળા તરત પકડાઈ જાય. પછી તો કામમાં ચુસ્તી અને નિયમ પાલનમાં પણ કડકાઈ રહે જ. સેન્ટરનો સભ્ય પણ લાંબો સમય ગેરહાજર ન રહી શકે. સવારે નવ વાગે લગભગ બધાને બસ દ્વારા સેન્ટર સુધી પહોંચાડવાના અને બપોરે લંચ બાદ ચાર વાગ્યા સુધી બધાને ઘેર પહોંચાડવાના. ક્યારેક ફિલ્મ જોવાનો, મૉલમાં ખરીદીનો કે ક્રુઝનો પ્રોગ્રામ ગોઠવાય. સેન્ટરમાં વડીલોને કેરમ, ચેસ કે પત્તાની નિર્દોષ ગેમ રમતા આ લખનારે જોયા છે. **જુઓને, તકલીફ તો બધે જ હોય છે પણ મોજમસ્તીમાં રહેવું અને જે મળે – હક્ક અને ન્યાય પ્રમાણે – તેનો સ્વીકાર કરવો એ પ્રકારની મનોવૃત્તિ મોટાભાગના વડીલોમાં જોવા મળે.** ભારતીય પરંપરા, પરિવાર પધ્ધતિ કે કુટુંબ પ્રથા ત્યાં પણ હવે જોવા ન મળે. દીકરા, પુત્રવધૂ કે દીકરી - જમાઈ જોબ કરે ત્યારે ત્યાં સ્થાયી વડીલો માટે સેન્ટરની હૂંફ મળે અને સદા બધા સાથે રહેવાનું થાય. તહેવારોની મોજ પણ માણે, વિવિધ રમતો રમે અને આપણા ગુજરાતીઓ તો જ્યાં વસે ત્યાં ગરબા, ગીતો અને અવસર ઉજવવાની મોજે મોજ માણતા હોય છે. સેન્ટરમાં પણ નવરાત્રિ, દિવાળી, નાતાલ કે ગણેશ ઉત્સવની ઉજવણી થાય. ત્યાં રહો છો પછી ત્યાંની પરિસ્થિતિ, હવામાન અને રીત રીવાજને અપનાવીને રહેવામાં જ મજા છે. સદા ખુશ રહો... પરિવાર સાથે તહેવાર માણો અને જે મળ્યું છે, મળે છે તેના માટે ઈશ્વરનો આભાર માનો એ પ્રકારની જીવનશૈલીથી જીવતા વડીલોને આનંદમાં રહેતા જોયા છે. બાકી વય વધે એમાં નવું નથી. ઉંમરનો એક આંકડો છે. “હવે સાંઇઠ થઈ ગયા, મારાથી હવે ન થાય.” “ઘણા વર્ષ કર્યું, હવે તો આરામ કરવાનો હોય ને? પછી કેટલા વર્ષ ખેંચ્યા કરવું?” આ મનોદશા જીવતા માનવીને નિરાશામાં ધકેલી દે છે. **વયનું ગણિત માંડતા વડીલો વહેલા વૃધ્ધ થાય છે. મનથી અને શરીરથી પણ. બાકી જીવો અને જિંદગીને માણો મોજથી.** ફરિયાદ નથી ત્યાં તકરાર નથી. સાચું ને?

*અમૃત ઘાયલની પંક્તિ સાથે મારી વાત પૂરી કરું :*

*“રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,*
*થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના*
*નિજ મસ્ત થઈ જીવન આ પૂરું કરી જવાના*
*બિંદુ મહી ડૂબીને સાગર તરી જવાના.”*


**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I **KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**● FACTORY ●**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
**● RESIDENCE ●**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

**WITH BEST WISHES FROM**
**MORBIA GROUP OF COMPANIES**

sofa wala The Sofaz Expert
WORLD link IT Rental & Sales
furniture mall

**SUKHLAL MORBIA & FAMILY**

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
**M. : 98252 36494, 98252 27499**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## આધારસ્થંભોની અભિવંદના : મણકો-૩

*– અશોક મહેતા*

## શ્રી મનસુખભાઈ વશરામભાઈ રૂડાણી / પટેલ



સદાયે હસમુખો ચહેરો, હકારાત્મક વિચારસરણી, કોઈ પણ રચનાત્મક કાર્યનું સૂચન કરો તો ક્યારે પણ તેમના મુખેથી ના સાંભળવા ના મળે. કોઈ પણ કાર્યમાં અગ્રેસર રહેવાની તૈયારી. કોઈ પણ કાર્યક્રમ પાછળ આર્થિક બળ પૂરું પાડવા પણ સદાયે તત્પર, એવા શ્રી મનસુખભાઈ વશરામભાઈ રૂડાણી / પટેલ આજની આપણી કથાના મૂળ નાયક છે. તેઓશ્રી નખત્રાણા તાલુકાના કોટડા - જડોદર ગામના વતની છે. બાળપણ અમદાવાદમાં જ વિતાવ્યું. શાળાકીય અભ્યાસ પણ તેમણે અમદાવાદમાં રહીને પૂરો કર્યો. રાયપુર, અમદાવાદ ખાતેની વિવેકાનંદ કૉલેજમાંથી વર્ષ ૧૯૭૫માં બી.કોમ.ની પદવી મેળવી.

તેઓશ્રી શરૂથી જ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં દિલચસ્પી દાખવી, ભાગ લેતા હતા. વર્ષ ૧૯૯૫-૯૬થી બે વર્ષ માટે સહમંત્રી પદે રહ્યા. વર્ષ ૧૯૯૭-૯૮થી બે વર્ષ માટે ખજાનચી પદે રહ્યા. વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી ત્રણ વર્ષ માટે ઉપપ્રમુખના પદે રહ્યા અને વર્ષ ૨૦૦૨-૦૩થી સતત ૯ વર્ષ સુધી એટલે કે વર્ષ ૨૦૧૦-૧૧ સુધી પ્રમુખપદે રહી સમાજમાં અનેક પ્રકારની ઉત્તમ કેડીઓ કંડારેલ હતી.

***તેઓશ્રીના પ્રમુખપણા હેઠળ જે કંઈ કાર્યો કરવામાં આવેલ, તેમાંના કેટલાક અગત્યના કાર્યોની નોંધ નીચે મુજબ લઈ શકાય :***

★ વર્ષ ૨૦૦૩માં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સાંનિધ્યમાં સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે “કચ્છી મેળા”નું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

★ વર્ષ ૨૦૦૪માં કચ્છી માડુ વિનોદ ગણાત્રા નિર્મિત અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકેલ કચ્છી બાળ ડોક્યુમેન્ટરી ફિલ્મ “હેડા હૂડા”નો એક શો યોજવામાં આવેલ હતો.

★ તા. ૧૭-૬-૨૦૦૭ના રોજ કચ્છી યુથ ફોરમની સ્થાપના કરવામાં આવેલ હતી.

★ તા. ૧૫-૭-૨૦૦૭ના રોજ ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટને જીવદયા ક્ષેત્રે ભગીરથ કાર્ય કરવા બદલ “જીવદયા રત્ન ઍવોર્ડ”થી નવાજવામાં આવેલ હતા.

★ તા. ૧૩-૧૦-૨૦૦૭ના રોજ શ્રી કચ્છી યુથ ફોરમ આયોજિત નવરાત્રિ ગરબા મહોત્સવ, બળવંતરાય હોલ - કાંકરીયા મધ્યે યોજવામાં આવેલ હતો.

★ તા. ૪-૧૧-૨૦૦૭ના રોજ ભુજ ખાતે કચ્છશ્રુતિ આયોજિત “કચ્છી ટૂંકી વાર્તા સ્પર્ધા”નું આયોજન અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

*આપતા રહેવા છતાં ક્યારેય ખૂટે નહીં એવી સંપત્તિ એટલે પ્રેમ.*

★ તા. ૨૬-૨-૨૦૦૮ના રોજ કચ્છના નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના બહુમાનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ તા. ૨૭-૪-૨૦૦૮થી તા. ૧-૫-૨૦૦૮ના ૫ દિવસ દરમિયાન ચિત્રકલા તાલીમ શિબિર અને હરીફાઈનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ તા. ૫-૭-૨૦૦૯ના રોજ ટાઉન હોલ ખાતે કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ અને ખાંડેકર બ્રધર્સની ઑરકેસ્ટ્રા સહિતની સંગીતની મહેફિલ રાખવામાં આવેલ હતી.

★ તા. ૨-૫-૨૦૧૦ તથા તા. ૧૯-૬-૨૦૧૧ના રોજ બાળ ચિત્ર સ્પર્ધાના કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.

★ તા. ૧૧-૭-૨૦૧૦ના કચ્છી નૂતન વર્ષ નિમિત્તે અપ્સરા થિયેટર - કાંકરીયા ખાતે કચ્છી માડુ વિનોદ ગણાત્રા નિર્મિત બે બાળ ડોક્યુમેન્ટરી ફિલ્મો "હેડા-હૂડા" અને "હારુન-અરુણ"નો શો રાખવામાં આવેલ હતો.

★ તા. ૯-૧-૨૦૧૧ના રોજ જિલ્લા પંચાયત હોલ - ભુજ ખાતે (૧) કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં, (૨) કચ્છ કલામ અને (૩) સ્વ. પ્રેમજીભાઈ ઠક્કર જન્મ શતાબ્દી વંદનાના પુસ્તક વિમોચન તથા સી.ડી. વિમોચન અને વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ તા. ૨૬-૮-૨૦૧૧ના રોજ અન્ના હજારેના સમર્થનમાં સવારના ૧૦થી સાંજના ૬ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર એક દિવસનો ધરણા કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ તેઓશ્રીના સમયમાં વિવિધ વર્ષો દરમિયાન કચ્છશ્રુતિના પ્રજાસત્તાક પર્વ વિશેષાંક, દિવાળી વિશેષાંક, અષાઢી બીજ વિશેષાંક, પરિવાર વિશેષાંક, વયસ્ક વિશેષાંક તેમજ આહાર વિશેષાંક જેવા અંકો પ્રકાશિત કરવામાં આવેલ હતા.

આ રીતે તેમના સમયમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ભાતીગળ કાર્યવાહી યશસ્વીપૂર્ણ રીતે પાર પાડવામાં આવેલ હતી. આ બધા કાર્યક્રમોનો યશ આજની કથાના મૂળનાયક એવા શ્રી મનસુખભાઈ પટેલના મિલનસાર સ્વભાવ અને દીર્ઘદૃષ્ટિના ફાળે જાય છે.

***શ્રી મનસુખભાઈ પટેલની કાર્યવાહી વિવિધ સ્વરૂપની રહેવા પામેલ હતી. તેઓ માત્ર શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું નેતૃત્વ સંભાળીને બેસી રહે તેવા ન હતા. તેઓએ અન્ય સ્થળે પણ પોતાની સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી હતી. તેઓશ્રીની સેવાના કેટલાક ઉદાહરણોની નોંધ આપણે નીચે મુજબ લઈ શકીએ.***

- **ઓઢવ - કુહા રોડ પર સૉ મિલ એસોસિએશન :**

સૉ મિલ ધારકોને થતી કનડગત દૂર કરવા વર્ષ ૧૯૮૫માં "ઓઢવ - કુહા રોડ સૉ મિલ એસોસિએશન"ની સ્થાપના કરી તેના પ્રથમ સેક્રેટરી બન્યા અને અહીં પોતાની કાર્યવાહી શરૂ કરી.

એ સમયે ફોરેસ્ટ ઓફિસરે ટ્રક / ટ્રેક્ટર / ઊંટગાડી સહિતના લાકડાના માલ સામાનને જપ્ત કરી તેને ગાંધીનગર લઈ ગયા. સરકારશ્રીના વિવિધ વિભાગોમાં યોગ્ય રજૂઆત કરી સૉ મિલ ધારકોને આ કનડગતમાંથી બહાર કાઢી, સૉ મિલ દારકોના વ્યવસાયને સુરક્ષિત કરવાના પૂરતા પ્રયાસો કર્યા.

ત્યારબાદ વર્ષ ૧૯૯૦માં આ એસોસિએશનના પ્રમુખ બની પોતાની કામગીરી ચાલુ રાખેલ હતી.

- **વિશ્વ હિંદુ પરિષદ :**

તેઓશ્રી ૧૯૮૬થી ૧૯૯૫ સુધી વિશ્વ હિંદુ પરિષદમાં કાર્યરત રહ્યા.

૧૯૮૬થી ૧૯૯૦ સુધી 'ઓઢવ પ્રખંડ પ્રમુખ' તરીકેની જવાબદારી નિભાવી. અહીં તેઓશ્રીએ જરૂરી એવી 'ફંડ કલેક્શન સમિતિ'ની રચના કરેલ હતી.

૧૯૯૦થી ૧૯૯૫ સુધી જિલ્લા પ્રમુખની જવાબદારી વ્યવસ્થિતપણે નિભાવી. અહીં તેઓશ્રીએ ગૌરક્ષાની જવાબદારી સ્વીકારી, અનેક કસાઈઓ સાથે જીવ સટોસટના ખેલ ખેલી અનેક ગાયોને કતલખાને જતી બચાવી. તેઓશ્રીની આ ઉમદા કામગીરી તે સમયે વિશ્વ હિંદુ પરિષદે ખૂબ જ સારી રીતે નવાજેલ હતી.

*પ્રસન્ન બન્યા રહેવાનો શ્રેષ્ઠ વિકલ્પ પ્રેમાળ બન્યા રહેવું.*

- **ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન :**

એ સમયે ઈલેક્ટ્રિક પાવર પર ચાલતી સૉ મિલ મશીનરી પર ગુજરાત સરકારે ચાલુ દર ૧૦ ટકાથી વધારી ૩૦ ટકા સુધી એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કર્યો. તેની સામે શ્રી ગોપાલભાઈ નથ્થુભાઈ પટેલ સાથે રહી ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનમાં રજૂઆત કરી. ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશને એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરાવવાની જવાબદારી ફેડરેશન વતી શ્રી મનસુખભાઈ પટેલ તથા શ્રી ગોપાલભાઈ પટેલને સુપ્રત કરી. ત્યારબાદ શ્રી મનસુખભાઈ તથા શ્રી ગોપાલભાઈએ આ હકીકતની વિગતવાર રજૂઆત ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ પટેલ સમક્ષ કરી અને એક્સાઝિ ડ્યુટી પાછી ૧૦ ટકા કરાવી. આ યશવર્તી કામગીરીની સામે ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશને વર્ષ ૧૯૯૪માં બંને મહાનુભાવોનો સમાવેશ ફેડરેશનની કારોબારી સમિતિમાં કર્યો.

વર્ષ ૧૯૯૨માં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી. તેની સામે ભારતભરમાં ઠેરઠેર હુલ્લડ થયા અને અનેક સ્થળે લાકડાની સૉ મિલો સળગાવવામાં આવી. તેના પરિણામે વીમા કંપનીઓને હદ બહાર ચૂકવણું કરવાની જવાબદારી આવી. તેથી વીમા કંપનીઓએ એસ.એસ.આઈ. યુનીટોના વીમાના પ્રીમિયમનો દર જે ૧ ટકા હતો તે વધારીને સીધો ૧૧.૭૮ ટકા કર્યો. ઓલ ઈન્ડિયા લેવલ પર આ પ્રીમિયમના દરના વધારા સામે મહારાષ્ટ્ર ટીમ્બર એસોસિએશને લડત ઉપાડેલ હતી. આ દરમિયાન તા. ૧૨-૧૨-૧૯૯૬ના સુપ્રીમ કોર્ટે લાઈસન્સ વગરની સૉ મિલ બંધ કરાવવાનો આદેશ આપ્યો. તેથી મહારાષ્ટ્ર ટીમ્બર એસોસિએશન આ પ્રશ્નને સુલઝાવવામાં પડી જતાં, વીમા પ્રીમિયમ ઘટાડવાની કાર્યવાહી પર કાર્યરત ના રહી શકતા આ કામની જવાબદારી એટલે કે વીમા પ્રીમિયમના દર ઘટાડવાની જવાબદારી ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન પર મૂકવામાં આવી.

એ સમયે ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનમાં શ્રી મનસુખભાઈ પટેલ સેક્રેટરી પદે બિરાજમાન થઈ ચૂકેલ હતા. તેથી તેમણે આ જવાબદારી સ્વીકારી લીધી. અમદાવાદના મેયર રહી ચૂકેલ ભાવનાબેન દવે અને સુરેન્દ્રનગર જિલ્લાના તત્કાલીન સંસદ સભ્યની સાથે રહી શ્રી મનસુખભાઈ પટેલ કેન્દ્રના નાણાંમંત્રી શ્રી યશવંત સિંહાને મળ્યા અને પોતાના પ્રશ્નની સફળતાપૂર્વક રજૂઆત કરી, વીમા પ્રીમિયમનો દર ૧૧.૭૮ ટકાના બદલે ૫.૫ ટકા કરાવ્યો.

શ્રી મનસુખભાઈ પટેલ ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનના સેક્રેટરી પદે ૧૯૯૬ / ૯૭ / ૯૮ – એમ ૩ વર્ષ સુધી રહ્યા અને ત્યારબાદ તેના પ્રમુખપદે ૧૯૯૯ / ૨૦૦૦ એમ બે વર્ષ સુધી રહ્યા તે સમયની તેમની મુખ્ય કામગીરીની નોંધ નીચે મુજબ લઈ શકાય.

૧. વીમા પ્રીમિયમના દરમાં ઘટાડો કરાવડાવ્યો.
૨. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કનડગતવાળા નિયમોમાં સુધારો કરાવી સમગ્ર ગુજરાતના સૉ મિલ ધારકોને રાહત અપાવડાવી.
૩. લાકડા પર જે ૧૪ ટકા સેલ્સ ટેક્ષ લેવામાં આવતો હતો, તેના દર ૮ ટકા કરાવડાવ્યા.
૪. પ્લાયવુડ પર જે ૧૫ ટકા સેલ્સ ટેક્ષ લેવામાં આવતો હતો, તેના દર ૬ ટકા કરાવડાવ્યા.

- **અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ :**

વર્ષ ૧૯૯૩થી તેઓશ્રી આ યુવા સંઘની કારોબારી સમિતિમાં જોડાયા.

વર્ષ ૧૯૯૯થી ૨૦૦૨ સુધી તેઓશ્રી આ યુવા સંઘના પ્રમુખપદે બિરાજમાન થઈ પોતાની સેવાઓ આપી કે જેમાંની મુખ્યત્વે નીચે મુજબની રહેલ હતી.

૧. ઓલ ઈન્ડિયામાં યુવા સંઘના ૯ ઝોન બનાવડાવ્યા.
૨. વર્ષ ૨૦૦૧માં અંકલેશ્વર ખાતે યુવક / યુવતી પરિચય મિલન સમારંભ ગોઠવ્યો.
૩. બધા જ ૯ ઝોનના યુવકોની ટેલન્ટ બહાર લાવવા વર્ષ ૨૦૦૨માં ગાંધીનગર ખાતે યુવા મહોત્સવનો કાર્યક્રમ યોજેલ હતો કે જેનું ઉદ્‌ઘાટન ગુજરાત વિધાનસભાના તત્કાલીન અધ્યક્ષ સ્વ. શ્રી ધીરુભાઈ શાહે કરેલ હતું. આ યુવા મહોત્સવમાં ક્રિકેટ, વોલીબોલ, એથ્લેટીક્સ, ગરબા, વક્તૃત્વ સ્પર્ધા જેવા અનેક રમતગમત તથા સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા.

- **અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ :**

આ સમાજની કારોબારી સમિતિમાં તેઓશ્રી વર્ષ ૧૯૯૯થી જોડાયા.

*ધનવિતરણ કરતાં ય પ્રેમ વિતરણ એ ચડિયાતો પરોપકાર છે.*

વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૧૪ સુધી તેઓશ્રી આ સમાજના ઉપપ્રમુખના હોદ્દા પર રહ્યા.

વર્ષ ૨૦૧૪થી તેઓશ્રી આ સમાજના ટ્રસ્ટીપદે રહી હાલે પણ પોતાની જવાબદારી નિભાવે છે.

આ દરમિયાન તેઓશ્રીના હસ્તકે નીચે મુજબની કાર્યવાહી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી.

૧. જાન્યુઆરી-૨૦૦૭માં મુલુંડ, મુંબઈ ખાતે બે દિવસીય બિઝનેસ સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં સમગ્ર સમાજના ૩૫૦૦ જેટલા બિઝનેસ ટાયફૂન એકત્રિત થયેલ હતા. સામાજિક તથા આર્થિક વિષયો સાથે સંકળાયેલા જુદા જુદા નિષ્ણાતોના વક્તવ્ય રાખવામાં આવેલ હતા કે જેમાં પાણી, કૃષિ, બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન અને શેર માર્કેટ જેવા વિષયો હતા. B ટુ B પ્રકારના સેમિનારો પણ યોજવામાં આવેલ હતા. આ સમય દરમિયાન તેઓશ્રીએ ફંડ રેઈઝિંગ સમિતિના ચેરમેનપદની જવાબદારી નિભાવેલ હતી.

૨. ૨૯ ઝોનના સંગઠનની જવાબદારી નિભાવી.

૩. નખત્રાણા કૉલેજની કામગીરી સંભાળી.

૪. CBSC સ્કૂલ - સુરતની કામગીરી સંભાળી કે જે સમયે આ સ્કૂલે વર્લ્ડ રેકોર્ડ નોંધાવેલ હતો.

- **દેવ આશિષ હોસ્પિટલ - નખત્રાણા :**

વર્ષ ૨૦૦૫થી તેઓશ્રી આ હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે.

નખત્રાણા ખાતેની આ હોસ્પિટલ ૩૩ બેડની છે અને મુખ્યત્વે અહીંનો ગાયનેક વિભાગ અતિ મહત્ત્વનો છે. દરરોજ જનરલ ઓ.પી.ડી.ની સંખ્યા સારી એવી રહે છે. અહીં દર મહિને નેત્રયજ્ઞ નિઃશુલ્કપણે કરવામાં આવે છે. અહીં ડાયાલિસિસના બે મશીન વસાવવામાં આવેલ છે કે જેના પર દરરોજ ડાયાલિસિસના પેશન્ટોને સેવા આપવામાં આવે છે.

કચ્છના નખત્રાણા વિભાગમાં આ હોસ્પિટલે સારી એવી નામના પ્રાપ્ત કરેલ છે.

- **કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ - નખત્રાણા :**

૨૦૦૯થી આ કૉલેજની કામગીરી સંભાળી લીધી તથા અહીં પ્રમુખપદના હોદ્દા પર રહ્યા.

આ કૉલેજ આર્ટસ એન્ડ કોમર્સના ગ્રેજ્યુએટ પદ સુધીની કાર્યવાહી સંભાળે છે. દર વર્ષે અહીં લગભગ ૬૦૦ ઉપરાંત વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

- **ઉમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ - વલથાણ, સુરત :**

આ સંસ્થા SUV ઈન્ટરનેશનલ સ્કૂલ ચલાવે છે. CBSC માધ્યમની આ સ્કૂલમાં કે.જી.થી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસક્રમ કરાવવામાં આવે છે. શ્રી મનસુખભાઈ પટેલે આ સંસ્થાના પ્રમુખપદે રહી વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૧૮ દરમિયાન સેવાઓ આપેલ હતી.

એ સમયે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનના અનુસંધાને આ સ્કૂલ દ્વારા ગ્રૂમ ડાન્સનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં ૬૪૦ વ્યક્તિઓએ ભાગ લઈ ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવેલ હતું. તેમજ જિલ્લા સ્તરે, રાજ્ય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ શાળાના વિદ્યાર્થીઓએ ૯૨ જેટલા ઍવોર્ડ મેળવેલ હતા.

- **રૂડાણી પરિવાર :**

રૂડાણી પરિવારની વસ્તીની સંખ્યા સમગ્ર ભારતમાં લગભગ ૧૨૦૦૦ વ્યક્તિઓની છે.

શ્રી મનસુખભાઈ આ સંસ્થાના પણ પ્રમુખપદે હાલે બિરાજમાન છે અને ત્યાંથી પોતાની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે.

***આ હતી શ્રી મનસુખભાઈ પટેલની સામાજિક પ્રવૃત્તિઓની ઝલક કે જેની ભાતીગળ કાર્યવાહી વચ્ચે પણ તેમણે પોતાના વ્યવસાયની કામગીરી પણ તેટલી જ જ્વલંત બનાવેલ છે.***

---

*સદ્‌ગુણોની બેંકમાં ચાલતી કોઈ એક જ કરન્સી હોય તો તે છે પ્રેમ.*

- **વ્યવસાયીક કામગીરી :**

તેઓશ્રી વર્ષ ૧૯૭૩થી પોતાના પિતાશ્રીના વ્યવસાય "ગણેશ સૉ મિલ"માં બેસવા લાગ્યા.

વર્ષ ૧૯૭૮માં "લક્ષ્મી સૉ મિલ"ની ઓઢવ ખાતે સ્થાપના કરી.

વર્ષ ૧૯૯૦માં "ગણેશ ક્યુબ ઈન્ડસ્ટ્રીઝ"ના નામથી ઓઢવમાં આઈસ ફેક્ટરીની શરૂઆત તેમની આગેવાની હેઠળ કરવામાં આવી.

વર્ષ ૧૯૯૨માં "લક્ષ્મી ક્યુબ ઈન્ડસ્ટ્રીઝ"ના નામે ઓઢવમાં બીજી આઈસ ફેક્ટરીની સ્થાપના પણ તેમની આગેવાની હેઠળ કરવામાં આવી.

વર્ષ ૨૦૦૦માં તલોદ ખાતે તેમની આગેવાની હેઠળ લક્ષ્મી વુડ ઈન્ડસ્ટ્રીઝના નામથી પ્લાયવુડ ફેક્ટરીની શરૂઆત કરવામાં આવી કે જે પ્લાયવુડની સાથે સાથે બ્લેક બોર્ડ તથા ડોર્સ બનાવવાની કામગીરી પણ કરે છે.

વર્ષ ૨૦૦૫માં તલોદ ખાતે તેમની આગેવાની હેઠળ "સ્ટર્લિંગ લેમ લિમિટેડ" નામની લેમીનેટ ફેક્ટરીની શરૂઆત કરવામાં આવી.

વર્ષ ૨૦૦૯-૧૦માં અંકલેશ્વર ખાતે "સીલીકોન જ્વેલ ઈન્ડસ્ટ્રીઝ" નામથી પાર્ટીકલ બોર્ડ બનાવવાની શરૂઆત પણ તેમની આગેવાની હેઠળ કરવામાં આવી.

એ જ રીતે વર્ષ ૨૦૧૦-૧૧માં "અંબિકા બોર્ડ ઈન્ડસ્ટ્રીઝ"ના નામે વિનિયર પ્રોડક્ટ બનાવવાની શરૂઆત કરવામાં આવી. એ પ્રમાણે વર્ષ ૨૦૧૦માં ઓઢવ ખાતે હીરો હોન્ડા શો રૂમની શરૂઆત કરવામાં આવી.

શ્રી મનસુખભાઈ પટેલની આગેવાની હેઠળની વ્યવસાયીક કામગીરીને પણ દાદ આપવી પડે.


શ્રી કચ્છી સમાજ - અમદાવાદને આ પ્રકારના મહારથીની સેવા પ્રાપ્ત થઈ, તે આ સમાજ માટે ખુશનસીબીની વાત છે.

આપણે સૌ શ્રી મનસુખભાઇ પટેલની કામગીરીને વધાવી લઈએ. તેઓશ્રીને નત મસ્તકે વંદન કરીએ.

---

## શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૦)

**(અનુસંધાન : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)**




Retrogresss – પાછળ હઠવું, બગાડવું, અવનત થવું, ઊતરી જવું, પડતી થવી, અધઃપતન થવું, Aggress – આક્રમણની પહેલ કરવી વ.) તેવા શબ્દના મૂળ લેટીન ભાષામાં રહેલા છે.

એલન ઓક્ટાવિયન હ્યુમ, જે એક ઇમ્પિરીયલ સિવિલ સર્વિસીસના ઓફિસર તરીકે કાર્યરત હતા તેમજ રાજકીય સુધારાવાદી હતા તેમણે બ્રિટીશ ઇન્ડિયામાં આ શબ્દ "કોંગ્રેસ"નો ઉપયોગ આ રાજકીય પાર્ટીની સ્થાપનાના નામાંકરણ માટે ૧૩૩ વરસ પહેલાં ૨૮ ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ કરેલ. તેમની ટીમના અન્ય સભ્યોમાં દાદાભાઈ નવરોજી, દિનશો વાચ્છા અને વોમેશચંદર બેનરજીની હતા. આ ૧૩૩ વરસો દરમિયાનમાં કોંગ્રેસના ચૂંટણીના પ્રતીકો બદલાતા રહ્યા. બે બળદની જોડીમાંથી ગાય અને વાછરડું અને ત્યારબાદ ૧૯૬૯ની મધ્યમાં પાર્ટીમાં ભાગલાં પડતાં આવી ગયો પંજો. અને તે પંજાએ ત્રિરંગામાં વચ્ચે રેંટિયાની જગ્યાએ પોતાનું સ્થાન જમાવ્યું. પરંતુ તેનાથી ૨૩૦ વરસો પહેલાં, સાથેના પિક્ચરમાં દેખાતા અમેરિકાની પાર્લામેન્ટ, જેનું નામ "કોંગ્રેસ" છે અને તેની સ્થાપના ૪ માર્ચ, ૧૭૮૯ના થયેલ છે. ત્યારબાદ, એલન ઓક્ટાવિયન હ્યુમનો ફોટો અને કોંગ્રેસ પાર્ટીના ચિહ્નો અને ધ્વજ પણ દર્શાવેલ છે. (કોં)ગ્રેસ શબ્દના અર્થમાં પ્રસ્તુત છે તેવી રીતે તેનું આગળ વધવું, પાછળ ખસવું, લગભગ એક્ઝીટ લેવી અને તેને અધઃપતન સુધી લઈ જવી એ ક્રમ દેખાય છે અને તેથી જ કદાચ તેના હાલના પ્રમુખ Aggressive – આક્રમક થઈને આ વખતે ચૂંટણી પ્રચાર કરી રહેલ છે. ■

---


sharpex®
forest & garden solutions
ઝાડ હોય કે ડાળ,
શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !
શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કર્ટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.
શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.
નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.
બ્રાંચ કટર
પેટ્રોલ ચેઈન સો
ગ્રીન વેસ્ટ શ્રેડર
TRITON
શોરૂમ : શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.
ફેક્ટરી : પ્લોટ નં 1-5, એલ ટાઇપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: 1800-313-3303 | +91-9998333933


જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૦)



તુલસી કંસારા

***Amendment* = *અમેન્ડમેન્ટ* =** *દસ્તાવેજ વગેરેમાં સુધારો-વધારો, ફેરફાર, સંયુક્ત રાજ્યોના બંધારણમાં ઉમેરેલી કલમ, સુધારો, ક્ષતિ સુધારણા, વિશુદ્ધકરણ.*





કોઈપણ લખાણ હોય તેમાં બાજુના ચિત્રમાં દર્શાવેલ છે તેમ ઉપરી અધિકારી કે તે વિષયના નિષ્ણાત દ્વારા જ્યારે સુધારા વધારા દર્શાવવામાં આવે તેને અંગ્રેજીમાં અમેન્ડમેન્ટ કહેવામાં આવે છે. આવા જ અન્ય અંગ્રેજી શબ્દો છે મૉડિફિકેશન, રીફૉર્મ (આ શબ્દ ખાસ તો અનિષ્ટ નાબૂદ કરવું, નવેસરથી તૈયાર કરવું, નવનિર્માણ કરવું, મરામત કરવી, રાજકારણમાં અનિષ્ટો દૂર કરવા તે, રાજકારણમાં બદીઓ દૂર કરવી તે, કાયદાના ખરડામાં કરાતો સુધારા વગેરે સંદર્ભમાં વપરાય છે), કરેક્શન, ચેન્જ, ઑલ્ટરેશન (ફેરફાર, પરિવર્તન, વૈવિધ્ય) વગેરે.

આપણે અમેન્ડમેન્ટની વાત કરીએ તો ખાસ કરીને આપણા દેશના બંધારણ (કોન્સ્ટિટ્યુશન)માં અત્યાર સુધીમાં ૧૦૩ સુધારા વધારા થઈ ચૂક્યા છે. પ્રથમ સુધારો તા. ૧૦-૫-૧૯૫૧ના રોજ કરવામાં આવેલ જ્યારે જમીનદારી નાબૂદી, વાણી સ્વાતંત્ર્ય પર લગામ તેમજ શિડ્યુલ ક્લાસ અને ટ્રાઈબ્સનો સામાજિક તેમજ શૈક્ષણિક રીતે વિકાસ થઈ શકે તે માટે ખાસ કલમો મૂકવામાં આવેલ. અને છેલ્લો સુધારો તા. ૧૨-૧-૨૦૧૯ના રોજ આર્થિક રીતે પછાત લોકો માટે ૧૦ ટકા અનામતનો કરવામાં આવેલ છે.

***Constitution* = *કૉન્સ્ટિટ્યુશન* =** *રચના, બંધારણ, શરીરનું બંધારણ કે ઘડતર કે પ્રકૃતિ, રાજ્ય વ્યવસ્થાનું સ્વરૂપ, રાજ્ય બંધારણ.*

આ શબ્દ આમ તો જાણે ગુજરાતી ભાષાનો ભાગ બની ગયેલ છે. આમ છતાં પણ તેના વિવિધ અર્થ જાણવામાં ઘણા




વાંચકોને રસ હશે. કોઈ પણ જીવિત કે નિર્જીવની રચના કે ઢાંચા માટે આ 'કોન્સ્ટિટ્યુશન' શબ્દ વાપરવામાં આવે છે. કોઈ પણ સંસ્થા પછી તે રાજવ્યવસ્થા માટે હોય કે સામાજિક વ્યવસ્થા માટે, વેપાર માટે હોય કે ઉદ્યોગ માટે, દરેકને તેનું બંધારણ હોય છે. આ અંગ્રેજી શબ્દ કોન્સ્ટિટ્યુટનો મતલબ સ્થાપવું. કોઈ પણ સંસ્થા સ્થાપવા માટે જે ઢાંચો બનાવવામાં આવે છે તે બાબતનું વિગતવાર લખાણ.

અત્યારે આપણા "મેરા ભારત મહાન"માં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે દરેક વયસ્ક અને જવાબદાર નાગરિકે બને તેટલું આપણા ભારતીય રાજ્ય બંધારણ વિશે જાણવું જોઈએ. જેનું મૂળ નામ હિંદીમાં 'ભારતીય સંવિધાન' આપવામાં આવેલ છે. તે બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી ૬૯ વરસ પહેલા અમલી બનાવવામાં આવેલ છે. આ ઢાંચા મુજબ આપણા દેશની રાજ્ય પદ્ધતિને બંધારણીય સંસદીય સમાજવાદી બિનસાંપ્રદાયિક પ્રજાતંત્ર (Constitutional Parliamentary Socialist Secular Republic) કહેવામાં આવે છે. આ પદ્ધતિ ૪૨મા સુધારા દ્વારા ઇંદીરા ગાંધીના કટોકટીના સમયમાં અમલમાં લાવવામાં આવેલ છે. આ ૪૨મા સુધારા પહેલા આપણી પદ્ધતિને Sovereign Democratic મતલબ સર્વોપરી કે સાર્વભૌમ લોકશાહી કહેવામાં આવતી હતી.

***Congress* = *કોંગ્રેસ* =** *ચર્ચા વિચારણા માટે વિધિસર મળતી પ્રતિનિધિઓની સભા.*

અંગ્રેજીમાં જે શબ્દો "ગ્રેસ – gress" અંત્યાનુપ્રાસ સાથે પૂરા થતા હોય છે (દા.ત. Progress – આગળ વધવું, Regress – પાછળ ખસવું, Ingress – પ્રવેશ કરવાની સત્તા અથવા હક્ક, Egress – બહાર નીકળવાનો રસ્તો, એક્ઝીટ;

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૭ ઉપર)

*આસમાનમાં ઉડનારે જમીન સાથેનો સંપર્ક ટકાવી રાખવો જોઈએ.*

કિસ્મત

## સત્ય ઘટના પર આધારિત લેખ શ્રેણી

# વ્યથાની કથા



પારૂલ આર. પટેલ

***લેખિકાનો પરિચય*** :

*આ લેખના લેખિકા પારૂલબેન આર. પટેલ મૂળ કચ્છના નખત્રાણા તાલુકાના વિથોણ ગામના વતની છે પરંતુ તેમના પીયર પક્ષનો પરિવાર ધનસુરામાં સ્થાયી થયેલ છે. જ્યારે તેમના પતિ શ્રી કે.આર. પટેલ પણ નખત્રાણા તાલુકાના પલીવાડ ગામના વતની છે પરંતુ તેમનો પરિવાર સાબરકાંઠામાં સ્થાયી થયેલ છે. શ્રી આર.કે. પટેલ હાઈકોર્ટ એડવોકેટ છે જ્યારે પારૂલબેન પણ વકીલ છે. તેઓ હાલે અમદાવાદમાં સ્થાયી થયેલ છે. તેમની પુત્રી હેલ્થ ક્લબ / જીમ તથા સ્કૂલ ચલાવે છે જ્યારે પુત્ર અને પુત્રવધૂ પણ એડવોકેટ છે અને પિતાનો વ્યવસાય સંભાળી રહેલ છે. કચ્છમાં નર્મદા નદીની નહેરોનું કામ ચાલુ થતાં અનેક કિસાનોએ પોતાની જમીન સરકારશ્રીને સુપ્રત કરેલ છે. આમાંના કેટલાક કિસાનો વતી શ્રી કે.આર. પટેલ સરકારશ્રી સાથે ચર્ચા કરી ખેડૂતોને તેમની જમીનની વધુમાં વધુ કિંમત ઉપજે તેવા પ્રયાસ કરી રહેલ છે.*

*અભ્યાસકાળ દરમિયાન પારૂલબેને કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળની સ્થાપના કરેલ હતી. બહારગામથી અભ્યાસ માટે અમદાવાદ આવતા વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ તેમને માર્ગદર્શન આપતા હતા. વિદ્યાર્થીઓની સાજે-માંદે વાલીની જેમ સંભાળ રાખી સારી એવી સેવા કરતા. સમાજમાં સુધારો કરવા તેમણે ઘુંઘટ પ્રથા બંધ કરાવવામાં સારો એવો પ્રયાસ કરેલ હતો. કચ્છમાં લિગ્નાઈટ માટે, નર્મદા કેનાલ માટે અને રોડ માટેની જમીન સંપાદનના કામોમાં ખેડૂતોને વધુમાં વધુ વળતર અપાવવા પતિની સાથે રહીને સારા એવા પ્રયાસો કર્યા બાદ મહત્તમ વળતર અપાવેલ છે.*

*હાલે વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્ત થઈને લેખન અને વાંચનનો શોખ હોવાથી આધ્યાત્મિક અને પૌરાણિક સંશોધન કરી સાચી હકીકતો સમાજ સમક્ષ રજૂ કરવા પ્રયાસ કરી રહ્યા છે.*

*તેઓશ્રીની આ લેખમાળા સત્ય ઘટના પર આધારિત છે, કે જે 'કચ્છશ્રુતિ'ના ચાલુ અંકથી પ્રસારિત કરવામાં આવી રહેલ છે.*

***– તંત્રી મંડળ***

*(દરેક લેખમાં જરૂરી સ્થાને પાત્રોના નામ બદલાવ્યા છે.)*

સાંજનો સમય હતો અને રવિવારની રજા. એટલે હું અને મારા પતિ બહાર વરંડામાં હીંચકા પર બેસી વાતો કરતા હતા. એટલામાં નરોત્તમભાઈ આવ્યા. તે થોડા ઉદાસ હતા. મેં પૂછ્યું, કેમ નરોત્તમભાઇ તમે થોડા ઉદાસ લાગો છો?

તેમણે થોડીવાર રહીને જણાવ્યું કે, આમ તો, કહેતા તે અટક્યા, થોડા અવઢવમાં હોય તેવું લાગ્યું.

તમે સંકોચ વગર વાત કરો. શું કાંઈ પ્રોબ્લેમ છે?

ના... ના... એવો કોઈ પ્રોબ્લેમ નથી.

વાત જાણે એમ છે કે, મારા માસી બા ગુજરી ગયા.

ઓહ... તમે એમની ખૂબ જ નજીક હશો! મેં પૂછ્યું.

નજીકની તો વાત જ નથી. તેઓ એટલા તો દૂર હતા કે... પરંતુ તેમની કથનીથી હું વ્યથિત છું.

હવે વાતને વધારે ચોળ્યા વગર સીધી વાત કરને નરોત્તમ, મારા પતિ પહેલી વખત બોલ્યા.

ભાઈ, વાત જાણે એમ છે કે... ફરીથી વાક્ય બોલી તેમણે વાતની શરૂઆત કરી.

મારા નાના, મૂળ કચ્છના એક ગામના વતની. પરંતુ વરસોથી સિંધમાં રહેતા. ત્યારે સિંધ હિંદુસ્તાનનો જ એક ભાગ હતો. તેથી કચ્છમાંથી સિંધમાં જવું આમ વાત હતી. મારા નાની-નાના, મારા આ ગુજરી ગયા એ માસી અને મારા મામા અને બીજા એક માસી સિંધમાં રહેતા અને ખેતીનું કામ કરતા. ખેતીવાડી બધું જ હતું. રહેવા પોતાનું વિશાળ ઘર પણ હતું. ખૂબ જ સુખેથી અને આનંદથી આ પરિવાર પોતાનું વતન કરીને ત્યાં રહેતો હતો.

પરંતુ ભારતને આઝાદી મળી અને ભારત - પાકિસ્તાનના ભાગલા પડ્યા. સિંધ પ્રદેશ પાકિસ્તાનના કબજામાં ગયો અને તે વખતે હિંદુઓએ ભારત તરફ હિજરત કરી કારણકે જયાં ભાઇચારાથી રહેતા પરિવારોમાં એકદમ જ મારા-તારાના ભાવ જાગી ગયા. રોજ જોડે રહેવાવાળા

***જે રમત આપણે રમ્યા નથી, એ રમતના અમ્પાયર ન બનવું જોઈએ.***

એકબીજાના દુશ્મન થઈ ગયા. જ્યાં જુઓ ત્યાં મારો... કાપો...ની બુમરાણ થવા લાગી. જીવ બચાવવા સિવાય કોઈ આરો ઓવારો જ ન હતો. હાથમાં જે આવ્યું તે લઈને હિંદુઓ, પંજાબીઓ, સિંધીઓ બધા જ ભાગવા લાગ્યા. કરોડોની મિલ્કત, વાડી અને વિશાળ રહેઠાણોને એમને એમ ખુલ્લા મૂકીને ભાગવાનો વારો આવ્યો.

હા, એ વાત તો સૌ જાણે છે. પરંતુ તેમાં તારા નાનાના પરિવારને શું વાંધો થયો તે જણાવને? તેવું મારા પતિ રાજને કહ્યું.

હા, એ વાત કરવા જ જઈ રહ્યો છું.

મારા નાનાના ફળિયામાં એક શેખ (મુસ્લિમ) પરિવાર રહેતો હતો. આ પરિવાર સાથે સંબંધો ઘણા જ સારા હતા. નાનાના તેઓ ખૂબ જ હિતેચ્છુ હતા. પરિસ્થિતિ તો એટલી બગડી ગઈ કે શેખ પરિવારના વડાએ મારા નાનાને અહીંથી ભારત જતા રહેવા માટે દબાણ કર્યું. તેમણે જણાવ્યું કે અમો ક્યાં સુધી તમારી હિફાજત કરી શકીશું?

શેખદાદા, પરંતુ આ જગ્યા જ અમારી રોજી, રોટી અને વતન છે. અમારી જિંદગીની બધી મૂડી અમે અહીં ખર્ચીને અમારી દુનિયા ઊભી કરી છે. અમારું વતન પણ આ જ છે.

શેખદાદા અને નાના રામજીભાઈ વચ્ચેનો આ વાર્તાલાપ બે-ત્રણ દિવસ ચાલુ જ હતો.

તે દરમિયાન મુસ્લિમ કટ્ટરપંથીઓનું ટોળું આવી રહ્યું છે તેવા સમાચાર મળ્યા. શેખદાદાએ હવે સમય બગાડ્યા વગર પાકિસ્તાન છોડી ભારત જતા રહેવા માટે વિનંતી કરી. આ બધી ગડમથલ ચાલતી હતી તે દરમિયાન ત્યાં કટ્ટરવાદીઓનું ટોળું આવી પહોંચ્યું. ખૂબ જ ગભરાટ ફેલાઈ ગયો. મારો... કાપો...ના અવાજ ચારેબાજુ સંભળાઈ રહ્યા હતા. મારા નાનાને મારવા માટે મુસ્લિમોએ તલવાર ઉગામી ત્યારે શેખદાદા વચ્ચે પડ્યા અને તેમણે કહ્યું, જાન બક્ષી દો, તેઓ હમણાં જ અહીંથી નીકળી જશે તેવી બાંહેધરી આપી. ટોળું થોડું શાંત પડ્યું. પરંતુ હમણાં જ ભાગો... તેવી ધમકી પણ ઉચ્ચારી.

શેખદાદાએ નાનાને તુરંત જવા માટે જણાવ્યું. ઘરના બધા ભારે હૈયે જવા તૈયાર થયા ત્યારે આ કટ્ટરવાદીઓમાંથી એક જણ જે ચુસ્ત મુસલમાન હતો તેણે નાનાના પરિવાર પર પોતાની નજર ફેરવી અને મારી મોટી માસીનો હાથ પકડી લીધો. તે વખતે માસીની ઉંમર ૯ વરસની હતી. ‘આ છોકરી અહીં મૂકતા જાવ...’ તેવો કડક વાણીમાં તેણે હુકમ કર્યો. મારા નાના-નાની ઉપર આભ ફાટી પડ્યું. કાપો તો લોહી ન નીકળે તેવા થઈ ગયા. નાની તો બેહોશ જેવા થઈ ગયા. પોતાના હૈયાના ટુકડા જેવી દીકરીને આ ઇસમોએ હાથમાંથી ખૂંચવી લીધી. પારાવાર દુઃખથી તેઓની હાલત મરણતોલ થઈ ગઈ. પરંતુ કટ્ટરવાદી ટોળા આગળ તેઓ મજબૂર હતા. નાના રામજીભાઈએ તે ઇસમના હાથમાંથી દીકરીને લેવાનો પ્રયત્ન કર્યો તો હાથ પર દંડાનો એવો ફટકો માર્યો કે ચીસ સાથે તેઓ નીચે બેસી પડ્યા. શેખદાદા વચ્ચે પડ્યા. રામજીભાઈને અત્યારે જતા રહેવા સમજાવ્યા અને દીકરીની પોતે સંભાળ રાખશે તેવી બાંહેધરી આપી. **આખો પરિવાર શોકમગ્ન દશામાં અને ભારે હૃદયે પોતાનું સર્વસ્વ લૂંટાવીને અન્ય હિજરતીઓ સાથે ભારતમાં કચ્છ આવવા નીકળી પડ્યા. ન તો દીકરીને માથે હાથ ફેરવી શક્યા કે ન તો મીઠી નજરે છેલ્લીવાર નિહાળી શક્યા.**

દીકરીની દશા તો ખૂબ જ બેહાલ હતી. તેણે પોતાના મા-બાપને જતા જોયા, તેની સાથે પોતનું સર્વસ્વ જતું જોયું. અપાર રૂદન અને ભયંકર ડૂસકાં ભરતાં તે દીકરી અતિશય દુઃખી થઈ ગઈ. એટલી બધી નાની પણ ન હતી કે શું થઈ રહ્યું છે તે ન સમજે અને એટલી મોટી પણ ન હતી કે સમજદારીથી પોતાની જાતને સંભાળી શકે.

ચોધાર આંસુએ રોતા રોતા દિવસો વીતતા ગયા. નાના-નાની, દેવુ મામા અને મારી જીવી માસી સર્વે કચ્છના પોતાના વતનના ઘરમાં રહેવા લાગ્યા. ત્યાં મારી મા અને અન્ય બે માસીઓના જન્મ થયા. આ બાળકોને મોટા કરવા અને સેટ થવામાં નાના-નાની ખૂંપી ગયા. સમય કોઈનાથી બાંધી શકાતો નથી. કાળાંતરે નાના-નાની કાળધર્મ પામ્યા. પાકિસ્તાનમાં રહેલ માસીનાં પછી કદી સગડ ન મળ્યા.

આ વાત તો અત્યારે ભૂતકાળ બની ગઈ હતી. કોઈ કોઇને યાદ કરતું હશે કે નહીં તેની પણ સમય સંજોગોએ નોંધ લેવા ન દીધી.

હવે જે બન્યું તે વિચાર અને અપેક્ષાથી પર હતું.

એવું શું બન્યું નરોત્તમ? રાજન જે ખૂબ જ ધ્યાનથી સાંભળી રહ્યા હતા તેમણે વચ્ચે જ અટકાવીને પૂછી લીધું. હું પણ ખૂબ જ વ્યથિત હૃદયે આ વાત સાંભળી રહી હતી.

તેણે આગળ જણાવ્યું.

નરોત્તમે વાત આગળ ચલાવી. એક દિવસ અચાનક એક મુસ્લિમ મહિલા અને ૨૦થી ૨૨ વરસનો એક છોકરો અમારા ઘરે આવી પહોંચ્યા. અમે તો આશ્ચર્ય સાથે તેઓને જોઈ રહ્યા.

અમે પૂછ્યું કોણ છો તમે લોકો?

મહિલાએ મારી મા વિશે પૂછ્યું. અમને ખૂબ આશ્ચર્ય થયું કે આ મહિલા મારી માને કેવી રીતે ઓળખે છે. કારણકે મારી મા તો તદ્દન ઘરેલુ સ્ત્રી હતી. કદી પણ એકલી નજીકના ગામમાં પણ જતી નહોતી, તો આ મહિલા સાથે કેવી રીતે ઓળખાણ થઈ હશે? અમને તમારી ઓળખાણ નથી તો તમે મારી માને ક્યાંથી ઓળખો છો? તેવું પૂછતાં તેમણે જણાવ્યું કે આ એક લાંબી વાત છે. તમારી માને બોલાવો. અમારી વાતચીત સાંભળીને મારી મા બહાર આવ્યા. તે મહિલા મારી માને દેખતા જ જાણે ભાવનું પૂર ઉમટ્યું હોય તેમ ખૂબ જ જોશથી તેને વળગી પડી. ખૂબ જ આશ્ચર્ય સાથે અમે સૌ આ જોઈ જ રહ્યા હતા. મહિલાના આ વર્તનથી મારી માને પણ નવાઈ લાગી. તે મુસ્લિમ મહિલાની આંખોમાંથી તો અવિરત આંસુ વહી રહ્યા

*સફળતાની વેદી પ્રસન્નતાની કુરબાની ન લઈ લે તેટલી સાવધગીરી રાખવી.*

હતા. અમારા આશ્ચર્યનો કોઈ પાર ન હતો. થોડા સમય પછી ભાવાવેશમાંથી તે મહિલા હળવા થતાં, તેમને બેસવા ખુરશી આપી અને તેમનો પરિચય માંગ્યો.

ફરીથી તે મહિલા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. તેમને પાણી પાઇને શાંત કર્યા પછી તેમને પૂછ્યું તમે કોણ છો? આ રીતે માને મળીને રડવા પાછળનું કારણ શું છે?

તેમણે મારી માને પૂછ્યું કે દેશ (કચ્છ)માં તમારું ગામ કયું? (માવતરનું).

મારી માને આશ્ચર્ય થયું કે આ બાઈ મારા માવતરના ગામ વિશે શા માટે પૂછતા હશે? થોડીવાર પછી તેમણે એક ઊંડા નિસાસા સાથે વાત કરવાનું ચાલુ કર્યું.

તેમણે જણાવ્યું કે હું તારી બેન થાઉં. મા તો આભી બનીને જોઈ જ રહી. સાથે અમે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. અમે હિંદુ અને આ તો મુસ્લિમ સ્ત્રી છે. તો કેવી રીતે મારી માની બહેન હોઈ શકે? દરેકના મનમાં આ પ્રશ્ન ઊઠ્યો.

મહિલાએ જણાવ્યું કે આ વાત જ્યારે અખંડ ભારત હતું અને આઝાદી પછી ભાગલા પડ્યા ત્યારની છે. આપણા કચ્છ, પંજાબ અને અન્ય જગ્યાએથી અત્યારનાં પાકિસ્તાન (સિંધ પ્રદેશ)માં કમાવા માટે જતા. તેમાં આપણા માતા-પિતા પણ સિંધમાં ખેતી કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરતા. જ્યારે ભારત - પાકિસ્તાનના ભાગલા થયા ત્યારે અમે સિંધમાં હતા. બા-બાપુજી, ભાઈ અને બીજી એક બહેન અને હું ત્યાં હતા. મને જબરદસ્તીથી મુસલમાનોએ રાખી લીધી. હું તો એટલી તો નાની હતી લગભગ ૯ વરસની, મારી દશા તો અતિશય ખરાબ હતી. પોતાના પરિવાર વગર મારે એકલા મુસલમાનોની વચ્ચે રહેવાનું હતું. હું ખૂબ જ એકલી પડી ગઈ હતી. ખૂબ રોતી કકળતી, મારા માતા-પિતાને મળવા રાડો પાડતી. તેમાં શેખદાદા એક જ મને વહાલ અને પ્રેમ કરતા. મને સંભાળવાનું કાર્ય તેમના ત્રીજા નંબરના પત્નીને સોંપતા. તેમણે મારા પર ત્રાસ ગુજારવાનું ચાલુ કરેલું. મને હિંદી, ઉર્દુ બોલતા નહોતું આવડતું. તેથી હું હિંદી બોલું તે માટે મને મારતા, ભૂખી પણ રાખતા. શેખદાદાને ખબર પડે ત્યારે તેઓ મને આ બાબતથી બચાવતા અને ખાવા આપતા.

હું એકલી એકલી રોતી. અમારું બાપુજીનું ઘર ખુલ્લું હતું, તેમાં હું આંટા મારતી અને મા અને બાપુજીને ખૂબ જ યાદ કરતી. એમ કહુંકે લોહીનાં આંસુએ રડતી હતી. ત્યાં ઘરમાં નાનું મંદિર હતું અને તેમાં ભગવાન શિવ અને કૃષ્ણ ભગવાનના ફોટા હતા. તેને હું જોતી અને પોકારો પાડીને રડતી. પરંતુ મારી વ્યથા સમજી શકે અને મને મારા પરિવારથી મેળાપ કરાવી શકે તેવું કોઈ ન હતું. શેખદાદા મને આશ્વાસન આપતા કે તને યોગ્ય સમયે એક દિવસ હું ભારત તારા મા-બાપ પાસે પહોંચાડીશ.

**સમય વીતતો ગયો. હું જુવાન થતી ગઇ અને શેખ પરિવારે મને હિંદી - ઉર્દુ શીખવીને મુસ્લિમ ધર્મ અંગીકાર કરાવી દીધો અને તેમની ત્રણ પત્નીના બાર છોકરા - છોકરીમાંથી એક ફારૂક નામના છોકરા સાથે મારા લગ્ન કરાવી દીધા.**

સમય સાથે સમાધાન અને સમજદારી કેળવવા સિવાય મારી પાસે બીજો કોઈ રસ્તો ન હતો. આજ મારું કિસ્મત છે તેવું માની લઇ સંપૂર્ણ મુસ્લિમ બની ગઈ. હું ગુજરાતી ભાષા પણ લગભગ ભૂલી ગઈ છું. આ સાથે આવ્યો છે તે મારો પૌત્ર છે. મારે પણ સાત દીકરા અને બે દીકરીઓ છે. મારા સદનસીબે સોહર સારા સ્વભાવનો, ઉદાર અને સમજદાર છે. તેણે જ મને ભારત આવવા સગવડ કરી આપેલ છે અને સાથે મારા આ પૌત્રને પણ મોકલી મારી ઇચ્છા પૂરી કરેલ છે. મારી ઇચ્છા મારા પરિવારને મળવાની હતી તે તેમણે પૂરી કરી છે. તેથી હું પહેલા કચ્છમાં ગઈ. મને આપણા ગામની ખબર હતી. તેથી પહેલા ત્યાં ગઇ અને ત્યાં બાપુજી અને ભાઈની તપાસ કરી. પરંતુ હું મુસ્લિમ છું તેથી સૌ મને શંકાથી જોતા હતા અને ખાસ સહકાર આપવા તૈયાર થતા ન હતા. હું ત્યાંથી એટલું જ જાણી શકી કે પિતાજી અને બા દેવલોક પામ્યા છે અને ભાઈ સાબરકાંઠાના એક ગામમાં રહે છે. ખૂબ જ મોટી આશા સાથે હું એ ગામમાં ગઇ અને મારા સારા નસીબે હું ભાઈને મળી. મારા હાથમાં રમેલો અને સાથે રમતો ભાઈ આજે તો પ્રૌઢાવસ્થાના આરે ઊભેલો જોયો. આંખમાં આંસુના પૂર સાથે દોડતી પહોંચી ગઈ. તેઓ પણ આશ્ચર્યમાં પડી ગયા. ઓળખાણ પછી તો બંને ભાઈ-બહેન ખૂબ જ હેતથી મળ્યા અને મન મૂકીને રડ્યા. વહાલનો ધોધ વરસાવી નાખ્યો. ભાઇનો પૂરો પરિવાર ભેગો થઈ ગયેલો. પરંતુ મારો મુસ્લિમ ધર્મ મને તેમના ઘરમાં પનાહ આપવામાં આડે આવ્યો. તેમણે ખૂબ જ દુઃખ સાથે મને બાજુમાં મોટા કહી શકાય તેવા ગામમાં એક હોટલમાં અમને રાખ્યા અને બધા સગા-સંબંધીઓને અમારા આવવાના સમાચાર પહોંચાડી દીધા.

તેઓ આવે તે પહેલા મને તારા વિશે ભાઈએ જણાવ્યું કે તારા પછીથી જન્મ થયેલ તેવી એક બહેન અહીં જ રહે છે. તેથી તને મળવા તારા ઘરે આવી છું.

હવે અમને સૌને આ મહિલા વિશે જાણવા મળ્યું કે આ એ જ માસીબા છે કે જેમને મજબૂરીથી પાકિસ્તાનમાં રહેવું પડ્યું હતું.

આ બહેન પંદર દિવસ પોતાના આ વિખૂટા પડેલા પરિવાર સાથે રહી પોતાના વતનને પારકું ગણીને પાકિસ્તાન રવાના થયા ત્યારે ફરીથી એ જ વ્યથા એ જ કસક અને એ જ લાગણી સાથે બધાથી વિદાય લીધી. પરંતુ જતી વખતે મળેલ સૌ પરિવારજનોને કાંઈકને કાંઈક ભેટ-સોગાદ, પૈસા આપીને ભારે હૈયે વિદાય થયા.

ત્યાં પહોંચ્યા પછી થોડો સમય તેમના પતિ, પુત્રો અને પૌત્ર અમારી સાથે વાત કરતા પરંતુ થોડા વરસોથી તેમના પતિના અવસાન પછી માસીબાના ફોન આવતા બંધ થઈ ગયા અને આજે સમાચાર મળ્યા કે માસીબા વિદાય થઈ ગયા છે.

**આ સત્ય ઘટના કચ્છના એક ગામની દીકરીની છે તેની આ કથા - વ્યથા છે.** ■

*ગલત કાર્યોમાં મળતી સફળતા એ જીવનની સૌથી મોટી દુર્ઘટના.*

લઘુ કથા

# જાગૃતિ

• ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ •

પત્રકાર એટલે કે હું ધીરેન મહેતા રવિવારે સવારની મીઠી નીંદર માણી રહ્યો હતો ત્યાં મારી પત્ની અંજલીએ મને જગાડ્યો કે કોઈ ભાઈ-બહેન તમને મળવા માંગે છે.

મેં તેમને ચા-પાણી આપવાનું કહી ઝડપથી ફ્રેશ થઈ, મારા બેઠક રૂમમાં તેમને મળવા માટે ગયો. બંને જણા મારા માટે અપરીચિત હતા. મેં બંનેનો પરિચય મેળવતા બંનેના નામ, ગામ અને આવવાનું કારણ જણાવવા કહ્યું.

તો જવાબમાં પ્રથમ યુવતીએ પોતાનું નામ જાગૃતિ જણાવી, વાડિયા ગામ પણ જણાવ્યું. મારી આંખો સહેજ પહોળી થઈ ગઈ. પછી સાથેનો યુવક કૌશિક અમદાવાદમાં કાપડ બજારમાં કામ કરે છે તેમ જણાવ્યું અને મને ભગાડીને લાવ્યો છે તેમ પણ જણાવ્યું. વધુમાં હવે મારી મદદ માટે તેણે જણાવ્યું કે મને ગામલોકો છોડશે નહીં. મને જીવતી કે મરેલી ગામમાં લઈ જઈને છૂટકો કરશે. તો મને તમારી મદદની જરૂરત છે. તે હવે ફરી એ નરકમાં જવા ઈચ્છતી ન હતી.

બનાસકાંઠાના થરાદ તાલુકાનું ગામ વાડિયા કે જ્યાં પુરુષ વર્ગ પોતાની બહેન - દીકરી અને પત્નીનો દેહ વિક્રય કરાવી જીવન જીવે છે. પુરુષ વર્ગનો આ જ ધંધો છે.

મેં હવે આ યુગલને શું મદદ થઈ શકે તે માટે મારા બે-ચાર મિત્રોની મદદ લેવાનું નક્કી કરી, મીડિયાનો સહારો લઈ આ કિસ્સો જાહેર કર્યો. જેથી થોડો સમય ગામ લોકોથી તેમને બચાવી શકાય.

પત્રકાર મિત્રોએ તેમને પ્રશ્નો પૂછ્યા. આ કલંકિત ગામની ગાથા કહી. જેમાં આ ગામમાં આવતા પુરુષોનો ઉદ્દેશ માત્ર પોતાની કામેચ્છા સંતોષવાનો જ હોય છે અને સ્ત્રીઓએ પોતાના પતિ, પિતા કે ભાઈ દ્વારા પોતાનો સોદો કરી દિવસ રાત દેહ વિક્રય કરવા માટે મજબૂર કરે છે અને ગામના આ પુરુષ વર્ગ આ ધંધા પર જ નભે છે.

થોડો સમય અમારી ધારણા મુજબ મીડિયા, અખબારોમાં આ બાબતે હેડિંગ સાથે સમાચારો આપવાથી ઠંડું પડ્યું. પણ ત્રણ ચાર દિવસ પછી બંને જણા મારા ઘરે મને મળવા આવ્યા અને યુવતીએ જ રડતા રડતા શરૂઆત કરી કે આ કૌશિક તો પરણેલો છે. તેની પત્ની તથા બે બાળકો છે.

મેં આશ્ચર્ય સાથે કૌશિક સામે જોયું અને પૂછ્યું કે આ તારા ભરોસે ભાગી છે તો ત્યારે તેં કેમ ચોખવટ ના કરી અને હવે આ જાગૃતિ જશે ક્યાં?

કૌશિકે કહ્યું કે હું જાગૃતિને અનહદ પ્રેમ કરું છું. મેં મારી પત્ની પાસેથી પણ તે સાથે રહે તો વાંધો નહીં તેવી કબૂલાત લીધી છે પરંતુ જાગૃતિ રહેવા તૈયાર નથી.

જાગૃતિ બોલી, પણ મારે રહેવું નથી અને ગામમાં પણ જવું નથી. હું મારું ફોડી લઈશ.

મેં મારી પત્ની અંજલીને આ બંનેની વિગતવાર વાત કરી અને હવે આ જાગૃતિ માટે શું કરી શકાય તેની સલાહ માંગી ત્યારે આખી વાત સાંભળી મારી પત્નીએ થોડો વિચાર કરી કહ્યું કે **આપણને દીકરી નથી. તો આપણે જ તેને દીકરી બનાવીએ. પણ તેને હવે નર્કમાં ફરી પાછી મોકલવી નથી.** તેને આપણે ભણાવીશું, પોતાના પગભર કરીશું અને તેની ઈચ્છા મુજબ લગ્ન કરવા ઈચ્છશે તો લગ્ન પણ કરાવી આપીશું.

મને આ વાત યોગ્ય લાગી અને મેં તેને અપનાવી લેવાનો નિર્ણય કર્યો.

હવે હું તમને વાંચક વર્ગને પૂછું છું કે ગુજરાતમાં વર્ષ ૨૦૧૯માં પણ આ ગામ અસ્તિત્વમાં છે અને આજે પણ આ દેહ વિક્રય શરમજનક રીતે પુરુષ વર્ગ દ્વારા ચાલે છે. પોલીસ પણ કંઈ પગલા લેતી નથી. એ બે રોકટોક ચાલે છે. **આપણા સમાજે હવે આ પ્રકારની બદી દૂર કરવા બહાર આવવું જોઈએ કે નહીં? સમાજ શું કરી શકે?**

*ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ** / **Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*ભૂલ તો મોટો માણસ પણ કરી શકે છે, મહાન માણસ તેને સુધારી શકે છે.*

ગુજરાતી કથાગીતો
મણકો-૬

## સહદેવની મનોવ્યથાને રજૂ કરતું ખંડકાવ્ય :

# 'અતિજ્ઞાન'

● સંકલન : જીના વીરેન શેઠ ●

ઉદ્‌ગીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય અનિષ્ટ પાસે,
જામી ગઈ તરત ઘોર કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહિ વાત.

ઇંદ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા;
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.

દુર્યોધન પ્રેરિત દૂત એક,
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક,
જતો હતો અંધ થતી નિશામાં;
સુગુપ્ત રાજગૃહની દિશામાં!

શાને આવ્યો હશે, તેની કલ્પનાઓ ચલાવતાં;
ભય સંદેહ દર્શાવી, શિર કોઈ હલાવતા!

નિગૂઢ શંકા પુરવાસીઓની આ,
જરાય નિષ્કારણ તો નહોતી હા!
કરેલ આમંત્રણ ધર્મરાજને,
રમાડવા દ્યૂત અનિષ્ટભાજને.

હા કહીને રજા આપી યશસ્વી જયેષ્ઠ પાંડવે,
બોલાવ્યા ત્રણ બંધુને મળવાને પછી હવે.

શિશુ સમાન ગણી સહદેવને,
ખબર આ કંઈએ ન કર્યા હતા;
અવર સર્વ વ્યાપી ગયા નૃપની કને,
પરમ દુઃખિત અંતરમાં થતા!

કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતો :
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો!

ત્રિકાળનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નિરખે થનારને;
સ્વપક્ષનો દ્યૂત વિશે પરાજય,
વળી દિસે દ્રૌપદીમાનનો ક્ષય!

જાણે બધું, તથાપિ કૈં કહેવાની રજા નહીં,
શમાવી ન શકે તેથી મૂંઝાય મનની મહીં.

નહીં શકું હાય! બચાવી કોઈને,
અશક્ત જેવો રહું બેસી રોઈને,
ખરે! દિશે દુઃખદ શાપ આ મને,
નિહાળું છું ભૂત ભવિષ્ય જે કને!

“હા ધિક્! હા ધિક્! કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું :
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું!”

વિચારતાં નેત્ર જલે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઇ જઇને પ્રિય વક્ષની સમી,
ગ્રહી કરે મસ્તકથી રહ્યો નમી!

રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી :
પ્રિયે! સ્પર્શ કરું શું હું? અધિકાર જરા નથી!

“કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ,
થનાર ચીજો નવ થાય અન્યથા :
સદૈવ ચિંતા દિલમાં વહ્યા કરું
અનેક હું એકલડો સહ્યા કરું!”

રજની મહિં સખી ઘણીક વેળા,
નયન મળે નહિં ઉંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાલી!

આવું કહ્યું ત્યાં શિર શૂળ ચાલ્યું,
રહ્યું નહીં મસ્તક મત્ત ઝાલ્યું;
મારી કુમારે અતિ આર્ત્ત હાય
કહ્યું, હવે એક જ છે ઉપાય!

ચાલી જરા ને ગ્રહી એક સીસી,
પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી :
ખાલી કરી કંઠ વિશે ત્વરાથી;
ગયો બધો એ બદલાઇ આથી!

સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ;
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ!

*- મણિશંકર રતનજી ભટ્ટ ('કાન્ત')*
*(તા. ૨૦-૧૧-૧૮૬૭થી તા. ૧૬-૬-૧૯૨૩)*

*આગળ નીકળી જવા કરતાં આગળનું જોઈ શકવું એ લાંબી દીર્ઘદૃષ્ટી છે.*

● **પ્રાસ્તાવિક**

રામાયણ અને મહાભારત આપણાં કલ્પવૃક્ષ જેવા છે. રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી અરવિંદ ઘોષથી માંડીને આપણા સુન્દરમ્, ઉમાશંકર જોશી જેવા કવિઓએ પણ એમાંથી અખૂટ પ્રેરણા મેળવી છે. અલબત્ત, દરેક કવિ પોતપોતાની રીતે પ્રસંગોનું અર્થઘટન કરે છે.

કવિ 'કાન્તે' આપણને 'અતિજ્ઞાન' કે 'વસંતવિજય' જેવા ખંડકાવ્યો આપ્યાં તો પ્રેમાનંદે આપણને આખ્યાન પણ આપ્યાં.

મહાભારતમાં કેટલીયે ઘટના, સંબંધ, જ્ઞાન-વિજ્ઞાનનાં રહસ્ય છુપાયેલાં છે. મહાભારત માત્ર યોદ્ધાઓની ગાથા સુધી જ સીમિત નથી. મહાભારતથી જોડાયેલા શ્રાપ, વચન અને આશીર્વાદ પાછળ પણ રહસ્ય છુપાયેલાં છે. મહાભારત એક એવો ગ્રંથ છે જેમાં ઘણા નાયક છે. એમાંથી એક નાયક છે સહદેવ. જે પ્રસ્તુત ખંડકાવ્યના પણ નાયક છે.

● **સહદેવનું ચરિત્ર :**

સહદેવ, હિંદુ મહાકાવ્ય મહાભારતમાં વર્ણવાયેલા પાંચ પાંડવોમાં સૌથી નાના હતા. તે માતા માદ્રીના અસમાન જોડકાં પુત્રોમાંથી એક હતો. જેમનો જન્મ દેવોચિકિત્સક અશ્વિનીઓના વરદાન સ્વરૂપે થયો હતો. જ્યારે સહદેવ અને નકુલનો જન્મ થયો ત્યારે આકાશવાણી થઈ હતી કે :

'શક્તિ અને રૂપમાં આ બે - જોડકાં ભાઈઓ, સ્વયં અશ્વિનીકુમારોથી પણ અધિક થશે.' (અશ્વિનીકુમારો એ હિંદુઓના પ્રમુખ રૂપથી જે ૩૩ કોટિ દેવતા છે તેમાંના દેવતા છે.)

● **ખાસ કુશળતા :**

સહદેવ પણ પોતાના પિતા અને ભાઈ નકુલની જેમ પશુપાલન શાસ્ત્ર અને પશુ-ચિકિત્સામાં દક્ષ હતા. અજ્ઞાતવાસ દરમિયાન રાજા વિરાટને ત્યાં તેમણે પશુઓની દેખરેખ રાખવાનું તથા ગાયો ચરાવવાનું કામ પણ કર્યું હતું.

સહદેવે દ્રોણાચાર્ય પાસેથી ધર્મ, શાસ્ત્ર, ચિકિત્સા અને તે ઉપરાંત જ્યોતિષ વિદ્યા શીખી હતી. તેઓ અચ્છા તલવારબાજ હોવાની સાથે એક ઉત્તમ રથયોદ્ધા પણ હતા. તેઓ ઔષધશાસ્ત્રનું જ્ઞાન અને અશ્વારોહણની સારી આવડત ધરાવતા હતા.

સહદેવનો શાબ્દિક અર્થ — સહ + દેવ. એટલે 'દેવતા સાથે' એવો થાય છે. સહદેવ ધીરજવાન, સદાચારી, શરમાળ અને નમ્ર શિષ્ટાચારી હતા. આવા દેવતાઇ ગુણો સાથે તેઓ જ્ઞાની પણ હતા. તેમના નામથી ત્રણ ગ્રંથો પ્રાપ્ત છે : વ્યાધિ સંઘ - વિમર્દન, અગ્નિસ્તોત્ર અને શકુન પરીક્ષા.

● **જન્મ અને પૂર્વજીવન :**

પાંચ પાંડવો રાજા પાંડુના પુત્રો હોવાથી પાંડવો કહેવાયા. આમાંથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનની માતા કુંતી હતા તથા સહદેવ અને નકુલની માતા માદ્રી હતાં. કુંતી અને માદ્રી બંને પાંડુરાજાની પત્નીઓ હતી.

પાંડુ આ પાંચે પુત્રોના પિતા તો હતા પણ તેમનો જન્મ પાંડુના વીર્ય તથા સંભોગથી થયો ન હતો કારણકે રાજા પાંડુને શ્રાપ હતો કે એ જ્યારે પોતાની પત્ની સાથે સંગ કરવા જશે ત્યાં જ તેમનું મૃત્યુ થશે. આમ પાંડુની પુત્ર પેદા કરવાની અક્ષમતાને લીધે કુંતી પોતાને મળેલા દુર્વાસા ઋષિના વરદાનથી ધર્મ, વાયુ અને ઇંદ્ર દેવતાનું આહ્વાન કરીને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનને મેળવે છે.

તે પોતાના વરદાનની મંત્રશક્તિ માદ્રીને પણ આપે છે જે આ થકી અશ્વિનીકુમારોનું આહ્વાન કરી નકુલ અને સહદેવને પુત્રો તરીકે પ્રાપ્ત કરે છે.

પછીથી પોતાની પત્ની માદ્રી સાથેના સંગને લીધે ઋષિના શાપના ફલિત થવાથી પાંડુનું મૃત્યુ થાય છે. માદ્રી પણ પતિ સાથે ચિતાએ ચડે છે. આમ, સહદેવ અને નકુલે પોતાની નાની વયમાં જ પોતાનાં મા-બાપ ગુમાવ્યાં હતાં. માતા કુંતીએ પોતાના પુત્રો સમાન પ્રેમથી તેમનો ઉછેર કર્યો હતો.

● **સહદેવની ચમત્કારિક શક્તિ :**

મહાભારતમાં પાંચે પાંડવોની કોઈક ને કોઈક વિશિષ્ટતા રહી છે. યુધિષ્ઠિર ધર્મરાજ છે (ધર્મમાં સ્થિત છે), ભીમ ગદાયુદ્ધમાં માહેર છે, અર્જુન શ્રેષ્ઠ ધનુર્ધારી છે, તો નકુલ અને સહદેવ સુંદર અને સુકુમાર છે. પણ આ ઉપરાંત સહદેવની સૌથી મોટી શક્તિ હતી તેનું જ્ઞાન.

સહદેવ ભવિષ્યમાં થવાવાળી દરેક ઘટનાને પહેલેથી જ જાણી શકતા હતા. એ જાણતા હતા કે મહાભારતનું યુદ્ધ થવાનું છે અને કોણ કોને મારશે અને કોણ વિજયી થશે.

હિંદુ શાસ્ત્રો અનુસાર શ્રીકૃષ્ણ સિવાય એકમાત્ર સહદેવ જ એવી વ્યક્તિ હતી કે જેને ભવિષ્યમાં થવાવાળા મહાભારત વિશે બધી જ ખબર હતી. શ્રીકૃષ્ણને ડર હતો કે સહદેવ ક્યાંય બધી વાતો અન્ય કોઈને કહી ન દે, તેથી તેમણે સહદેવને શ્રાપ આપ્યો હતો કે જ્યાં સુધી કોઈ પૂછે નહીં ત્યાં સુધી એ ભવિષ્યમાં શું થવાનું છે એ કહી નહીં શકે અને જો કહેશે તો તેનું મૃત્યુ થશે.

● **સહદેવની શક્તિ પાછળનું રહસ્ય :**

પાંડવોના ધર્મપિતા પાંડુ બહુ જ જ્ઞાની હતા. કેટલાંય વર્ષો

સુધી એમણે વનમાં રહીને તપ કર્યું હોવાથી બ્રહ્મચર્યના પાલનને કારણે તેમનામાં અદ્‌ભુત શક્તિઓ હતી. પણ પાંડુના પુત્રો એમના વીર્યથી ઉત્પન્ન થયેલા ન હતા તેથી પાંડુનું જ્ઞાન, કૌશલ અને એમની શક્તિઓ એમના પુત્રોમાં આવ્યાં ન હતાં. તેથી મૃત્યુ પહેલાં તેમની અંતિમ ઇચ્છા હતી કે તેમના પાંચે પુત્રો તેમના મૃત શરીરને ખાય જેથી એમણે જે જ્ઞાન અર્જિત કર્યું છે એ જ્ઞાન એમના પુત્રોમાં આવી જાય. પરંતુ પાંચે પાંડવોમાંથી માત્ર સહદેવ જ આ હિંમત દાખવી શક્યા. તેમણે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને તેમણે પિતાના માથાના ત્રણ ભાગ ખાધા.

પહેલો ટુકડો ખાતા જ સહદેવને ઇતિહાસ (ભૂતકાળ)નું જ્ઞાન થયું. બીજો ટુકડો ખાવાથી તેમને વર્તમાનનું જ્ઞાન થયું અને ત્રીજો ટુકડો ખાવાથી તેમને ભવિષ્યને જોવાની શક્તિ મળી. આમ તેઓ ત્રિકાળજ્ઞાની બની ગયા.

- **કાવ્યની કથા :**

આવનાર અનિષ્ટની વાત કરવા માટે કવિ 'કાન્તે' રાત્રિનો સમય પસંદ કર્યો છે તે ઉચિત જ છે. અંધારી રાત છે. અંધ દિશાઓ છે અને એટલું જ નહીં ભાવિ પણ અંધકારમય જણાય છે. જ્યાં અંધાપો (ધૃતરાષ્ટ્રના સ્વરૂપે) સિંહાસન પર બેઠો હોય ત્યાં પ્રકાશની આશા કેમ કરીને રાખી શકાય?

સંદેશો લઇને આવનાર દૂતનો દેખાવ પણ ઘાતકી અને ક્રૂર જણાઈ આવે છે. જાણે જેના દ્વારા મોકલવામાં આવ્યો છે તેના હૃદયની કાળાશની સાથે હરીફાઈ ન કરી રહ્યો હોય!

દુર્યોધન દ્વારા ધર્મરાજ યુધિષ્ઠિરને મોકલાવાયેલું દ્યૂતનું આમંત્રણ, સૌ કોઈની ચિંતાનું કારણ બન્યું હતું. કારણ દુર્યોધનના ઈર્ષ્યા, વેર અને વૃત્તિથી કોણ અજાણ હતું ભલા?

આમંત્રણનો સ્વીકાર કરી સૌ ભાઈઓ ભેગા મળ્યા હતા. સહદેવને નાનો જાણી એને કોઈ ખબર આપવામાં આવ્યા ન હતા પણ હકીકતે તો એ જ સૌથી વધારે જાણતો હતો કે ખરેખર શું થવાનું છે.

દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની હતી અને પાંચેયને પ્રિય પણ હતી. તેમની વચ્ચે એવું સમાધાન થયેલું કે વારાફરતી એક-એક વર્ષ દરેક પાંડવે દ્રૌપદી સાથે રહેવું અને જ્યારે જેનો વારો હોય તે સિવાય અન્ય કોઈએ ત્યાં જવું નહીં. સહદેવ તે વખતે દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતો પણ ત્રિકાળનું જ્ઞાન હોવાથી એ જાણતો હતો કે જુગારમાં પોતાના પક્ષનો પરાજય થશે. એટલું જ નહીં પ્રિયા દ્રૌપદીના માનનો ક્ષય પણ થશે.

જે થવાનું છે એને પોતે રોકી પણ શકતો નથી અને કોઈને કહી પણ શકતો નથી. માટે તેને પોતાનું જ્ઞાન શાપરૂપ ભાસે છે. તેને ફરી-ફરીને એ જ વિચાર આવે છે. વળી ભાવિ વિયોગની કલ્પનાથી સહદેવ દ્રૌપદીના સહવાસ છતાં પ્રણય પ્રત્યે ઉદાસીન બને છે. એ વિચારે છે કે હે પ્રિયે! હું તને કેવી રીતે સ્પર્શ કરું, મને કોઇ અધિકાર નથી તારું સૌંદર્ય માણવાનો. જે પતિ પોતાની પત્નીની રક્ષા ન કરી શકે, એને એનો ઉપભોગ કરવાનો કોઈ અધિકાર કઈ રીતે હોઈ શકે?

આટલો જ્ઞાની અને શક્તિમાન હોવા છતાં એ પોતાની પ્રાણપ્રિય પત્નીના માનભંગ વિશે કશું જ કરી નહીં શકે? પહેલાં પણ, જ્યારે આવા જ્ઞાનમાંથી જન્મેલ વ્યથાના પ્રસંગો ઉપસ્થિત થયા હતા ત્યારે દ્રૌપદીના પ્રેમ અને સૌંદર્યે તેની પીડાને શમાવી હતી. પણ આ પ્રસંગે ખુદ દ્રૌપદીના માનનો જ ક્ષય થવાનો હોવાથી જે વ્યથા નીપજી છે તેને પ્રેમ સૌંદર્યનું મારણ પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

તેની સભાનતાથી સહદેવ વેદનાના અતિરેકથી કેફી પ્રવાહીનું પાન કરે છે. જાણે એ સભાન અવસ્થાની પીડાને હવે વધુ જીરવવા ન માંગતો હોય તેમ અવશ થઇને નિદ્રાવશ થઈ જવાય એવી મનઃસ્થિતિ ઇચ્છે છે. તેથી જ માદક પ્રવાહીનું સેવન કરે છે.

- **'કાન્ત'ની કથા :**

પ્રસ્તુત ખંડકાવ્યમાં કવિ 'કાન્તે' જ્ઞાની છતાં નિઃસહાય એવા સહદેવના ભાવજગતને સુંદર રીતે આલેખ્યું છે.

'કાન્ત' એક નવપ્રવર્તક છે. ખંડકાવ્ય એ કાન્તે સર્જેલું એક નૂતન અને લાક્ષણિક કાવ્યાત્મક સ્વરૂપ છે. તેમાં કોઈ વ્યક્તિના કે કોઈ પાત્રના જીવનના એક ખંડ, કોઈ અંગત ક્ષણ, કોઈ પ્રસંગને લઇને તેને વર્ણનાત્મક કાવ્ય સ્વરૂપ આપવામાં આવે છે.

જેમ સૉનેટ બળવંતરાયના (બ. ક. ઠાકોરના) તેમજ ખંડકાવ્ય – 'કાન્ત'ના પર્યાય સમાન છે. કવિની સર્જક પ્રતિભા ખંડકાવ્યોમાં સોળે કળાએ ખીલી ઊઠી છે. 'અતિજ્ઞાન', 'વસંતવિજય', 'ચક્રવાક મિથુન', 'મૃગતૃષ્ણા', 'રમા', 'દેવયાની' તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

લાઠી પાસે આવેલા ચાવંડમાં આવીને વસેલા પ્રશ્નોના નાગર કુટુંબના મણિશંકરને કુટુંબ પરંપરાગત સંસ્કારપ્રીતિ, વિદ્યાવ્યાસંગ, ધર્મભાવના તેમજ સંગીત, વૈદક, રસોઇના શોખના સંસ્કારો સહજ રૂપે પ્રાપ્ત થયા હતા. ૧૫ વર્ષે તો મણિશંકરે ('કાન્ત') કવિતા લખવા માંડી હતી.

કવિ બ.ક. ઠાકોર, કવિ 'કલાપી', રમણલાલ નીલકંઠ, મણિલાલ દ્વિવેદી જેવા સર્જકો તેમના મિત્રો હતા જેને કારણે તેમની કવિતાનો વિકાસ થયો હતો.

તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ' તેમના મરણના

દિવસે પ્રગટ થયો. તેમની કલમને – કાળનું અભયવચન મળ્યું હોય એવું લાગે છે. ખરેખર, 'પૂર્વાલાપ' (૧૯૨૩) એ ગુજરાતી કાવ્યજગતમાં સીમાચિહ્નરૂપ ગણાય છે.

- **કાન્તનું દર્શન :**

પ્રેમનું તત્ત્વ પ્રબળ અને વિવિધ રીતે 'કાન્ત'નાં કાવ્યોમાં અભિવ્યક્ત થયેલું જોવા મળે છે. માનવીય સંબંધોમાં તેમની સતત ઝંખના સ્નેહની રહી હતી; પરંતુ સંઘર્ષને અંતે પણ પ્રેમ પામવાનું તો મુશ્કેલ જ છે. નસીબનું આવું કરુણ દર્શન તેમનાં કાવ્યોમાં જોવા મળે છે.

નસીબની અસમાનતા અને અન્યાય સામેના ચિત્કાર છતાં આ સાથે આ કાવ્યોમાં શૃંગાર, ઉન્માદ અને આવેગોનું અત્યંત સેન્દ્રિય નિરૂપણ થયું છે.

ક્રૂરતા, વિષમતા, અન્યાય છતાં પ્રણયરસથી છલોછલ છલકાતી પંક્તિઓ 'કાન્ત'ને હતાશા – નિરાશાના કવિ ઠેરવવાની સાથે પ્રણયરસના – આશાવાદના કવિ ઠેરવે છે.

- **કાવ્યની સમીક્ષા :**

*પ્રસ્તુત ખંડકાવ્યની પંક્તિઓ –*

**રજની મહીં ઘણીક વેળા,**
**નયન મળે નહીં, ઊંઘ જાય ચાલી**
**ત્યારે કરી તુજ શિરકેશ સર્વ ભેળા**
**વદન સુધાકરને રહું નિહાળી.**

એમ સ્પષ્ટ કરે છે કે આ પહેલાંના, આવા જ દુઃખદ પ્રસંગોમાં, સહદેવના અતિજ્ઞાને એને માદક પાન કરવાની સ્થિતિમાં મૂક્યો ન હતો, પણ પોતાની પ્રિયાના માનભંગને તે જીરવી શકતો નથી. અહીં પણ જો દ્રૌપદીનો પ્રેમ તેને મળ્યો હોત તો તે પૂર્વકાલીન આપત્તિઓની જેમ આ વિપત્તિ પણ તેણે સહન કરી લીધી હોત. જે બતાવે છે કે 'અતિજ્ઞાન' એ માત્ર જ્ઞાનનું કાવ્ય જ નહીં પ્રેમનું કાવ્ય પણ છે જ.

- **શીખ :**

ભવિષ્યને જાણવાની જિજ્ઞાસા નકામી છે. ભવિષ્યનું જ્ઞાન માણસની ચિંતામાં વધારો કરી દે છે. માણસે તો વર્તમાનમાં જ જીવવાનું છે અને તેનો જ આનંદ માણવાનો છે.

જીવન ખૂબ જ સુંદર છે. ગમે તેવી વિષમ અને વિકટ પરિસ્થિતિમાં પણ અભાન અવસ્થાને પ્રાપ્ત થવાની ઇચ્છા નર્યું ગાંડપણ છે.

*(આધાર : કાન્તના ખંડકાવ્યો – તુલના દૃષ્ટિએ*
*– વિજય શાસ્ત્રી)*


Splendid

# P & G Enterprise

**Kitchenware, Household Products & Corporate Gifts**

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

# Mahalaxmi

**INFRACONTRACT PVT. LTD.**

**Mining for Better Tomorrow**

**• CORPORATE OFFICE •**

B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**• REGD. OFFICE •**

102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

આધ્યાત્મિક

# પીડિતોની પીડા ટાળતા સંત : પૂ. ધ્યાની સ્વામીજી



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આપણી ભારતીય વૈદિક સંસ્કૃતિને આપણા ઋષિ મુનિઓએ અનેક રીતે ઉજાગર કરી છે. આ ઋષિઓને સ્થળકાળના બંધનો નહોતા. તેઓ આર્ષ દૃષ્ટા, ત્રિકાળજ્ઞાની, વચનસિધ્ધ હતા. તેઓ નિરાવરણ દૃષ્ટિ-દેહ યુક્ત હતા. યૌગિક સિધ્ધિઓના સ્વામી હતા. આવા જ એક મહા તપસ્વી સંત એટલે પૂજ્ય ધ્યાની સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજી. તેઓશ્રીના ગુરૂ શ્રીયુત પૂ. બાલમુકુંદ દાસજી સ્વામી જ્યારે ધ્યાનના ગુરૂ પૂજ્ય શ્રી વલ્લભદાસજી ભુજના શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં સાધુના નિયમો જે દર્શાવ્યા અને સંતોને આ નિયમોને પાળવાની આજ્ઞા આપી, તે તમામ નિયમો પૂજ્ય ધ્યાની સ્વામીશ્રી પાળતા રહ્યા. તેઓશ્રીનું જન્મ સ્થળ કચ્છમાં ભચાઉ તાલુકામાં વોંધ પાસેનું નાનકડું ગામ વીજપાસર. અગિયાર વર્ષની વયે સંસાર પ્રત્યે વિરક્તિ હોઈ, ગૃહ ત્યાગ કર્યો. સૌરાષ્ટ્રમાં મૂળી મધ્યે ગુરૂ શ્રી બાલમુકુંદદાસ સ્વામીશ્રીનો યોગ સાંપડ્યો. થોડો સમય ત્યાં વ્યતીત કરી, ગુરૂજીને લઈને ભુજ પધાર્યા. ભુજમાં પૂ. શ્રી વલ્લભદાસ સ્વામીશ્રી પાસે ધ્યાનમાં પારંગત થવા પામ્યા. ભગવાન શ્રી હરિના સાધર્માપણાને સ્વામીજી પામ્યા. અનેકાનેક ઐશ્વર્યો જાણે તેઓશ્રીને આધીન થયા. સ્વામીશ્રીએ તો અસંખ્યાત દીન દુઃખીયાઓની અનેક વિટંબણાઓ - વેદનાઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનને



પૂજ્ય ધ્યાની સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજી

પ્રાર્થના કરીને અનેકવાર ટાળ્યાના હજારો દૃષ્ટાંતો આ સંપ્રદાયમાં મોજૂદ છે.

ભારતીય યોગીઓના ઇતિહાસમાં મરેલાને સજીવન કરવાના અનેક પ્રસંગો છે. મહાભારતમાં મૃત સંજીવનીની વાત છે. અસૂરોના ગુરૂ શુક્રાચાર્યજી આ વિદ્યા જાણતા હતા. દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોએ કચ દ્વારા આ વિદ્યા મેળવેલી. ભારતમાં એક સમયે ત્રણ વિદ્યા પ્રચલિત બની હતી : તંત્ર વિજ્ઞાન, પ્રાણ વિજ્ઞાન અને સૌર વિજ્ઞાન.

વારાણસીના સુપ્રસિધ્ધ તાંત્રિક શ્રી ગોપીનાથ કવિરાજ, તંત્ર અને સૌર વિજ્ઞાનમાં પારંગત હતા. તેઓ મૃત પંખીઓને સજીવન કરવાની શક્તિ ધરાવતા. તેઓએ અનેક અંગ્રેજો તથા વૈજ્ઞાનિકો સામે આશ્ચર્યજનક પ્રયોગો કર્યા હતા. પરમાત્માની સર્વવ્યાપી શક્તિ સાથે માનસ વિજ્ઞાન જોડાયેલું છે. મહાપુરૂષો પોતાની સંકલ્પ શક્તિ વડે ધારે તે કાર્ય પાર પાડી શકે છે. આજના ક્વોન્ટમ વિજ્ઞાને પણ માનસ શક્તિનો સ્વીકાર કર્યો છે.

દેશ-દેશાવરમાં ધ્યાની સ્વામીજીના લાખો બુદ્ધિજીવી શિષ્યો છે. અર્થાત્ જેમાં એન્જિનિયરો, ન્યાયવિદો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, પ્રોફેસરો, ડૉક્ટરો - સર્જનો - સાહિત્યકારો - વિવિધ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ - અગ્રણીઓ સમાવિષ્ટ છે. કુદરતી આપત્તિઓ સમયે સ્વામીશ્રી પીડિતોની વિટંબણા ટાળવા તરત જ તે સ્થળે પહોંચી જ જાય. મોરબી, વંથલી, શાહપુરના પૂર પ્રકોપ સમયે પીડિતોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કિટ્સ બનાવી ત્રણ ટ્રકો ભરીને સેવાભાવી શિષ્યો સાથે પ્રથમ મોરબી પહોંચાડી. ત્યારે તે સમયે મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે તેમનો ઋણ સ્વીકાર કરેલો - આભાર માનેલો.

કંડલાના વાવાઝોડા સમયે તથા ઈ.સ. ૨૦૦૧ના ભીષણ ભૂકંપ સમયે સ્વામીજીએ જ્ઞાતિ જાતિના કોઈ ભેદ વિના ચાર માસ સુધી ભોજન વ્યવસ્થા આદરેલી. કચ્છમાં ૨૧૨ પ્રિ-ફેબ્રિકેટેડ હાઉસિસ બંધાવી આપેલા. ડાયાબિટીસ, બી.પી., કેન્સર જેવા અસાધ્ય રોગ કે હૃદયરોગીઓ જ્યારે તેમની પાસે વ્યથા રજૂ કરે ત્યારે તરત જ કહે કે, "હું ભગવાનને પ્રાર્થના કરીશ. ભગવાન જરૂર સારું કરશે." વાસ્તવમાં આવા દર્દીઓ રોગમુક્ત થવાના અનેક દાખલા છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)**

# શબ્દ શોધ : ૮૩

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ |
| ૭ | | ૮ | ■ | | ■ | ૯ | | |
| ૧૦ | | | ■ | ૧૧ | ૧૨ | | ■ | |
| ■ | | ■ | ૧૩ | | | ■ | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | ■ | |
| | ■ | ૧૯ | | ■ | ■ | ૨૦ | ૨૧ | |
| | ■ | | ■ | ૨૨ | ૨૩ | | | ■ |
| ૨૪ | ૨૫ | ■ | ■ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ |
| ■ | ૨૯ | | | | ■ | ૩૦ | | |

## આડી ચાવીઓ

૧. આ બાજુ, આ પ્રમાણે (૨)
૩. જરાય જગ્યા ન રહે એ રીતે ભરાયેલું હોય એમ (૪)
૭. મહાદેવ, શિવ (૩)
૯. અસાવધ, ગફલત કરનાર (૩)
૧૦. હેતુ, આશય (૩)
૧૧. ખમવું એ, સહી લેવું એ (૩)
૧૩. ભાનવાળું, સાવધ (૩)
૧૪. લક્ષ્ય (૨)
૧૫. કાશી, વારાણસી (૪)
૧૭. 'ન બોલ્યામાં _____ ગુણ' (૨)
૧૯. કપાસી, નાનામાં નાનો કણ (૨)
૨૦. 'જર, _____ ને જોરુ, ત્રણે કજીયાના છોરું' (૩)
૨૩. ગોળી છૂટે ત્યારે આવતો અવાજ (૪)
૨૪. 'નમે તે સૌને _____ ' (૨)
૨૬. દુર્ગંધ (૨)
૨૭. ધજા (૨)
૨૯. કાળા વાદળાથી સંપૂર્ણ રીતે છવાઈ ગયું હોય તેવું (૪)
૩૦. 'ખેલ ખતમ, પૈસા _____ ' (૩)

## ઊભી ચાવીઓ

૧. સંદેહ, કંઈક ખરાબ થવાનો ભય (૩)
૨. દાવપેચ કરનારી કપટી સ્ત્રી (૫)
૪. ચાલુ વર્ષે કઈ ચૂંટણી યોજાઈ (૪)
૫. આમીર ખાન અભિનીત એક સફળ ફિલ્મ (૩)
૬. એક અભિનેતા (૬)
૮. હવે તો 'કચ્છનું _____' પણ વૈશ્વિક પર્યટક સ્થળ બની ગયું છે (૨)
૧૨. હત્યા, વધ (૩)
૧૩. સણસણ અવાજ થાય એ પ્રકારનો બાળકોનો ફેફસાં સાથે સંબંધ ધરાવતો શરદીનો તાવ (૩)
૧૫. 'જય _____ બલી' (૪)
૧૬. ગણિતમાંની લખાતી સંખ્યા (૩)
૧૮. બોજ, ભાર (૩)
૨૧. કામદેવ (૪)
૨૨. પ્રભાતનો સમય (૩)
૨૩. રક્તવાહિની (૨)
૨૫. વરસાદ (૨)
૨૮. મૃત્યુનો દેવ (૨)

## શબ્દશોધ : ૮૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| કા | મ | ના | ■ | ના | ■ | એ | બ | ■ |
| મ | નો | હ | ર | પા | ર્શિ | ક | ર | ■ |
| ■ | જ | ક | જ | ક | ■ | લ | ફ | રું |
| વી | ■ | ■ | ક | ■ | ભ | વ્ય | ■ | ધ |
| સ | ગ | પ | ણ | ■ | ર | ■ | આ | ન |
| ■ | જા | ર | ■ | રા | ત | વા | સો | ■ |
| શા | ન | દા | ર | ■ | ■ | સ | પા | ટ |
| કા | ન | સ | ■ | મા | સા | ■ | લ | ગ |
| લ | ■ | ત્વ | ચા | ગ | મ્ય | ■ | વ | ર |

## શબ્દ શોધ : ૮૧ / ૮૨ નો ઉકેલ મોકલાવનારના નામ

- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- વર્ષા વી. ગોર - ગાંધીધામ
- દીપેશ કાંતિલાલ શાહ - અમદાવાદ
- પ્રવીણ મોહનલાલ વોરા - ભુજ
- રમીલા જે. ગોર - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- અભય સી. મહેતા - મુંદ્રા
- સુવાસ ડી. ગોર - ભુજ
- કમલ વિજયકુમાર ઠક્કર - નખત્રાણા
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- પ્રિયા ચેતન વોરા - અંજાર
- પુનિત સી. ઠક્કર - માંડવી
- ભરત ડી. સંઘવી - અંજાર
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- મહાભાઈ આર. વોરા - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ

*હતાશ થયા વગર હારને કે નિષ્ફળતાને જીરવી લેવી એ શ્રેષ્ઠ ધીરજ.*

વિવિધતા

# ચાલને જિંદગી જીવી લઈએ...
# જિંદગીને માણી લઈએ....



ભાવના એ. ઝવેરી

## જીવનમાં ઉતારવા જેવી અમૂલ્ય વાતો...

Life is a Package deal, accept and enjoy it.
*તેમાં જે ગમતું આવે તેને સાચવીને જીવવાનું*
*તેમાં જે અણગમતું આવે તેને તારવીને જીવવાનું*
*પણ જીવવાનું ભરચક ને ભરપૂર...*

***When you rule your mind,***
***you rule your world.***

1. Life is a challenge,..............***Meet it.***
2. Life is an adventure, ..........***Dare it.***
3. Life is a duty, ......................***Perform it.***
4. Life is a game,.....................***Play it.***
5. Life is an opportunity,........***Take it.***
6. Life is a promise, ...............***Fulfill it.***
7. Life is a beauty, .................***Praise it.***
8. Life is a struggle, ...............***Fight it.***
9. Life is a gift, ........................***Accept it.***
10. Life is a sorrow, ..................***Face it.***
11. Life is a mystery, ................***Unfold it.***
12. Life is a song, ......................***Sing it.***
13. Life is a journey, .................***Complete it.***
14. Life is a love, .......................***Love it.***
15. Life is a spirit,......................***Realise it.***
16. Life is a puzzle, ...................***Solve it.***
17. Life is a gole, .......................***Achieve it.***

૧. જોશ, ઉત્સાહ, કરુણા જીવનના મહત્ત્વના ગુણો અપનાવો.

૨. મનગમતા શોખને જીવંત રાખો. નવી રમતો શીખો અને રમો.

૩. નિયમિત ૨૫-૩૦ મિનિટ સ્માઈલી ફેઈસ, ગમતા સંગીત સાંભળતા ચાલતા જાઓ... તે સમયે વાતો ન કરવી.

૪. યોગ, પ્રાણાયામ, ધ્યાન નિયમિત કરો. તેનાથી શરીરમાં સ્ફુર્તિ રહે છે, મન પ્રફુલ્લિત રહે છે. વધારાની કેલેરી ઓછી થાય છે.

૫. હેલ્ધી ખોરાક ખાવ. ફાસ્ટફૂડ સાવ ઓછા ખાવ. ભૂખ લાગે ત્યારે જ ખાવ. પેટમાં નાખવા ખાતર ન ખાવ.

૬. ઓવર ઈટિંગ ક્યારેય ન કરો. ભૂખ હોય તેના કરતાં ઓછું ખાવ.

૭. ૭થી ૮ કલાકની ઊંઘ લો. જે સ્વાસ્થ્ય માટે બેસ્ટ છે.

૮. એક ટાઈમ બહાર જમવાનું હોય તો ઘરે જમવાનું ટાળો અથવા સલાડ, સુપ કે છાશ લઈ લો.

૯. બહારગામ ફરીને કે પ્રસંગ માણીને આવ્યા હો તો ઘરે ફુલ (ભરપેટ) ખાવાનું ટાળો. બપોરે - રાત્રે જમવામાં બે જ વસ્તુ લો.

૧૦. નાસ્તો પણ હેવી ન કરતા ખાખરા, ઉપમા, પૌંઆ જેવો હલકો નાસ્તો કરો.

૧૧. વોકિંગ - સૂર્ય નમસ્કાર રેગ્યુલર કરો. જલ્દી શરીર મેઈન્ટેઈન થઈ જશે.

૧૨. ક્યારેય પણ 'સામાવાળાને ખરાબ લાગશે...' એ હેતુથી ખાવું નહીં પણ આપણા શરીરને માફક આવે એ જ ખાવું.

૧૩. ૭૦થી વધારે અને ૭ વર્ષથી ઓછી ઉંમરના લોકો સાથે સમય ગાળો. એકાંતરે / અઠવાડિયે... સમયાનુસાર...

૧૪. પ્લાન્ટ (ફેક્ટરી)માં બનતી વસ્તુઓ કરતા પ્લાન્ટ (છોડ)માં ઉગેલી વસ્તુઓને મહત્ત્વ આપો.

૧૫. ચર્ચા - નિંદા - કુથલીમાં સમય ન બગાડો પણ બે-ત્રણ વ્યક્તિના ચહેરા પર સ્મિત લાવવાની કોશિશ કરો.

૧૬. સવારે નરણે કોઠે મધ-લીંબુવાળું નવશેકુ પાણી ૨ ગ્લાસ પીવાથી ચરબી ધીરે ધીરે ઓછી થાય છે.

૧૭. જવારાનો રસ આપણા શરીરમાં લોહી શુધ્ધ કરવાનું કાર્ય કરે છે. તેને સવારે નરણે કોઠે પીવાથી ફાયદો થાય છે.

૧૮. ઉનાળાની ઋતુમાં ઘરે બનાવેલ કાચી વરીયાળી - સાકરનું શરબત, દૂધીનો રસ ફાયદાકારક છે.

*ધાર્યું નહીં, પણ સારું કરવાનો આગ્રહ રાખવો.*

૧૯. નજીકના કામ કરવા માટે ચાલીને જવાનો આગ્રહ રાખો. ઘરના અમુક કામકાજ હાથે કરો જેથી શરીરના બધા અંગોને કસરત મળતી રહે.

૨૦. જમીને વજ્રાસનમાં બેસો. સમય મળે ત્યારે નીચે પલાઠી વાળીને બેસવાની આદત રાખો.

૨૧. ભૂતકાળ ભુલી વર્તમાનનો આનંદ લો. કોઈની સાથે સરખામણી કરવાનું છોડો. તમારા સુખનું કારણ ફક્ત તમે જ છો.

૨૨. દરેકને બિનશરતી માફી આપો. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્.'

૨૩. બીજા લોકો તમારા માટે શું વિચારશે એવા વિચાર છોડો.

૨૪. ગમે તેવી સારી કે ખરાબ પરિસ્થિતિ હશે, બદલાશે જરૂર.

૨૫. ઈર્ષ્યા સમયનો બગાડ છે. તમારી લાયકાત પ્રમાણે તમને મળતું રહેશે.

૨૬. ગમે તેવો ખરાબ મુડ હોય – ઉઠો, તૈયાર થાવ અને બહાર આંટો મારી આવો. ઉત્સાહ, તાજગી સાથે નવા વિચાર આવશે.

૨૭. રોજ સવારે ઉઠીને ભગવાનનો આભાર ચોક્કસ માનજો.

૨૮. ખાસ વાત : તમારા શરીરનો બાંધો, લંબાઈ, વજન, આદત, હેરીડિટી વગેરે અલગ અલગ હોય છે. તેથી પોતાના શરીરને શું માફક આવશે તેનું અવલોકન કરીને તમારો ડાયટ પ્લાન જાતે જ તૈયાર કરો. તેને જ અનુસરવું. આ વાત તમારા રૂટીનમાં લઈ લેશો તો તમારે ક્યાંય જવાની જરૂર નહીં પડે.

૨૯. જુઓ, જાણો, સમજો, સલાહ લો, બધા સાથે વાત શૅર કરો પરંતુ ક્યારેય કોઇનું અનુકરણ ન કરો. પોતાના શરીરને યોગ્ય હોય તે જ કરો.

૩૦. ભગવાનનું આપેલું આ શરીર છે તો તેને સાચવો, પ્રેમ કરો, લહેર કરો અને જલસા કરો....

નસીબની જિંદગી મળી છે તો તેને જીવી લ્યો...

*Happy N healthy life.*

---

## પીડિતોની પીડા ટાળતા સંત

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

ઇ.સ. ૧૯૭૦માં પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજશ્રી ભુજ અને કચ્છમાં સત્સંગ અભ્યુદયાર્થે પધારેલા. ત્યારે તેઓશ્રી ધ્યાની સ્વામીજીને મળવા પણ પધારેલા. તેમની સાથે સંતવૃંદ તથા પિતાંબરભાઈ બેસ્ટ ચેવડાવાળા તથા પ્રો. શ્રી કનુભાઈ વી. અમીન હતા.

મારા પિતાશ્રી રાજવૈદ્ય હતા. કચ્છના જાણીતા વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીના શિષ્ય હતા. તેઓનું નામ ભાઈલાલભાઈ. સંતોની સેવા સુશ્રુષા કરવા મંદિરે આવે. ઔષધ કે વિઝીટના નાણાં ક્યારેય લેતા નહીં. આશીર્વાદ માંગે. એક વખત પૂજ્ય ધ્યાની સ્વામીશ્રીએ જણાવ્યું કે, *"વંશ પરંપરાનો તમારી પાસે લાકડાનો કબાટ છે. તેની નીચેના જમણા ખાનામાંથી એક વંશાવલી નીકળશે. એક દસ્તાવેજની વચ્ચેના પાનેથી નીકળશે. ભગવાને શિક્ષાપત્રીમાં ચોથા શ્લોકમાં જેમનું નામ લખ્યું છે તે મયારામ ભટ્ટ તમારા પરદાદીના પિતા થાય."* અને વંશાવળી મળી. સ્વામીશ્રીની નિરાવરણ દૃષ્ટિનું આ દૃષ્ટાંત છે.

અંદાજે સાડા ચાર દાયકા કચ્છમાં સ્વામીશ્રી રહ્યા. તત્કાલિન અમદાવાદ પ્રદેશના આચાર્ય મહારાજશ્રીના આજ્ઞાત્મક શુભાશીર્વાદથી તેઓ અમદાવાદ તા. ૨૦મી મે, ઇ.સ. ૧૯૮૬ના સીધાવેલા. પૂ. મહારાજશ્રીએ તેમનું ભરસભામાં યથોચિત સન્માન કર્યું. નિવાસ સ્થાન અર્પણ કર્યું. ગાંધીનગર સેક્ટર-૨ માં મંદિર બાંધવા, શિક્ષાપત્રીનો ૬૬મો શ્લોક બોલી પૂજ્ય સદ્‌ગુરૂ ધ્યાની સ્વામીજીને આજ્ઞાત્મક આશીર્વાદ પાઠવ્યા ત્યારે સંતો, મહંતો, ભક્તોના તાળીઓના નાદથી સભામંડપ ગાજી ઊઠ્યો.

પૂજ્ય સ્વામીજીએ નયનરમ્ય મંદિર ગાંધીનગર સેક્ટર-૨ માં નિર્માણ કર્યું. વાસણા, બાવળા, મોરબી, પેથાપુર, મોરજરમાં પણ મંદિર નિર્માણ કાર્ય સંપન્ન થયા. કણભા મધ્યે ઇ.સ. ૨૦૦૩માં ગુરૂકુળની સ્થાપના કરી. તબીબી કેન્દ્ર પણ સ્થાપ્યું. ઇ.સ. ૧૯૧૪-૧૫માં વડતાલ મધ્યે શ્રી હરિકૃષ્ણ મહામહોત્સવ-૩ ની ધામધૂમથી ઉજવણી કરી. ઉપદેશામૃત, શ્રી હરિ આજ્ઞામૃત તથા ધ્યાનપ્રકાશ પુસ્તકો પ્રગટ કર્યા.

શનિવાર, તા. ૨૬-૧૨-૨૦૧૫ના મહા વદ-૧ ના રોજ કણભા મધ્યે તેઓશ્રી અક્ષરવાસી થયા. તેઓશ્રી ઉદ્‌બોધતા રહ્યા કે "શ્રી હરિની તથા અમારા ધ્યાનગુરૂની આજ્ઞાથી અમો દેહત્યાગ કરીશું. અમારા નામ આગળ અક્ષર નિવાસી ના લખજો." આજે પણ ભક્તો - શિષ્યો તેઓનો અનુભવ કરે છે.

*'સહજાનંદ', ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

---

# પ્રતિભાવ

### ‘કચ્છશ્રુતિ’ માસ એપ્રિલ-૨૦૧૯ : પ્રતિભાવ

કચ્છશ્રુતિ માસિકમાં આવતા લેખો વાંચવામાં ઘણા જ સારા હોય છે. જેથી મારું મંતવ્ય રજૂ કરું છું. ‘કચ્છશ્રુતિ’માં તંત્રીલેખ કચ્છને લગતા વિષયો પર આપવામાં આવે છે, જે હાલના સમયમાં શ્રેષ્ઠ છે. કચ્છી પ્રજાને આવા ઉત્તમ લેખથી ઘણી જ વિગતો જાણવા મળે છે. કચ્છશ્રુતિ માસિકના તંત્રીશ્રીના લેખો ‘કચ્છમિત્ર’ દૈનિકમાં પ્રકાશિત કરવા જરૂરી છે. જેથી કચ્છી પ્રજા આ લેખોનું વાંચન કરી શકે અને તેમને ઘણું જ જાણવાનું મળે. ખેતી - વેપાર - ઉદ્યોગના વિકાસ માટે પાણીની ખૂબ જ જરૂરત છે. એ માટે કચ્છી પ્રજાએ સરકારશ્રી સમક્ષ પોતાની રજૂઆત કરવી જરૂરી છે. જેથી આ પ્રશ્નનું નિરાકરણ તરત આવી શકે. આવા અભ્યાસપૂર્ણ લેખો સાચું જ્ઞાન આપી શકે છે. આવા શ્રેષ્ઠ લેખ લખવા બદલ તંત્રીશ્રીને ઘણા જ અભિનંદન.

કચ્છમિત્ર દૈનિકના અગાઉના તંત્રીશ્રી **કીર્તિભાઈ ખત્રી**નો લેખ ‘સિંધુ જળ સંકટની ચર્ચામાં કોક તો કચ્છની વાત કરો...’ આ લેખનું વાંચન કરતાં ઘણું જ જાણવાનું મળ્યું. કીર્તિભાઈ ખત્રી કચ્છના ઈતિહાસ, ભૂગોળનું સારું જ્ઞાન ધરાવે છે. તેઓ જ્યારે કચ્છમિત્રમાં તંત્રીપદે હતા ત્યારે તેઓ કચ્છને લગતા વિષયો પર ઘણા જ લેખ લખી કચ્છમિત્રમાં પ્રકાશિત કરતા હતા.

**શ્રી ભીમજી નાકરાણી**નો લેખ ‘અન્નપૂર્ણા ધામ અડાલજ’ વાંચનથી મન શુધ્ધ થઈ ભક્તિભાવમય બની ગયું. **શ્રી ભોલાભાઈ ગોલીબાર**ના લેખ વાંચવા ગમે છે. **શ્રી તુલસીભાઈ કંસારા**નો લેખ શબ્દબોધ — અંગ્રેજી શબ્દોની ગુજજુગ્રાફી અંગ્રેજી શબ્દોનું જ્ઞાન આપે છે. બીજા અન્ય લેખ - કાવ્યો પણ ખૂબ સરસ છે. કચ્છશ્રુતિ માસિકના સંપાદક મંડળને ઘણા જ અભિનંદન. દર મહિને કચ્છશ્રુતિ માસિકનો અંક મળતાં ઘણો જ આનંદ થાય છે અને તરત વાંચન કરવાનું મન થાય છે. કચ્છશ્રુતિ માસિક આગળ ખૂબ જ પ્રગતિ કરે એ જ શુભેચ્છા...

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## જન્મભૂમિ જૂથના અખબાર ‘કચ્છમિત્ર’ પરિવાર તરફથી ગાંધીનગર ખાતે એક બેઠકનું આયોજન થયું

ગાંધીનગર ખાતે ‘કચ્છમિત્ર’ પરિવાર અને પાટનગરના જુદા જુદા કચ્છી સંગઠનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી બેઠકમાં વિવિધ પ્રકારની લાગણી વ્યક્તિ થઈ હતી.

અમદાવાદ - ગાંધીનગર વસતા મૂળ કચ્છીઓને ‘કચ્છમિત્ર’ દૈનિકનું આકર્ષણ કાયમ રહેતું હોય છે. આ સંદર્ભે શહેરોમાં ‘કચ્છમિત્ર’ દૈનિક નિયમિત રીતે સવારે મળે તેવી ઊઠેલી માંગને પગલે પ્રત્યુત્તર માટે કચ્છી માડુઓ ઉત્સાહભેર જોડાયા હતા.

પ્રારંભે સ્વાગત પ્રવચન ‘કચ્છમિત્ર’ના ગાંધીનગરના પ્રતિનિધિ મનોજ શુક્લએ કર્યું. દીપ પ્રાગટ્ય બાદ પ્રારંભમાં પૂર્વ ભૂમિકા રજૂ કરતાં ‘કચ્છમિત્ર’ના મેનેજર શૈલેષ કંસારાએ જણાવ્યું હતું કે કચ્છની બહાર વસતા કચ્છી ભાઈ-બહેનોને કચ્છમિત્ર મેળવવાની ખૂબ જ ઈચ્છા રહે છે. ટેલિફોન અને ટપાલ મારફતે અને જણાવવામાં આવે છે. ખરેખર, આ બાબત અમારી નૈતિક જવાબદારીનું નિર્માણ કરે છે.

અમદાવાદ કચ્છી સમાજના પ્રમુખ અશોક મહેતા, ગાંધીનગર સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલ, ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના પ્રમુખ માવજીભાઈ રંગાણી, મંત્રી નીલેન્દુ વોરા, અમદાવાદ કચ્છી સમાજના ઉપપ્રમુખ ભરતભાઈ ઓઝા, ટ્રસ્ટી મનુભાઈ કોટડિયા, મહિલા સંગઠન મંત્રી વર્ષાબેન મહેતા, સરક્યુલેશન મેનેજર મનોજ વૈદ્ય, અમદાવાદ બ્યૂરોના ચીફ વિક્રમ સોનીની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત આ તમામ સંસ્થાઓના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, વ્યવસાયિક કારણોસર કચ્છ છોડવું પડ્યું છે. પણ ‘કચ્છમિત્ર’ સાથેનો લગાવ તૂટતો નથી.

રાજ્યના કોઈપણ ખૂણે બેઠા હોઈએ પણ જો ‘કચ્છમિત્ર’ વાંચવા મળે તો જાણે કચ્છમાં બેઠા હોઈએ તેવો અહેસાસ થાય છે. નવી પેઢીને કચ્છ સાથે જોડવી હશે તો ઘરમાં ‘કચ્છમિત્ર’ જેવું દૈનિક સંસ્કારી વાંચન જરૂરી છે તેવી લાગણી વ્યક્ત થઈ હતી.

અતિથિઓના પ્રવચન બાદ ઉપસ્થિત શ્રોતાઓનાં સૂચનો માંગવામાં આવ્યા હતા. જેમાં ઉત્સાહભેર જોડાઈને માહિતી ખાતાના નાયબ નિયામક હીરેન ભટ્ટ, ગુજરાત સંગીત નાટક અકાદમીના સચિવ જ્યોતિષ ભટ્ટ, ભવન્સ કલ્ચર એકેડેમિ - અમદાવાદના નિયામક જીગર રાણા, સરકારી અધિકારી રામદાન ગઢવી, દીપક દવે વગેરેએ સૂચનો કર્યા હતા. વ્યવસ્થામાં સત્યમ ઠક્કર, મુકેશ પ્રજાપતિ તથા મુકેશ વાઘેલા સહયોગી રહ્યા હતા.

*અફર બાબતોનો કદીયે અફસોસ ન કરવો.*

## બેઠો છું...

તારી રાહ જોઈને હવે બેઠો છું,
માનસ પટે યાદ લઈને બેઠો છું.

બંધ આંખે સ્વપ્ન લઈને બેઠો છું,
વરસાદી મોસમની રાહ જોઈ બેઠો છું.

સ્મૃતિ પટ મહીં તારી યાદ લઈ બેઠો છું,
જીવન ઝંઝારમાં તને યાદ કરવા બેઠો છું.

પાનખર વચ્ચે વસંત જોવા બેઠો છું,
સરી જતા સમયે તારી યાદમાં બેઠો છું.

શાંત બેસી જીવનની ઘટના જોવા બેઠો છું,
ને 'દિલકશ' તારી યાદ મહીં કલમ લઈ બેઠો છું.

## હાઈકુ

સારા વિચાર
આવે કવિ હૃદયે
બને કવિતા!

કવિતા એ જ
હૃદય ઉર્મિઓ છે
કવિ જીવને!

ખંડેર ખર્યું
પ્રાચીન વિચારમાં
કંઈ દટાયું.

સાચી ઘટના
દટાઈ ગઈ છે
નવી કુસુમે!

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

## કચ્છી કાવ્ય : હાણે વરસી પો...

*સીમ મેં ઝાડ વાટ નેરીયેંતા*
*ડેલી તે મોર વાટ નેરીયેંતા*
*વથાણમેં ગાયો વાટ નેરેંતી,*

*અંગણમેં છોકરા વરસાદમેં રમેજી વાટ નેરીયેંતા*
*કુધરત તું બેફામ વરસ 'કચ્છી' માડુ વધાયેજી વાટ નેરીયેંતા*

*અચ અંગણ કર ભીનો, ભુજવારા વાટ નેરીયેંતા*
*હાણે કેંજી વાટ નેરેતો, વરસી પો કચ્છતેં*

*કચ્છી માડુ બેફામ હાણે વાટ નેરીયેંતા*
*ચોપે-પંખી સામું નેરી, દયા કરી અચી વિન.*

***વિપુલ બી. જોશી "કચ્છી ફામ" - ભુજ, કચ્છ***
***મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬***

## કુછ બાતેં પાની કી

હૈ પાની જહાં જહાં હૈ વહાં વહાં હરિયાલી
પાનીસે ફૂલોમેં સુગંધ હૈ નિરાલી
પાની હૈ તો શરીરમેં રક્ત ઔર લાલી હૈ
બીના પાની મંગલ ગ્રહ મેં હવા ભી વિષૈલી હૈ.

બુંદ બુંદ સે બનતા હૈ બાદલ
બુંદ બુંદ સે નાચ ઉઠા મન પાગલ
ઉમડ ઉમડ કર બરસતે હૈં બાદલ
ક્યોંકિ ધરતી ન હો ગરમીસે ઘાયલ.

બુંદ બુંદ સે ભરતી હૈ ગાગર
બુંદ બુંદ સે ભરતા હૈ સાગર
બુંદ બુંદ સે બઢતે હૈં પેડ-પૌધે
બુંદ બુંદ સે ફૈલતી હૈ ફસલોંકી ચાદર...

આઓ હમ પાની કી બુંદ કો સમજે...

***રમીલા પ્રમોદ મહેતા - ભુજ***

## ચૈતર વૈશાખના વાયરા

બાલમ નીકળીશ નહીં તું બહાર સજી રૂપાળો શણગાર
ઉનાળાના તાપનો છે માર ચૈતરના વાયરા વાય.

વાદળાઓ અને ધૂળની ડમરી વચ્ચે આકરો સૂરજ લપાઈ જાય
પાનખર પછીની વસંતઋતુ હાંસિયામાં ધકેલાઈ જાય
ગ્રિષ્મનો પવન અને વૈશાખી વાયરો ખૂબ જ મિજાજથી વાય...૧

તારું ફુલ જેવું બદન સોહામણું જોઈને મન હરખાણું
અંબોડે વેણીના ફુલની ફોરમ ચોફેર પ્રસરતી હું માણું
ચૈતર વૈશાખના વાયરામાં વેણીના ફુલ કરમાઈ ના જાય... ૨

ઉપવનમાં બેઠો બેઠો મસ્તીભરી કવિતા લખી રહ્યો,
ફોરમતાં રંગબેરંગી ફુલોની મહેકને હું માણી રહ્યો
ઝુલતી ડાળડાળને જોતાં મદમસ્ત ઠંડક અનુભવાય... ૩

મદમસ્ત પવનની લહેરમાં તારી લટકતી લટ ઝુલતી,
વૃક્ષની ડાળડાળ એકબીજામાં પરોવાઈને ચૂમતી
નભધરાનું મિલન જોતાં જ તારી કવિતા લખાય... ૪

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***

*દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,*
*એનું નામ 'સંસાર.'*

*આપણી પાસે કંઈ ન હોય એ નહીં, પણ આપણું કોઈ ન હોય એ જીવનનું સૌથી મોટું દુઃખ છે.*

# સમાજ સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *આયોજિત*
## અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ મહોત્સવ
## ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ચાલુ વર્ષે કચ્છી નૂતન વર્ષ – અષાઢી બીજ કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે. તેના માટે ટાગોર હોલ, બીજી તથા ત્રીજી શિફ્ટ માટે બુક કરાવી લેવામાં આવેલ છે.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ગટક સમાજોના પરિવારજનોમાંથી કોઈ પણ સભ્ય પોતાની કલા કૌશલ્યસભર કોઈ પણ પ્રકારની આઈટમ (ફિલ્મી ગીત - નૃત્ય સિવાય) સ્વતંત્ર રીતે અથવા તો ટીમ / ગ્રુપમાં સ્ટેજ પર રજૂ કરી શકશે. તે માટે વય મર્યાદાનો કોઈ બાધ રાખવામાં આવેલ નથી.

સૌ પોતાની રંગારંગ તેમજ ઉત્કૃષ્ટ આઈટમોની રજૂઆત કરવા અત્યારથી જ તૈયારીનો આરંભ કરી દે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આપની રજૂઆતની સંપૂર્ણ વિગત સાથે નીચે જણાવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિમાંથી કોઈ પણ સભ્યનો સંપર્ક સાધી પોતાની વિગતો તા. ૧૫-૬-૨૦૧૯ સુધી નોંધાવી દેવા અપીલ કરવામાં આવે છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ :**

| | | | |
|---|---|---|---|
| ★ | *શ્રીમતી કિરણબેન ઠક્કર* | *વેજલપુર* | *૮૮૬૬૦ ૨૦૧૭૦* |
| ★ | *શ્રીમતી છાયાબેન કોટક* | | *૯૪૨૭૬ ૨૪૨૯૫* |
| ★ | *શ્રીમતી લતાબેન કે. પટેલ* | *ગીતા મંદિર* | *૯૪૨૬૧ ૭૦૭૭૨* |
| ★ | *શ્રીમતી જિજ્ઞાસાબેન ધોળુ* | | *૯૮૨૫૦ ૮૨૧૩૦* |
| ★ | *શ્રીમતી પ્રીતિ દીપક ચૌહાણ* | *નરોડા* | *૭૮૭૪૮ ૦૨૭૫૪* |
| ★ | *શ્રીમતી નેહા મનીષ શાહ* | *વાસણા* | *૯૪૨૮૧ ૦૪૮૪૪* |
| ★ | *શ્રીમતી વર્ષાબેન મહેતા* | *ગાંધીનગર* | *૮૮૪૯૨ ૨૯૬૯૯* |
| ★ | *શ્રી નારણભાઈ પટેલ* | *નવરંગપુરા* | *૯૬૦૧૨ ૭૧૨૫૪* |

સમગ્ર કાર્યક્રમ બપોરે ૪ વાગે શરૂ કરી દેવામાં આવનાર છે. જેમાં સરસ્વતી સન્માન, સ્ટેજ ફંકશન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા અન્ય કાર્યક્રમો તેમજ સમૂહ ભોજનના કાર્યક્રમનો પણ સમાવેશ કરવામાં આવનાર છે. સાંસ્કૃતિક કાર્યક્રમને અંદાજિત ૨ કલાક જેટલો સમય ફાળવવામાં આવેલ હોઈ, જો વધારે એન્ટ્રી આવશે તો એ માટે નીચે જણાવેલ સિલેક્શન કમિટીને યોગ્ય લાગે તે જ આઈટમો રજૂ કરી શકાશે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ સિલેક્શન સમિતિ :**

| | | |
|---|---|---|
| ★ | *શ્રીમતી રેખાબેન વી. પટેલ* | *૯૯૨૫૧ ૭૪૬૦૫* |
| ★ | *શ્રીમતી મોનીકા ઠક્કર* | *૯૭૨૬૦ ૭૭૩૧૮* |
| ★ | *શ્રીમતી મિત્તલબેન વરુ* | *૮૯૦૫૯ ૭૦૨૦૦* |

*સારી વાત સાંભળતા જેને શંકા પડે, એવી વ્યક્તિથી દૂર રહેવું.*

★ *જુહી ધોળકિયા* *૯૪૨૬૭ ૬૭૯૭૯*

★ *શ્રી વિજય ઠક્કર* *૯૮૨૪૯ ૪૭૨૯૪*

ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. ગુરૂવાર, તા. ૪-૭-૨૦૧૯ના સાંજના ૪.૦૦ વાગે કાર્યક્રમ શરૂ કરી દેવામાં આવનાર હોઈ, સહુને સમયસર પોતાની સીટ સંભાળી લેવા અપીલ કરવામાં આવે છે.

★ *કાર્યક્રમ દિવસ અને તારીખ : ગુરૂવાર, તા. ૪-૭-૨૦૧૯*

★ *સમય : બપોરના ૪.૦૦ વાગ્યાથી*

★ *સ્થળ : ટાગોર હોલ, પાલડી.*

કાર્યક્રમની વચ્ચે ભોજન સમારંભ માટે રીસેસ રાખવામાં આવશે.

**ભરત ઓઝા**
**કન્વીનર, અષાઢી બીજ કાર્યક્રમ સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

---

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારો માટે પ્રવર્તમાન વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ગત વર્ષની માફક ચાલુ વર્ષ દરમિયાન પણ વિદ્યાર્થી દત્તક યોજના જારી રાખવામાં આવેલ છે કે જેનો લાભ લેવા જરૂરિયાતવાળા પરિવારોને અપીલ કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ — એમ ત્રણ વર્ષ સુધી યોજનાની સમિતિ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-ની છાત્રવૃત્તિ આપવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષે ધોરણ ૯ પૂર્ણ કરી, ધોરણ ૧૦માં પ્રવેશ લેતા હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ જ આ માટે અરજી કરી શકશે. જેમ જેમ દાતાઓનો પ્રતિસાદ વધતો જશે તેમ તેમ આ યોજનાને વ્યાપક સ્વરૂપ આપવામાં આવશે.

આ યોજનામાં મર્યાદિત વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હોવાથી, કુટુંબની એક જ કમાનાર વ્યક્તિ અકાળે મૃત્યુ પામેલ હોય કે કોઈ આકસ્મિક બીમારીનો ભોગ બની હોય તેવા પરિવારોના વિદ્યાર્થીને અગ્રતા આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા આપે નીચેમાંથી કોઈ એક વ્યક્તિનો તેમના મોબાઈલ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે.

*અશોક મહેતા : ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬3100*

*હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ 0100૪*

ફોન પર જરૂરી વિગતો મેળવ્યા બાદ અથવા આવેલ અરજીની વિગત જાણ્યા બાદ જો તે યોગ્ય જણાશે તો જે તે વ્યક્તિને આ યોજનાનું ફોર્મ મોકલી આપવામાં આવશે. આપે આ ફોર્મ સારા અક્ષરે ભરી, ફોર્મમાં જણાવ્યા પ્રમાણેના કાગળો તેની સાથે જોડી, તા. ૧૫ જૂન, ૨૦૧૯ સુધીમાં આ ફોર્મ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાના રહેશે.

પસંદગી પામેલ લાભાન્વિત વિદ્યાર્થીને ત્યારબાદ આ રકમ ચેક દ્વારા મોકલી આપવામાં આવશે.

***ગત વર્ષ દરમિયાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થી ચાલુ વર્ષ દરમિયાન ધોરણ-૧૧માં પ્રવેશ પામે ત્યારે તેણે પણ પોતાની બધી વિગતો તા. ૧૫ જૂન, ૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાની રહેશે. ત્યારબાદ તેઓના ચેક લખવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે.***

***હિમાંશુ ઠક્કર***
***કન્વીનર - વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

---

*મોત રોજ નજીક આવી રહ્યું છે એ સ્વીકારવું ન ગમે એવું સત્ય છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# સરસ્વતી સન્માન : ૨૦૧૮-૨૦૧૯

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સમાજમાં ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કોઈ પણ કચ્છી વિદ્યાર્થીને સરસ્વતી સન્માનનું ફોર્મ ભરીને સમાજના કાર્યાલય પર ત્વરીતપણે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

અત્યાર સુધી દર વર્ષે ધોરણ-૧૦, ધોરણ-૧૨, કન્યા પારિતોષિક (ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં સમાજમાં પ્રથમ આવનાર કન્યા), ઉચ્ચ શિક્ષણ તથા વિશિષ્ટ પ્રતિભાઓને પારિતોષિક આપવામાં આવતા હતા. પરંતુ વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી આ યોજનામાં ધોરણ-૧થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પારિતોષિક આપવામાં આવે છે.

આથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને ઉત્તીર્ણ થયેલા તેમના પાલ્યના ફોર્મ ભરીને તરતમાં સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

દરેક ધોરણના પારિતોષિકો નીચે મુજબ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| *૧.* | *ધોરણ-૧૦* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૨.* | *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૩.* | *ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૪.* | *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) તથા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં સમાજમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.* |
| *૫.* | *ઉચ્ચ શિક્ષણ પારિતોષિક* | *કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૬.* | *વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક* | *કોઈ પણ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ અથવા સ્પોર્ટ્સ, કલા, વિજ્ઞાન, આઈ.ટી. તથા અન્ય વિભાગો વગેરે ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર પ્રતિભાને.* |
| *૭.* | *ડિપ્લોમા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ડિપ્લોમા કોર્સની કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં દરેક ફેકલ્ટીમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૮.* | *ધોરણ ૧ થી ૪* | *૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.* |
| *૯.* | *ધોરણ ૫ થી ૯* | *૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનું યોગ્ય બહુમાન કરવામાં આવશે.* |

આ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી સરસ્વતી સન્માનને ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ આપેલ છે કે જેથી સમાજમાં અભ્યાસ કરતા કોઈ પણ ધોરણના વિદ્યાર્થી તેમજ ઉચ્ચ અભ્યાસ અને ડિગ્રી તથા ડિપ્લોમાની પદવી મેળવનાર કોઈ પણ વિદ્યાર્થી આ યોજનામાં સામેલ થઈ શકે છે.

વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે. એ ફોર્મ વહેલી તકે ભરીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

દરેક વિદ્યાર્થી અથવા તેના વાલીને અપીલ કરવામાં આવે છે કે દરેકે પોતાના ફોર્મ ભરીને સંસ્થાના કાર્યાલય પર મોડામાં મોડા તા. ૧૫-૬-૨૦૧૯ના રોજ મળે એ રીતે મોકલી આપવાના રહેશે. કેમકે આ વર્ષે સરસ્વતી સન્માનનો કાર્યક્રમ તા. ૪-૭-૨૦૧૯ના રોજ યોજવામાં આવનાર છે. જે પરીક્ષાના પરિણામો તા. ૧૫-૬-૨૦૧૯ બાદ આવવાના હોય તેમનું સન્માન, આ પછીના વર્ષે કરવામાં આવશે કે જેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

**દીપક ચૌહાણ**

**કન્વીનર : શૈક્ષણિક સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*પ્રત્યેક ક્ષણે ઉંમર વધતી જાય છે, આયુષ્ય ઘટતું જાય છે.*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# બાકી રહેતી સરસ્વતી સન્માનની યોજનાઓ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૧૭થી સરસ્વતી સન્માનની યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપી દરેક ધોરણ તથા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ સહિત લગભગ દરેક ફેકલ્ટીને આવરી લેતી સન્માનની યોજના દાખલ કરેલ છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને મોટાભાગના પરિવારોના બાળકો આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને પણ અનેક વિદ્યાર્થીઓના સન્માનનો લાભ પ્રાપ્ત થઈ શકશે.

***સરસ્વતી સન્માનની અનેક યોજનાઓના સૌજન્યનો લાભ બાકી રહે છે. નીચે આપેલ વિગત પ્રમાણેના ધોરણોના સન્માનના સૌજન્યનો લાભ લેવા સમાજના ઉદારદિલ સભ્યોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.***

| ક્રમ | ધોરણ | સૌજન્યની રકમ (૧૦ વર્ષની અવધિ) | વિગત |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૨. | ધોરણ – ૨ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૩. | ધોરણ – ૩ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૪. | ધોરણ – ૪ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૫. | ધોરણ – ૫ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૬. | ધોરણ – ૬ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૭. | ધોરણ – ૭ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૮. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | રૂા. ૧.૫૧ લાખ | કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ફેકલ્ટીમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને. |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૧૭થી સરસ્વતી સન્માનની યોજનાના ફલકને વિશાળ સ્વરૂપ આપેલ હોવાથી, આ યોજનામાં સહયોગ આપવા દરેક ઉદારદિલ પરિવારને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માન યોજના : લાભ લીધેલ દાતાશ્રીઓની નામાવલી

- ★ *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા : મંજુલાબેન હરખચંદ સાવલા*
- ★ *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા : નરેન્દ્ર છગનલાલ શાહ*
- ★ *ઉચ્ચ અભ્યાસ શ્રેષ્ઠતા પારિતોષિક (સ્પેશિયલ એચિવમેન્ટ) : ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ*
- ★ *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક : ઝવેરબેન રંગવાલા*
- ★ *ધોરણ-૯ શ્રેષ્ઠતા પારિતોષિક : શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ)*
- ★ *ધોરણ-૮ શ્રેષ્ઠતા પારિતોષિક : વિમળાબેન શાંતિલાલ શાહ*

*ઘોડો પાગલ થાય એ ચાલે, પરંતુ ઘોડેસવારે તો ડાહ્યા જ રહેવું પડે.*

# કચ્છશ્રુતિ સૌજન્ય યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છશ્રુતિ માટે એક "સૌજન્ય યોજના" દાખલ કરવામાં આવેલ છે. આ યોજનાનો હેતુ કચ્છશ્રુતિને વધુને વધુ સમૃદ્ધ બનાવવાનો રહેલ છે.

આ યોજનાનો લાભ લેનાર વ્યક્તિએ એક મહિનાના અંકના સૌજન્યનો સ્વીકાર કરવાનો રહે છે.

જે તે મહિનાના સૌજન્યનો લાભ લેનાર વ્યક્તિ / પેઢી / સંસ્થાના નામની કવર પેઈજ-૧ પર ૧"ની શુભેચ્છા પટ્ટી મૂકવામાં આવશે.

દા.ત.

● આ અંકનું સૌજન્ય ●

**ABC તરફથી સાંપડેલ છે.**

તદુપરાંત અંદરના સફેદ પાના પર એક ફૂલ પેઈજ જે-તે લાભ લેનાર વ્યક્તિને આપવામાં આવશે કે જેમાં તેઓ ઈચ્છે તે વિગત / સમાચાર / જાહેરાત છપાવી શકશે.

એક મહિનાના સૌજન્યનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

આપશ્રી આ સૌજન્ય યોજનામાં જોડાઈ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને દરેક રીતે વધુમાં વધુ સમૃધ્ધ બનાવવાની યોજનામાં સહભાગી બનો તેવી અમારી હાર્દિક અપીલ છે.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સભ્ય પરિવારજનો માટે આકર્ષક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે **નિઃશુલ્ક ધોરણે** એક ખૂબ જ આકર્ષક યોજના નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

★ કોઈપણ પરિવારજનોને પોતાના વ્યવસાય અથવા ઘરે વિવિધ પ્રકારના સ્ટાફની અથવા કારીગર વગેરેની જરૂરી હોય છે. તે રીતે કોઈ ક્ષેત્રના સ્ટાફ - કારીગર વર્ગની જરૂર હોય તો તેની ટૂંક વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકે છે. (દા.ત. ક્લાર્ક, ઈજનેર, કોમ્પ્યુટર તજજ્ઞો, શિક્ષક, પ્યુન, ડ્રાઈવર, ઘરકામ માટે રસોઇ કરનાર, બીમાર વ્યક્તિની સંભાળ લેનાર, બીમાર વ્યક્તિ માટે કોઈ સાધન-સામગ્રી તથા કોઈ પ્રકારના કારીગરની જરૂરત વગેરે.)

★ લગ્નોત્સુક ઉમેદવાર (માત્ર નામ, વય અન ટેલિફોન નંબર) સાથેની વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકાય છે.

★ તેવી રીતે સમાજના પરિવારજનોમાંથી કોઈને પોતાની આવડત અથવા જરૂરત મુજબ, શૈક્ષણિક લાયકાત મુજબ કામ-ધંધાની જરૂર હોય તો તેઓ પોતાની વિગત ટૂંકમાં લખીને મોકલાવી શકે છે.

★ ઉપરોક્ત પ્રમાણેની વિગત ટચુકડી જાહેરાતના સ્વરૂપે (ટૂંકાવીને) શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"માં નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે. (પ્રકાશન સંબંધી સર્વ હક્ક સંપાદક મંડળ પાસે રહેશે.)

★ ઉપર પ્રમાણેની વિગત સાથે પોતાનું પૂરું નામ અને મોબાઈલ / ટેલિફોન નંબર લખવા જરૂરી છે.

**ઉપર જણાવેલ નિઃશુલ્ક સેવાનો લાભ સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉઠાવશે તેવી અપેક્ષા છે.**

*કાર્યાલય :* શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ ● વૉટ્સ એપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮
E-mail : kutchhisamaj@gmail.com

*ખોટી વ્યક્તિ માટે દર્શાવેલી લાગણી, ક્યારેક નુકસાનકારક બની શકે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૯

★ **બુધવાર, તા. ૧૦-૪-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હરીશભાઈ રંગવાલાના માતુશ્રી ઝવેરબેન રંગવાલાનું અવસાન થતા તેમના અંતિમવિધિ સંસ્કારમાં અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

★ **ગુરૂવાર, તા. ૧૧-૪-૨૦૧૯**

- માતુશ્રી ઝવેરબેન રંગવાલાની પ્રાર્થના સભામાં અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

★ **શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૯**

- કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા તથા તેમના વિભાગના શ્રી મનોજભાઈ, શ્રી કચ્છી સમાજની ઑફિસ પર આવેલ હતા. આવતીકાલે 'કચ્છમિત્ર'ના અમદાવાદની આવૃત્તિના અનુસંધાને જે સમારંભ યોજવામાં આવેલ છે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

★ **રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૯**

- 'કચ્છમિત્ર'ની અમદાવાદ આવૃત્તિ શરૂ કરવા શ્રી કચ્છી જૈન ભવન પર કચ્છમિત્ર ગ્રૂપ તરફથી એક સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અતિથિ વિશેષશ્રી તરીકે શ્રી મેઘજીભાઈ ખેતાણી, શ્રી કાંતિભાઈ પટેલ (સ્વસ્તિક ટિમ્બર) તથા શ્રી અરુણભાઈ પટેલ (શાર્પેક્ષ) ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં ફૂલછાબ - રાજકોટના મેનેજર શ્રી નરેન્દ્રભાઈ ઝીબા ઉપરાંત અમદાવાદ સ્થિત કચ્છી મહાનુભાવો શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી દિનેશ મહેતા, શ્રી કરશનભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અંદાજિત ૮૦ વ્યક્તિઓની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી.

★ **સોમવાર, તા. ૧૫-૪-૨૦૧૯**

- ઈન્કમટેક્ષ વિભાગમાંથી ઇ-મેઈલ દ્વારા આવેલ નોટિસના અનુસંધાને શ્રી મનુભાઈ કોટડિયાએ C.A. શ્રી સુધીરભાઈ સાથે ચર્ચા કરેલ હતી.

★ **મંગળવાર, તા. ૧૬-૪-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના તા. ૪-૭-૨૦૧૯ના અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ કાર્યક્રમના મીડિયા પાર્ટનર તથા સ્પોન્સર તરીકે 'કચ્છમિત્ર' પર એક પત્ર મોકલી આપ્યો.
- નવનીતને નોટબુક અંગેનો બીજો ઓર્ડર લેખિત સ્વરૂપે મોકલી આપવામાં આવ્યો.

★ **બુધવાર, તા. ૧૭-૪-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની અષાઢી બીજ કાર્યક્રમ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. મનોરંજન કાર્યક્રમ તથા જમણવાર બાબત ચર્ચા કરવામાં આવેલ હતી. સરસ્વતી સન્માન કાર્યક્રમ તથા કચ્છશ્રુતિ અષાઢી બીજ વિશેષાંક માટે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ખજાનચી શ્રી અતુલભાઈ સોની આજે રાત્રે એક મહિના માટે અમેરિકા જતા હોવાથી તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

★ **શનિવાર, તા. ૨૦-૪-૨૦૧૯**

- આજે અષાઢી બીજ કાર્યક્રમ સમિતિની મીટિંગ સાંજના ૫ વાગે સ્પાન ટ્રેડ સેન્ટર ખાતે મળેલ હતી. જેમાં શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા, શ્રી મનીષ ખોના, શ્રીમતી નેહા મનીષ ખોના, શ્રીમતી પ્રીતિ દીપક ચૌહાણ, શ્રીમતી રેખાબેન વી. પટેલ, શ્રીમતી કિરણબેન ઠક્કર, શ્રીમતી મિતાલી વરુ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાબત વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી. વિવિધ સામયિકોમાં સમાચાર આપવા, વિવિધ સ્થળે પ્રેક્ટિસ કરવી, અન્ય કલાકાર ગ્રૂપોને નિમંત્રિત કરવા વગેરે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **સોમવાર, તા. ૨૨-૪-૨૦૧૯**

- C.A. વી.કે. જીંદાલમાંથી વર્ષ ૨૦૧૬-૧૭ની વિગતો માંગતો મેઈલ આવેલ હતો. આ માટે શ્રી મનુભાઈ કોટડિયા તથા એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહ આવતીકાલે બેસીને વિગત તૈયાર કરવાના છે.

★ **મંગળવાર, તા. ૨૩-૪-૨૦૧૯**

- આજે ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો દિવસ.
- આજે શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી રાજુભાઈ શાહે વર્ષ ૨૦૧૬-૧૭ની એકાઉન્ટને લગતી વિગતો તૈયાર કરી C.A. સુધીરભાઈ પર મોકલી આપેલ હતી.

*પ્રેમને નાનો કરી દેનાર પરિબળ ક્રોધ છે.*

★ **બુધવાર, તા. ૨૪-૪-૨૦૧૯**

- કચ્છશ્રુતિના મે-૨૦૧૯ના અંકના મણકાની લેખમાળા માટે શ્રી મનસુખભાઈ પટેલની વિગતો લખવાની હોવાથી આજરોજ તેઓ સમાજ પર આવેલ હતા અને તેમના અનેકવિધ કાર્યોની નોંધ તૈયાર કરવામાં આવેલ હતી.

★ **શુક્રવાર, તા. ૨૬-૪-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અષાઢી બીજ કાર્યક્રમ માટે ટાગોર હોલની બીજી શિફ્ટ પણ આજરોજ બુક કરાવી લેવામાં આવેલ હતી.
- મે. વી.કે. પટેલવાળા શ્રી નાનાલાલ વીરજી પટેલે આજરોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસની મુલાકાત કેટલાક જરૂરી કારણોસર લીધેલ હતી.

★ **શનિવાર, તા. ૨૭-૪-૨૦૧૯**

- કચ્છશ્રુતિના અષાઢી બીજ વિશેષાંક — "વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક"ના "એ" વિભાગની લગભગ ૯૦ માહિતી પ્રિન્ટિંગ માટે મુદ્રા પ્રિન્ટર્સ પર મોકલી આપવામાં આવેલ હતી.

★ **રવિવાર, તા. ૨૮-૪-૨૦૧૯**

- કચ્છમિત્રની અમદાવાદ આવૃત્તિના અનુસંધાને કચ્છમિત્ર ગ્રૂપ તરફથી ગાંધીનગર સરકિટ હાઉસ ખાતે એક મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા તથા તેમના ગ્રૂપના અન્ય સભ્યો તેમજ ગાંધીનગરના કચ્છી સમાજના વિવિધ આગેવાનો શ્રી માવજીભાઈ રંગાણી, શ્રી જીલુભા જાડેજા, શ્રી નીલેન્દુ વોરા, શ્રીમતી વર્ષાબેન મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. લગભગ ૮૦-૯૦ની સંખ્યાના કચ્છી મહાનુભાવો પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી કરશનભાઈ પટેલે પણ આ કાર્યક્રમમાં પોતાની હાજરી પુરાવી કચ્છમિત્રના આ પ્રયાસને બિરદાવેલ હતો.

★ **સોમવાર, તા. ૨૯-૪-૨૦૧૯**

- આજરોજ કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર આવેલ હતા ત્યારે તેમને અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના નામ - સરનામા સહિતની વિવિધ ડિરેક્ટરીઓ આપવામાં આવેલ હતી. કચ્છમિત્ર ગ્રૂપ અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી પરિવારોનો પત્ર દ્વારા સંપર્ક સાધી તેમને ત્યાં કચ્છમિત્ર દરરોજ મંગાવાય તેવા પ્રયાસ આદરશે.

★ **ગુરુવાર, તા. ૨-૫-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી માટે વિવિધ મહાનુભાવોને રીમાઈન્ડર આપવામાં આવ્યા અને કેટલાક મહાનુભાવોને પત્ર મોકલવાનું પણ શરૂ કરવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૬-૫-૨૦૧૯**

- શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણ આજરોજ સમાજ પર આવેલ હતા અને તેમણે પોતાની સમિતિના સરસ્વતી સન્માન કાર્યક્રમની ફાઈનલ વિગત તૈયાર કરી કચ્છશ્રુતિના મે-૨૦૧૯ના અંક માટે આ વિગતો આપેલ હતી. ■

## 'કચ્છશ્રુતિ' માધ્યમ બની શકે

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ઉપરાંત અમદાવાદમાં વિવિધ સમાજોના ૩૧થી પણ વધુ ઘટક સમાજો કાર્યરત છે કે જેઓ દર વર્ષે પોતાના સમાજ પૂરતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી, પોતાના સમાજ પરિવારોને એક તાંતણે બાંધી રાખે છે.

આ દરેક ઘટક સમાજ પોતાના માસિક મુખપત્ર ચલાવતા ન હોવાથી તેઓને તેમના સમાજના પરિવારો માટે દર મહિને સમાચાર મોકલવા થોડી વિટંબણા રહે છે અથવા થોડી મુશ્કેલી વેઠીને પોસ્ટ દ્વારા જરૂરી સમાચારો મોકલી આપે છે.

આ પ્રકારના દરેક સમાજ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ને પોતાનું માધ્યમ બનાવી શકે અને "કચ્છશ્રુતિ" દ્વારા દર મહિને પોતાના સમાજના પરિવારોને જરૂરી સમાચાર મોકલી શકે.

તે માટે "કચ્છશ્રુતિ"ની મેનેજમેન્ટ સાથે નક્કી કરીને એક, બે કે ચાર પાના પોતાના સમાજ માટે રિઝર્વ રાખી શકે છે અને તે દ્વારા તેઓ પોતાના પરિવારને પોતાના ઘટક સમાજના સમાચારોથી વાકેફ રાખી શકે.

જે ઘટક સમાજો "કચ્છશ્રુતિ"ના માધ્યમનો ઉપયોગ કરવા માંગતા હોય તેઓ "કચ્છશ્રુતિ"ના મુખ્ય તંત્રીનો ફોન દ્વારા સંપર્ક સાધીને જરૂરી વિગતો મેળવી શકે છે. આ આયોજનનો લાભ લેવા માટે દરેક ઘટક સમાજના હોદ્દેદારોને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**

**મુખ્યતંત્રી, "કચ્છશ્રુતિ", શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**મોબાઈલ : ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૮૭૯૦ ૬૩૧૦૦**

*તમામ પ્રકારના મતભેદોને ઓગાળી નાખતી ભાષા એટલે હૃદયની ભાષા.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન : ૨૦૧૮-૧૯

છાત્રની તસવીર

**Name of the Student :** **Father / Husband's Name** **Surname**
છાત્રનું પૂરું નામ : ________ પિતા / પતિનું નામ : ________ અટક : ________

**Address /** સરનામું : ________

**Mobile / Contact No. /** મોબાઈલ / સંપર્ક નંબર : ________

**E-mail /** ઈ-મેઈલ : ________

**Gnati & Samaj's Name**
જ્ઞાતિ અને સમાજનું નામ : ________

**Date of Birth :** જન્મ તારીખ : ________ **Age /** ઉંમર : ________

**Last Academic Degree :**
છેલ્લા અભ્યાસક્રમની / ડિગ્રીની વિગત : (૧) ધોરણ ૧ થી ૯ અથવા ધોરણ-૧૧ ________
(૨) ધોરણ ૧૦ અને ૧૨ ________
(૩) ડિગ્રીની વિગત ________
(૪) ડિપ્લોમાની વિગત ________

**Name of University / College / School**
યુનિવર્સિટી / કૉલેજ / શાળાનું નામ : ________

**Result :** **Year of Passing**
પરિણામ ________ ઉત્તીર્ણ થયાનું વર્ષ : ________

**Total Marks :** **Obtained Marks** **Percentage / Grade**
કુલ માર્કસ : ________ મેળવેલા માર્કસ : ________ ટકાવારી / ગ્રેડ : ________

**Details of other Professional Courses or any special achievement, if done.**
અન્ય કોઈ પ્રોફેશનલ કોર્સ કર્યો હોય અથવા કોઈ ક્ષેત્રમાં ખાસ ઍવોર્ડ / સન્માન / મેડલ પ્રાપ્ત કર્યા હોય તો તેની વિગત

________

- ઉપરોક્ત લાભ લેવા અર્થે પરિવારના કોઈ સભ્ય સમાજના નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.
- આપના પરિવારમાંથી નોંધાયેલ સભ્યનું પૂરું નામ કચ્છમાં ગામ નોંધણીનું વર્ષ વગેરે વિગત આપવી.

  સભ્યનું પૂરું નામ : ________ કચ્છમાં ગામ : ________ નોંધણીનું વર્ષ : ________
- સમાજ દ્વારા પ્રકાશિત થતા માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના આપ સભ્ય છો? હા / ના.

***Applicant's Sign.*** **/** વિદ્યાર્થીની સહી ***Parent/Guardian's Sign.*** **/** પેરેન્ટ ગાર્ડિયનની સહી

૧. એક ઘરમાં એકથી વધુ વિદ્યાર્થી હોય તો સૌપ્રથમ ફોર્મની ઝેરોક્ષ કરાવવી અને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના અલગ અલગ ફોર્મ ભરવા.

૨. ફોર્મમાં જણાવેલ વિગત સંપૂર્ણ અને સારી રીતે લખવી.

૩. યોગ્ય કિસ્સામાં માર્કશીટ / રીઝલ્ટની ફોટો નકલ, ફોર્મ સાથે અવશ્ય મોકલાવવી.

૪. ફોર્મની વિગત બરાબર તપાસીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામા સાથે સમાજના કાર્યાલય પર મોકલાવી આપશો.

૫. શૈક્ષણિક ક્ષેત્રે કોઈ ઉચ્ચત્તમ સ્થાન મેળવીને મેડલ / ઍવોર્ડ મેળવેલ હોય તો તેની વિગત અલગ પત્રમાં જણાવવી.

૬. શિક્ષણ સિવાય અન્ય કોઈ ક્ષેત્રમાં કોઈપણ સ્થળે માન, સન્માન, ઍવોર્ડ, મેડલ વગેરે મેળવેલા હોય તો તેની વિગત પણ અલગથી જણાવવી.

૭. સંપૂર્ણ વિગત અને જરૂરી બિડાણ સાથે ફોર્મ સમાજના કાર્યાલય પર **તા. ૧૫-૦૬-૨૦૧૯ સુધી** મોકલાવી આપવું.

૮. આપના પરિવારમાંથી કોઈપણ એક સદસ્ય આ સમાજમાં નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.


VINAYAK500®
ટી.એમ.ટી. સળીયા
...કરીએ
વિશ્વાસનું નિર્માણ
IS : 1786
AN ISO 9001-2008 COMPANY
VINAYAK TMT BARS PVT. LTD.
Available Grades Fe 500 / Fe 500 D
8 mm - 32 mm available
on demand Quality, Supply and Service
S.K. Mishra (AGM Mkt.) +91 99099 43194
Jayesh Bhalerav (Mkt. Manager) +91 99099 30148
E-mail : sales@vinayaktmtbars.com / www.vinayaktmtbars.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | Green OT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS

**BRASS** CAGES




**STEEL** CAGES



DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE** CAGES



DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS



AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA ENGINEERS

www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
**બેંકની વિવિધ સગવડો**
- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency | Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777



**DEEP Industries Limited**
Oil & Gas Exploration Production & Services
- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RII
**RUDANI INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rud utchisamajahmedabad.org.
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE




RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**Patel Tours & Travels**®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

**જાહેરાત આવકાર્ય**

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)